પરમપદનું સાધન

અથવા

મુક્તિની સરળ યુક્તિ.

સર્વે મુમુક્ષુના હિતાર્થે યોજનાર

રામભાઇ રણછોડભાઈ પટેલ.

હેડમાસ્તર મેઇનસ્કુલ ધોલેરા.

પ્રકટ કરનાર

રામભાઇ રણછોડભાઈ પટેલ.

હેડમાસ્તર મેઇનસ્કુલ ધોલેરા.

સંવત ૧૯૭૦. ઈ. સ. ૧૯૧૪.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમા શા. સોમાલાલ મગળદાસે છાપ્યું

પાંચકુવા—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦-૮-૦. પોસ્ટેજ ૦-૧-૦.

પરમપદનું સાધન

અથવા

મુક્તિની સરળ યુક્તિ.

સર્વે મુમુક્ષુના હિતાર્થે યોજી પ્રકટ કરનાર

રામભાઇ રણછોડભાઈ પટેલ.

હેડમાસ્તર મેઈનસ્કુલ ધોલેરા.

સંવત ૧૯૭૦. ઈ. સ. ૧૯૧૪.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

શ્રી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મગળદાસે છાપી.

મૂલ્ય રૂ. ૦-૮-૦. પોસ્ટેજ ૦-૧-૦.

इतस्ततो दूरतरं विहृत्य प्रविश्य गेहं दिवसावसाने ॥
विवेकी लोकाश्रय साधुकर्म रिक्तेऽहिरात्रौ क उपैति निद्राम् ॥१॥
विद्रावते शत्रुजने समस्ते समागतायाम भितश्च लक्ष्म्याम् ॥
सेव्यंत एतानि सुखानि यावत्तावत्समायाति कुतोऽपि मृत्यु ॥२॥

श्रीयोगवासिष्ठ वैराग्य प्रकरण १९-२०.

अर्पण पत्रिका.

જેમને સ્વરૂપનું અપરોક્ષ જ્ઞાન છે, જે સર્વદા સ્વરૂપા
નુસંધાનમા મગ્ન રહે છે, જે ગૃહસ્થ હોવા છતાં સદા
વિરક્ત છે, જેમની આશા તૃષ્ણા અને રાગદ્વેષ નિઃશેષ
નાશ પામ્યાં છે, સમગ્ર જડ ચૈતન્ય તરફ જે નિર
તિશય વિશુદ્ધ પ્રેમદૃષ્ટિથી જુએ છે, સંસારરૂપી
અંગારાથી તપેલાં મનુષ્યો જેમના આશ્રયથી
અખંડ શાન્તિને મેળવે છે અને જે ખરા
જીજ્ઞાસુને જોઇને અતિ પ્રસન્ન થાય છે એવા
જીવન્મુક્ત શ્રીમાન્ દંપતી તરફથી
મળેલી વિભૂતિ આ લઘુ ગ્રંથરૂપે
ગુથી તેમનેજ અર્પણ કરૂં છું.

कर्त्ता.

વિષયોનો અનુક્રમ.

श्री सद्गुरुस्तवन.

(શિખરિણી)

અખંડાનંદીરે જીવન જગના આપ ગુરુ છો,
સદાએ શિષ્યોનું શરણુ સુખદા નાથ ગુરુ છો;
પિતા માતા બન્ધુ ગુરુવર સખા સ્નેહિ સઘળા,
અહો દેવા દાના અગણિત ગુણો છે તમ તણા. ૧

ઉંડા અંધારામા રવિસમ સદા આપ ગુરુ છો,
અસારે સંસારે પરમ સુખના સાર ગુરુ છો;
મહાસિંધુ મધ્યે ડુબત જનના નાવિક ખરે,
પ્રભો આ બ્રહ્માંડે જળથળ બધે વ્યાપક હરે. ૨

કૃપા તારી મોટી ગિરિપર ચઢે પંગુ નબળા,
દયા એવી દીઠી વિકટ ભવસિંધુ તરી ગયા;
દઈ અંધા દેખે બધિર સુણતા શબ્દ મનના,
કંઇ મુંગા બોલે અકળ કળ તારી ગુરુવરા. ૩

જઉં ગંગા કાશી સકલ સરિતા સેવન કરૂં,
ત્રણે લોકે જોતાં તુજસમ નહિ પાવન ગુરુ;
ગુરુ બ્રહ્મા વિષ્ણુ શિવ સુખદ છો સર્વ જનના,
ગુરુ ગંગા સેતુ *તીરથ સરવે છો ગુરુવરા. ૪

તજી સેવા તારી તીરથ કરવા કેંઇ ફરતા,
કરી દાનો દેતા જગ તપ વ્રતો કોઇ કરતા.
ગયા શાન્તિદાતા ×સમરથ ગુરુદેવ તજતા,
ન પામે તે શાન્તિ ભ્રમણ ભવ મધ્યે રખડતા. ૫

તિમિરે સંસારે દીપક દિસતો નાથ ગુરુનો,
રૂડા તેજે તેના અગમ પથ ચાલે સુરીજનો;
કંઇ મધ્યે મા'લે અગમ રસ પીતા ફરી ફરી,
કંઇ છેલ્લે જાતા જય જય તણી વાણી ઉચરી. ૬

બધાં શાસ્ત્રો કેરૂ પરમગુરુ એ તત્ત્વ સૂચવે,

---

* તિર્થ. × સમર્થ.

અધિકારી પુરા શરણુગત એ શબ્દ સમજે;
મહા માયા કેરા દુખદ મહુ એ તાપ બુઝવે,
પડેલા ઘા મોટા અમર જળથી આપ રૂઝવે. ૭

નિરાકારે બુદ્ધિ જન તણી કઇ ચાલતી નથી,
તમે અંતર્યામી પ્રકટ પ્રભુ થાતા ફરી ફરી;
ચિદાનંદી દીસે ગુરુ સ્વરૂપ મધ્યે અવનિમાં,
અહો સાચા સ્વામી ! પ્રકટ પ્રભુ પોતે જગતમાં. ૮

કરૂ સેવા કેવી પૂજન ગુરનુ કેમ કરવુ,
મળુ કેવી રીતે નમન ગુરુને કેમ ભરવુ;
ન જાણે તે કોઈ સુરગણ મુનિ ને સુરપતિ,
કૃપાસિંધુ સ્વામી +વરણન કરે શુ મુઢમતિ. ૯

અહો પ્રેમી પથી ! પ્રણમી કરીએ નમ્ર વિનતિ,
દયાળુ ઓ દેવા વિમળ સુખ આપો જગપતિ.
સદાએ શાન્તિના શીતળ કિરણો નાથ પ્રસરો,
જુઠી આ ભ્રાન્તિનાં દુખદ *સપના સર્વ વિસરો. ૧૦

તજી બાજી જુઠી અચળ સુખમા નાથ રહીએ,
વિકારોને છોડી સ્વરૂપ ગુણ આનદ લઇએ
મૂકી મારૂ તારૂ શિખર શમતાનેજ જઇએ,
સદાએ સ્વાનદે સહજ સુખીઆ રામ થઇએ. ૧૧

કર્તા.

संसारवृक्षमारूढा पतन्ति नरकार्णवे ।
यस्तानुद्धरते सर्वान् तस्मै श्रीगुरवेनम ॥

શબ્દાર્થઃ—સસારરૂપી ઝાડ ઉપર ચડેલા [લોકો] નરકરૂપી સમુદ્રમાં પડે છે. તે સઘળાઓને જે બહાર કાઢે છે [એવા] તે શ્રીસદ્ગુરુને નમસ્કાર.

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु र्गुरुर्देवो महेश्वरः ।
गुरुरेकं परंब्रह्म तस्मै श्रीगुरवे नम ॥

+ વર્ણન. * સ્વપ્ના.

શ૦—ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ શંકરરૂપ દેવ છે, ગુરુ એક પરબ્રહ્મ છે. એવા શ્રીસદ્‌ગુરુને નમસ્કાર.

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जन शलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

શ૦—અજ્ઞાનરૂપી અંધારાથી અંધ [શિષ્ય]ની આંખ જ્ઞાનરૂપ આંજણની સળીથી જેણે ઉઘાડી એવા શ્રીસદ્‌ગુરુને નમસ્કાર.

अखण्ड मंडलाकारं व्याप्तं येन चराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नम ॥

શ૦—જે ગુરુવડે સમગ્ર બ્રહ્માંડના આકારરૂપ સ્થાવર જંગમ [જગત્] વ્યાપ્ત છે [અને] [જેણે तत्त्वमसि એ વેદના મહાવાક્ય-માંથી] તત્ એવું પદ [બ્રહ્મ] બતાવેલું છે, એવા શ્રીસદ્‌ગુરુને નમસ્કાર.

त्वं पिता त्वं च मे माता त्वं बन्धुस्त्वं च देवता ।
संसारप्रीतिभंगाय तस्मै श्रीगुरवे नमः ॥

શ૦—તમે પિતા છો, અને તમે મારી માતા છો; તમે બંધુ છો, અને તમે દેવતા છો· [એવા અને] સંસારમાંથી પ્રીતિ છોડાવનાર એવા જે શ્રીસદ્‌ગુરુ તેમને પ્રણામ.

શ્રી શંકરાચાર્ય.

પ્રસ્તાવના.

આપણી ભારતભૂમિ પરમપદને પામેલા જીવન્મુક્ત મહાત્માઓની ઉત્પત્તિ માટે અસલથી ઘણી પ્રસિદ્ધ છે. રામ, કૃષ્ણ, વસિષ્ઠ, યાજ્ઞવલ્ક્ય, શંકરાચાર્ય, બુદ્ધ અને કબીર વગેરે જીવન્મુક્ત મહાત્માઓએ આ ભૂમિપર પોતાનાં લીલા તનુ ધારણ કર્યા હતાં ઉક્ત મહાત્માઓએ તથા તે વિના પરમપદને પામેલા અન્ય સદ્દપુરષોએ આત્મજ્ઞાનરૂપી કૃપાપ્રસાદી પુસ્તકોદ્વારા આપીને જીજ્ઞાસુમંડળ ઉપર ઘણો ઉપકાર કર્યો છે. પ્રાચીન સમયથી ચાલતા આવેલા ઉપનિષદ્ નામના તત્ત્વજ્ઞાનના ગ્રંથો હાલ હયાત છે. મધ્યકાળમા તત્ત્વજ્ઞાનના ગ્રંથો કાવ્યમાં લખાયેલા નજરે પડે છે. તે કાવ્યો લખનારમાં નરસિંહ મહેતો, અખો, પ્રીતમ, ધીરો અને ગોપાળ વગેરે ઘણા ભક્ત કવિઓ ગુજરાતની ભૂમિમાં થઇ ગયા છે. છેક અર્વાચીન સમયમાં તત્વજ્ઞાનના ગ્રંથ લખનાર બ્રહ્મનિષ્ઠ મણિલાલ નભુભાઇ, શ્રીમન નૃસિંહાચાર્ય તથા પૂજ્યપાદ શ્રીમન્ નાથશર્મા છે. આ વિના બંગાળાની પવિત્ર અને વિશાળ ભૂમિમા થયેલા ઘણા મહાત્માઓએ તત્વજ્ઞાનના ગ્રંથો બંગાળી ભાષામા લખેલા છે. જેમાના કેટલાકનુ ભાષાંતર હાલ ગુજરાતી ભાષામા થયુ છે. ઉત્તર હિંદમાં કબીર નામે સમર્થ તત્વવેત્તા થઇ ગયા છે. તેમણે હિંદી ભાષામા તત્વજ્ઞાનના જેટલા કાવ્યો લખ્યા છે તેટલાં કોઇએ લખેલા જણાતા નથી. તે તત્વજ્ઞાનને તેમણે એવી યુક્તિ પ્રયુક્તિથી વિધવિધ પ્રકારે ગુંથીને મકયુ છે કે જેમા મોટા મોટા વિદ્વાનો પણ આશ્ચર્યથી સ્તબ્ધ બની જાય છે.

મહાત્માઓ તરફથી બહાર પડેલાં આત્મજ્ઞાનન પુસ્તકો વાંચતા સત્યજીજ્ઞાસુને ઘણો આનંદ થાય એ સ્વાભાવિક છે પણ તે મહાત્માઓનાં સ્થુલ હાલ અદૃશ્ય થયેલા હોવાથી મુમુક્ષુજનો તેનો વાચવા અગર ગાવા સિવાય સાધનમા ઉપયોગ કરી શકતા નથી. કારણ કે આ વિષય ઘણો ગહન તથા સૂક્ષ્મ હોવાથી શ્રી સદ્દગુરુના અભાવે ઘણા જીજ્ઞાસુઓની બુદ્ધિ થોડે સુધી જઇને અટકી જાય છે વળી આત્મજ્ઞાન મેળવવાની કેટલીક પ્રક્રિયાઓ એટલી કઠિન તથા નીરસ હોય છે કે ગૃહસ્થાશ્રમમાં રહેલા માણસો ભાગ્યેજ તેમાં પાર પડી શકે છે. આ લઘુ ગ્રંથમા જેને વિષે સક્ષેપમા ઇસારો કર્યો છે તે

રાજયોગ કે સહજયોગનું વર્ણન કબીર વગેરે મહાત્માઓએ ઘણે સ્થળે કરેલું છે. પણ તેની ક્રમવાર ગોઠવણ નહિ હોવાથી તથા મુખ્ય.વે તે મહાત્મા હાલ વિદ્યમાન નહિ હોવાથી તેવા કોઇ સમર્થ સદ્ગુરુનો આશ્રય આવશ્યક છે.

એ તો દેખીતુંજ છે કે વ્યાવહારિક વિદ્યા પણ યોગ્ય ગુરુવિના સાંગોપાંગ મેળવી શકાતી નથી, ત્યારે બ્રહ્મવિદ્યા કે જે ઘણી સૂક્ષ્મ તથા અતિ અગત્યની છે તે મેળવવા માટે તો કોઇ સમર્થ સદ્ગુરુનું શરણ ગ્રહણ કરવુંજ જોઇએ. તે સદ્ગુરુ કેવા હોવા જોઇએ તે સંબંધમાં આ લઘુ ગ્રંથમાં વિસ્તારથી લખવામા આવ્યું છે જેથી અત્રે તેનું વર્ણન કરવુ યોગ્ય ધાર્યું નથી.

સસારનો ત્યાગ કરીને એકાંત સેવનાર વિરક્ત પુરૂષોજ આત્મસાક્ષાત્કાર કરી શકે એ રૂઢ માન્યતા સપૂર્ણ સત્ય નથી. પૂર્ણ સાવચેતી તથા ધૈર્ય રાખ્યા વિના વિરક્ત કે ગૃહસ્થ એ બેમાંના કોઇથી આત્મસાક્ષાત્કાર થઇ શકતો નથી. પરંતુ એટલુ તો ખરૂંજ કે વિરક્ત કરતા ગૃહસ્થ સાધકને આત્માનુસધાનના માર્ગ ઉપરથી પાછા પડવાના સંભવ ઘણીવાર આવે છે, અને ગૃહસ્થને સસાર-વ્યવહારના અનેક કામો કરવાના હોવાથી તેનો માર્ગ પણ ઘણો લાંબો થાય છે, આથી કરીને ઘણાખરા ગૃહસ્થ સાધકો કંટાળીને પ્રયત્ન કરવો છોડી દે છે જેથી આપણને સ્વાભાવિક ઇચ્છા થય છે કે વિરકત કરતાં ગૃહસ્થ સાધકનો માર્ગ ઘણો ટુંકો તથા તે સાધી શકે એવો સરળ જોઇએ. તેમજ ગૃહસ્થદશામા રહીને જેમણે પરમપદ મેળવ્યુ હોય એવા સદ્ગુરુ જોઇએ

આત્મકલ્યાણ યા સ્વરૂપ સાક્ષાત્કાર વિદ્વાનજ કરી શકે એવો કઇ નિયમ નથી. પણ હરકોઇ મનોજય કરનાર બુદ્ધિમાન અધિકારી કરી શકે તેમ છે, તથા તે અલ્પ સમયમા ત્રિવિધ તાપથી મુક્ત થઇ જનક વિદેહીની માફક જીવન્મુક્ત બની સસારમા વિચરી શકે તેમ છે. એટલુંજ નહિ પણ જેના મન ઉપર ઘણી જાતના વ્યવહારિક સંસ્કાર પડયા હોય તેવા વિદ્વાન મનુષ્ય કરતાં સાધારણ મનુષ્ય કે જેનું મન કોરા કાગળ જેવુ હોય છે તેના ઉપર વહેલી અસર થઇ તે વહેલી સાધનસિદ્ધિ કરી પરમપદે સ્થિત થઇ શકે છે.

*"અધ્યાત્મ ગ્રંથના વિષયો બહુ શુષ્ક હોય છે. તેમા પ્રેમ કે

---

* શ્રી ૫ ત્મ ક ્પદ્રુમ.

વીરરસની વાત આવતી નથી. મનોવિકારને તૃપ્ત કરે એવી મશાલા-વાળી કથાઓ આવતી નથી, મશ્કરી કરી આનંદ ઉપજાવે એવા વિદુષકો તેમા આવતા નથી, ગાયન કરી તૃપ્ત કરે એવી સુંદરીઓ તેમાં દેખાવ આપતી નથી. ભયંકર લડાઇ કરી વીરરસનો નમુનો બતાવે એવા ક્ષત્રિયો તેમા આવતા નથી. પણ તેમા તો કોઈ પર દ્વેશ ન કરનાર શાંત રસની સ્થાપના અને તેની પ્રતિષ્ઠા કરવામા આવી હોય છે. એ વિષયને અનેક આકારમા મુકવામા આવ્યો હોય છે. એના પ્રસંગને લઇને એને પ્રાપ્ત કરવાના ઉપાયો, સાધનો, રસ્તાઓ અને કુંચીઓ બતાવવામાં આવી હોય છે. એ રસની વિરૂદ્ધના રસોનુ વર્ણન કરવામાં આવેલુ હોતુ નથી પણ એ વિરૂદ્ધ રસોનો આ રસ સાથે શો સંબંધ છે તે બતાવવામા આવ્યું હોય છે. આવા કારણોને લીધે દુનીઆના રસિયા જીવોને શાંત રસનું પાન બહુ પસંદ ન આવે એ ખરૂ છે; પણ એ કડવુ ઔષધ છે, અને ભવવ્યાધિનો નાશ કરવા માટે ખાસ જરૂરનું છે એમ તે । નિદાન કરનારાઓ કહે છે અને કહી ગયા છે. આ પ્રમાણે શુષ્ક અને કડુ લાગતું ઔષધ આપવાની જરૂરિઆત જ્યારે અનુભવી જ્ઞાનીઓ કહી ગયા છે ત્યાન તેનુ વિચાર કરી અનુકરણ કરવુ એ ખાસ કર્તવ્ય માનવામા આવ્યુ છે."

આ લઘુ ગ્રથના નામ પ્રમાણે મુક્તિની સરળ યુક્તિ માટે જે જે અત્યુત્તમ વસ્તુઓની તૃષાતુર તત્વશોધક સ્ત્રી પુરૂષોમા ખરેખરી જરૂર છે તે સ્વયંપ્રકાશરૂપ અમૂલ્ય વસ્તુઓનુ વર્ણન લેખકે સક્ષેપમાં વર્ણવ્યું છે. પોતાનું સત્યસ્વરૂપ જાણવાને જેમને તીવ્ર લગની લાગી છે એવા મુમુક્ષુને સત્શાસ્ત્રો વર્ણવે છે તેવા સદ્ગુરુની અનિવાર્ય અગત્ય છે. જે માટે સત્શાસ્ત્રોમા કહ્યુ છે કે **तद्विज्ञानार्थं सगुरुमेवा भिगच्छेत्। समित्पाणि श्रोत्रिय ब्रह्मनिष्ठम्.** માટે તેવા પરમપાવન દંપતીનુ ટુક ચરિત્ર શરૂઆતમા મુકયુ છે, જેમનાં લીલાતનુ હાલ વિદ્યમાન છે.

આ ભવરોગની ભ્રાંતિ મટાડવા આત્મજ્ઞાન યા પોતાના સત્ય-સ્વરૂપનુ જ્ઞાન વિજ્ઞાન એ એકજ રામબાણ ઔષધ છે. કહ્યુ છે કે **ज्ञानेन मुक्तिः नतुमुंडनेन** છતા અસ્થિર વિષયાનંદથી ઠગાતા અને આત્મ કલ્યાણ માટે સાચો પુરૂષાર્થ નહિ કરતા જનવર્ગને તથા મુમુક્ષુ સાધકોને આત્મજ્ઞાન કેટલુ બધુ ઉપયોગી છે તે બીજા ખંડનું મનન કરવાથી સમજાય તેમ છે

આ ભવવ્યાધિનુ અમૂલ્ય ઔષધ—સ્વરૂપનુ જ્ઞાનવિજ્ઞાન અંત: કરણની શુદ્ધિ વગર સરળતાથી લાગુ ન પડે, અને અંત.કરણની શુદ્ધિ નિષ્કામ કર્મ કરવાથી થાય છે, માટે કર્મ ઉપાસના ત્રીજા ખંડમાં દાખલ કરી તેનો વાસ્તવિક ઉદ્દેશ સમજાવવા કંઇક પ્રયત્ન કીધો છે. હેતુ સમજ્યા વિના જીંદગીભર ખરડા ઘુટયા કરવાથી શાંતિ અનુભવાતી નથી તે માટે પરમજ્ઞાની અખાભકતે કહ્યુ છે કે.—

તીરથ કરતા ત્રેપન વહ્યા, જપમાળાના નાકાં ગયાં;
કથા સુણી સુણી ફૂટયા કાન, અખા તોય નાવ્યુ બ્રહ્મજ્ઞાન.

આ પ્રમાણે ખરડા ઘુટયા કરનાર પર જબરા પ્રહાર કીધા છે. હેતુ સમજ્યા વગર અને તેથી દિશાના ભાન વગર હાંકવાથી આ મનુષ્યરૂપી નાવિકની મુસાફરી શન્તિપ્રદ ન બનતા ડુબવારૂપ ફળશૂન્ય નિવડે છે.

હરકોઇ મુમુક્ષુ સાધી શકે અને આત્મસાક્ષાત્કાર કરી શકે એવા સહજ યોગના ક્રમવાર સોપાનનુ વર્ણન પરમપાવન દંપતીની પ્રેરણાનુસાર ટુંકામા કીધુ છે. તે પછી સાધકોને ખાસ આચરવાના ‘ બ્રહ્મચર્ય ’ અને ‘ પાતિવ્રત્ય ’ એ બે વિષયો કે જેના સર્વ શાસ્ત્રો અને મહાપુરૂષો ઉચ્ચ સ્વરે યશોગાન કરે છે તે દાખલ કીધા છે. એ વિષયો મુમુક્ષુ સ્ત્રીપુરૂષોને સાધનસિદ્ધિમા ઉજ્વલ ફળપ્રાપ્તિ કરાવનાર હોવાથી ખાસ મનન કરવા અને દૃઢપણે આચરવા દયાળુ સદ્‌ગુરુ ભગવાન આગ્રહપૂર્વક ભલામણ કરે છે. માટે મુક્તિની યુક્તિનું ખાસ અંગ સમજી તેમને વર્ણવ્યા છે. એ વિષયો એકલા મુમુક્ષુઓનેજ કામના છે એમ નથી. પણ સંસારમા સ્વર્ગ અનુભવવા ઇચ્છનાર દરેક ગૃહસ્થાશ્રમી સ્ત્રી પુરૂષોને અતિ અગત્યના છે. પ્રાચીન ભારતની ઉત્કૃષ્ટ સ્થિતિ એ વ્રતોને લીધેજ અનુપમ હતી, અને તેથીજ દેવતાઓએ વારંવાર અવતાર લીધા હતા. આશા છે કે આ અનુપમ વ્રતોની મહત્તાના ચિરસ્થાઈ સંસ્કાર સુજ્ઞ વાચકવૃંદ પોતાના યુવાન પુત્ર પુત્રીઓને આપી લેખકના શ્રમને સફળ કરશે

આત્મકલ્યાણ માટે ખરો રસ્તો ન જડવાથી અફસોસ સાથે નિરાશાના ઉદ્‌ગાર મૂકતા તત્વશોધક ઉત્તમ મુમુક્ષુઓ માટે સાચા ગુરૂને ઓળખી શરણાગત થવા ‘ સદ્‌ગુરુના લક્ષણ ’ એ વિષય સન્સંતના પ્રમાણે સંક્ષેપમા વર્ણવી શકો છુ

છેવટના નવમા વિભાગમાં સહજયોગના સાધનદ્વારા જીવન્મુક્ત સ્થિતિને પામેલા પરમપાવન યુગલના વામ અંગરૂપ શ્રીમતી દેવી શ્રી નર્મદાબાઇના બનાવેલાં પદો દાખલ કીધા છે. આ જાતિ તત્ત્વજ્ઞાનના સ્વાનુભવના પગો રચે એવું આ અપૂર્વ દ્રષ્ટાંત છે.

આ પ્રસ્તાવના ઉપરથી તત્વજ્ઞાનના ગ્રંથ માટે ઘટે તેવા આ લઘુ ગ્રંથના ચારે અનુબંધ (અધિકારી, સંબંધ, વિષય અને પ્રયોજન) સાક્ષર વર્ગને ખુલ્લા લક્ષમાં આવે એવા છે જેથી તે સિદ્ધ કરી બતાવવાની પ્રવૃત્તિ કીધી નથી.

તત્વજ્ઞાનના વિષયની ઝાખી કરાવતો આ લઘુગ્રંથ યોજી પ્રકાશમાં મૂકતાં મુમુક્ષુ સજ્જનો પ્રતિ મારે જણાવવું જોઇએ કે હું પૂર્ણપદને પ્રાપ્ત થયેલો નથી પણ સાધક છું, અને શ્રી સદ્ગુરુની પરમકૃપાથી સત્યસ્વરૂપને અનુભવવાની આશા રાખું છું પરમપદમાં સ્થિત તો કોઇ વિરલમાંના એક શ્રીમાન્ દંપતી છે, જેઓનું સંક્ષેપ ચરિત્ર ગ્રંથની શરૂઆતમાં મૂકેલું છે.

મારા ઘણા મુમુક્ષુ આત્મબંધુઓ લાભ લે એ આશયથી ગ્રંથની ભાષા સરળ કરવા બનતો યત્ન કીધો છે. તોપણ વિષયપરત્વે કવચિત્ કઠિનતા રહી ગઇ છે તેનો ખુલાસો શ્રીમાન્ દંપતી અગર કોઇ અનુભવીને પૂછવાથી થઇ શકશે. વળી તત્વજ્ઞાનનો વિષય ઘણો ગહન હોવાથી ભાષામા કંઇક કિલષ્ટ દોષ પણ રહેલો હોય તેને માટે સારગ્રાહી મુમુક્ષુમંડળ તથા વિદ્વજ્જનોને સપ્રેમ વિનતિ કરૂં છું કે આ લઘુગ્રથની ભાષામાં થયેલી ભૂલચૂક તરફ દુર્લક્ષ કરી માત્ર તત્ત્વનેજ ગ્રહણ કરશો, અને બીજી આવૃત્તિમા યોગ્ય સુધારો થવા ઉત્તમોત્તમ પરોપકારાર્થે સૂચના કરવા કૃપા કરશો એવી આશા રાખું છું.

મારા પરમકૃપાળુ પૂજ્યપાદ નિરૂપમ અલૌકિક આચાર્યશિરોમણી સદ્ગુરુ પરમાત્માશ્રી યોગીશ્વર શ્રીમન્નાથ ભગવાન સમક્ષ આ લઘુ ગ્રંથ ધરતાં તેઓશ્રીએ કૃપા કરીને કેટલીક અમૂલ્ય સૂચનાઓ કરી જેને માટે પૂજ્યપાદ સદ્ગુરુ પરમાત્માનો હું પાદપદ્મ સેવક આ સ્થળે સવિનય આભાર માનુંછું અને હમેશ કૃપા યાચુંછું. इति शिवम्.

ધોલેરા.
અક્ષય તૃતિયા,
સં. ૧૯૮૦.

કર્તા.

मङ्गलम्.

दिक्कालाद्य न वच्छिनानंतचिन्मात्र मूर्तये ।
स्वानुभूत्येक साराय नमः शांताय तेजसे ॥

દિશા અને કાળ આદિથી માપ રહિત, અનંત (છેડા વિનાના) ચૈતન્ય માત્ર મૂર્તિ તથા આત્માના અનુભવનાજ એક સારરૂપ શાંત તેજને હું નમસ્કાર કરું છુ. **भर्तृहरि.**

जपो जल्प शिल्पं सकलमपि मुद्राविरचना ।
गतिः प्रादक्षिण्यक्रमणमदनान्याहुति विधिः ॥
प्रणाम संवेशः सकलमदमात्मार्पण विधौ ।
सपर्यापर्यायस्तव भवतु यन्मे विलसितम् ॥

હું જે વાતચીત કરૂં છુ તે આપના નામનો જપ થાઓ હું જે સર્વ શિલ્પરચના કરૂ છુ તે આપની મુદ્રા થાઓ, હુ જે ચાલું છુ તે આપની પ્રદક્ષિણા ગણાઓ. હું જે ભોજન કરૂ છુ તે આપની આહુતિઓ થાઓ. હું જે એસું છુ તે આપને પ્રણામરૂપ થાઓ અને મારો જે કંઇ વિલાસ હોય તે આપની પૂજા થાઓ આમ આત્માર્પણમા હુ આ સર્વે અર્પણ કરૂ છુ **श्री शंकराचार्य.**

मूकं करोति वाचालं, पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ।

જેમની કૃપા મૂંગાને વાચાળ એટલે ઉત્તમ પ્રકારે બોલનાર કરે છે, ને લુલાને પર્વત ઓળગાવે છે, તે પરમઆનંદરૂપ ને માયાના પતિ પરમાત્માને હું નમુ છું. **श्री. भ. गी.**

चिन्ताशून्यमदैन्यभैक्षमशनं पानं सरिद्वारिषु ।
स्वातंत्र्येण निरंकुशा स्थितिरभीर्निद्रा स्मशाने वने ॥
वस्त्रं क्षालनशोषणादिरहितं दिक् चास्ति शय्यामही ।
संचारो निगमान्त वीथिषु विदां क्रीडा परे ब्रह्मणि ॥

જ્ઞાની પુરૂષો ચિંતા વિનાની ઉદારતાવાળી ભિક્ષાનું ભોજન કરે છે. નદીના પાણીનુ પાન કરે છે. સ્વતંત્રપણાથી નિરંકુશ થઇને નિર્ભય રીતે જીવન ગાળે છે. સ્મશાનમાં અથવા તો વનમા નિદ્રા કરે છે. જેને ધોવુ અગર સુકવવુ પડે નહિ તેવુ દિશાઓ રૂપી વસ્ત્ર પહેરે છે. પૃથવી ઉપર શયન કરે છે. ઉપાનષદ રૂપી શેરીઓમા ફર્યા કરે છે, અને પરબ્રહ્મ સાથે ક્રીડા કરે છે. **भर्तृहरि,**

શુદ્ધિ પત્રી.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ	શુદ્ધ
૬	૧૭	લઇઓ	લઇએ
૧૩	૧	मूर्तये	मूर्तये
,,	૮	सवेशः	सवेश.
૧૫	૧	वसन्तवल्लोक	वसन्तवल्लोक
૧૭	૨૬	સમજાવતા ઘણો આનદ દર્શાવતાં	સમજાવતા ત્યારે તેથી સતુષ્ટ થઈ શ્રીમતી નર્મદાબાઇ ઘણો આનંદ દર્શાવતા.
,,	૨૭	શ્રીમતી નર્મદાબાઇ સતુષ્ટ થઇ.	......
૨૧	૧૯	કરતાં તેમાંની	કરતા તથા તેમાનો
૨૩	૧૮	પ્રાત્પ	પ્રાપ્ત
૨૪	૧૧	મેં આ	....
,,	૨૮	તમા	તથા
૨૬	૧૪	समुत्तरं	समुत्तर
૫૧	૧૩	તારામતિ	તારામતી
૫૫	૧૫	ફ્રેશને	ફ્રેસને
૬૨	૧૮	બધન યુક્ત	બંધન મુક્ત
૭૩	૨૪	રહ્યોને	રહ્યો ને
૮૩	૫	તહિ	નહિ
૯૪	૨	तर्किं	तर्कि
,,	૧૧	કરેક	કર કે

૫૦૭૫



શ્રી યુત માધવજી મેઘજી શર્મા

અને તેના પત્ની

સૌ. નર્મદા બેન.

ધી યુનીફોર્મ પ્રેસ, કોટ, મુંબઈ.

ચારિત્ર.

शान्तो महान्तो निवसन्ति सन्तो वसन्तवल्लोकहितं चरन्तः।
तीर्णाः स्वयं भीमभवार्णवं जनानहेतुनान्यानपि तारयन्तः॥

શાંત, મહાન્ત, વસન્તપેરે લોકોનું હિત કરનારા, ભયંકર ભવ-સાગરમાંથી જાતે તરેલા અને કેવળ કરૂણાથી બીજાઓને પણ ભવ-સાગરમાંથી તારનારા સત્પુરૂષો જગતમાં વસે છે.

આપણા દેશમાં તથા પાશ્ચાત્ય પ્રજામાં જીવનચરિત્ર લખવાનો રિવાજ ઘણા સમયથી પ્રચલિત છે. મહાપુરૂષોનાં જીવનચરિત્ર લખવાથી તથા તેનો દૃઢ અભ્યાસ કરવાથી મનુષ્યના મન ઉપર જે ઉચ્ચ સંસ્કાર પડે છે તે મરણ પર્યંત ભુસાતા નથી. સત્ય, દયા, પ્રેમ, ધૈર્ય તથા પ્રાણી માત્રનું ભલું કરવાની ઇચ્છા વગેરે જે ગુણો ઉદારચિત્ત મહાત્માના હૃદયમાં સ્વભાવ સિદ્ધ હોય છે તે ગુણોની અસર વાચકના મનમાં ન્યુનાધિક અંશે થયા વિના રહેતી નથી. આથી કરીને મહાત્માઓના જીવનચરિત્ર એ મનુષ્યના જીવનને ઉચ્ચ કરવાનું અનુપમ સાધન છે એમ કહીએ તો એમાં કંઇ અયોગ્ય નથી.

આ લઘુગ્રંથના પ્રેરક મહાત્માના હૃદયના ભાવ તથા તેઓના નિવાસ અને સ્થિતિ સંબંધી જાણવાની વાચકને ઇચ્છા થાય એ સ્વભાવિક છે, અને તેથી તે પૂજ્યપાદ મહાત્માનું સંક્ષેપમાં ચારિત્ર અત્રે યથામતિ લખવામાં આવે છે

જેઓની પરોપકારી પ્રેરણાથી આ લઘુગ્રંથ પ્રકટ થયો તે મહાત્મા શ્રી માધવજી મેઘજી જોશી અને તેમના ધર્મપત્ની નર્મદાબાઇનો નિવાસ હાલ પાલીતાણા સ્ટેટના વાલુકડ ગામમાં છે પ્રાચીન સમયમાં ભરતખંડમાં જેમ અત્રિ અને અનસુયા, યાજ્ઞવલ્કય અને મૈત્રેયી, તથા વસિષ્ઠ અને અરૂંધતી વગેરે અનેક જીવન્મુક્ત ગૃહસ્થાશ્રમી ઋષિવરોના જોડા થઇ ગયા છે, તેવુંજ હાલના હડહડતા કલિકાળમાં આ પણ એક જીવન્મુક્ત ગૃહસ્થનું જોડું છે. શ્રીમન માધવજીનો જન્મ ભાવનગર સ્ટેટના ભડારિયા ગામમાં સંવત્ ૧૯૧૭ ના પોષ વદિ ૧ ને રોજ ઔદીચ્ય શીહોર સંપ્રદાય યજુર્વેદી દ્વિજકુળમાં થયો હતો. તેમના પિતા મેઘજી ભક્તરાજ કહેવાતા તથા તેમનું કુટુંબ પ્રથમથીજ ભક્તિરસનું ભોગી હોવાથી શ્રીમન માધવજીને બા

ળપણથી તેવા ઉચ્ચ સંસ્કાર પડયા હતા. તેઓ બાળપણમા ભડાકિયા ગામની ગુજરાતી નિશાળમા કેળવણી લઇ રાજકોટ ટ્રેનિગ કોલેજમા ગયા હતા. પણ વૈદક સર્ટિફિકેટ માટે નાપસંદ ઠર્યાથી દાખલ નહિ થતા પાલીતાણા સ્ટેટના માગુકા ગામની નિશાળના મહેતાજી તરીકે નીમાયા હતા એમણે પ્રથમ વલ્લભ સપ્રદાયની દીક્ષા લીધી હતી, અને પુખ્ત ઉમરમા આવતા કાઠિયાવાડના અનેક સંતમહાત્માઓનો સત્સંગ તેમની જીજ્ઞાસુ વૃતિથી થયો હતો. બાળપણ અને યુવાવસ્થામા માણુસના મન ઉપર જે સસ્કાર પડે છે તે એવા ચોકસ તથા ઉડા હોય છે કે મરણ પર્યંત તેની અસર ભુસાઇ જવા પામતી નથી. કારણકે નાની ઉમરમા મન તથા ઇંદ્રિયો એટલા પ્રબળ તથા જાગ્રત હોય છે કે પોતાને અનુકુળ અસર ગ્રહણ કરી અલ્પ સમયે તેને ટેવરૂપે બનાવી દે છે. એજ પ્રમાણે મહાત્માશ્રી માધવજીને જન્મથી માબાપ તરફથી જે ઉચ્ચ સંસ્કાર મળ્યા હતા તે વડે તેમની જીજ્ઞાસુ વૃતિ અધિક જાગ્રત થતી ગઇ, અને પૂર્ણ યુવાવસ્થા આવતા પહેલા તો તેમણે અનેક સત મહાત્માઓના સમાગમથી એ સસ્કારો અત્યત બળવાન કરી દીધા.

શ્રીમન્ માધવજીના ધર્મપત્ની નર્મદાબાઇનો જન્મ ગોધા તાલુકાના કમલેજ ગામમાં આબરૂદાર કુટુબમા થયો હતો તેમના પિતાનુ નામ જેઠાલાલ હતુ અને તે કમલેજ ગામમા કારભારી હતા. તેઓ ત્રણ દીકરીઓ તથા એક દીકરો એમ ચાર સતાન મૂકીને યુવાવસ્થામા પચત્વ પામ્યા હતા. જેથી તેમના ઇશ્વરપરાયણ અને બુદ્ધિમાન ધર્મ પત્નીએ તેમના ગરાસની ઉત્તમ પ્રકારે વ્યવસ્થા કરી તેમજ માબાપ તરફથી બાળકોને જે ઉચ્ચ સંસ્કાર મળવા જોઇએ તે આ બાળકોને રૂડી રીતે મળ્યા. પણ એકજ માબાપોના સતાનોમા સર્વની બુદ્ધિ તથા ગ્રહણ કરવાની શક્તિ સરખી હોતી નથી, તેથી બાળપણમાં શ્રીમતી નર્મદાબાઇએ ધર્મના જે ઉંચા સસ્કાર ગ્રહણ કર્યા તે સપૂર્ણ રીતે બીજા બાળક ગ્રહણ કરી શકયા નહિ. જન્મથીજ નર્મદાબાઇ શોધકબુદ્ધિવાળા હોવાથી ધર્મનુ રહસ્ય જાણુવાનો પ્રયત્ન બાર વરસની નાની ઉંમરે કરવા લાગ્યા હતા, તથા તેજ વયે વિવાહીત થઇ તેર વરસની ઉમરથી શ્રીમદ્ભગવદ્ ગીતાનુ અધ્યયન કરવા માડયુ હતુ. તેમજ તેમની ધર્મજીજ્ઞાસુ વૃતિવડે પોતાના પતિ મારફત અનેક

વાચવાયોગ્ય અનેક પુસ્તકો મેળવી તેનુ અધ્યયન કર્યું હતું. તેમના બ્રહ્મનિષ્ઠ પતિ તેમની આવી સદ્વૃત્તિ જોઇ ઘણા પ્રસન્ન થતા તથા તે બ્રહ્મજ્ઞાન મેળવવાને ઉચ્ચ અધિકારી બને એવા અનુકૂળ પ્રસંગો વારવાર મેળવી આપતા. પ્રથમ અવસ્થામાં ગીતાજીનુ કે બ્રહ્મજ્ઞાનના ભજનનુ રહસ્ય તેમના સમજવામા નહોતું. તે તેમના બ્રહ્મનિષ્ઠ પતિ વાર્તાવિનોદમાં પ્રશ્નોત્તર કરી સમજાવતા, અને પોતે જે અદ્વૈત બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તે સમજવા તરફ તેમનું વલણ થાય એવો પ્રયાસ કરતા, અને એ શુભ ભાવના બળે વિવેક વિરાગ આદિ સાધનચતુષ્ટયનો પરિપાક થતા શ્રીમતી નર્મદાબાઇને સ્વરૂપના સાક્ષાત્કાર માટેની લગની ઉભરાવા લાગી, જેથી તેમણે ખરૂં સાધન બતાવનાર ગુરુ મેળવવા પ્રયત્ન કરવા માડ્યો. પણ ઘણીખરી જગ્યાએ સાધુઓ વેશધારી પાખંડી માલુમ પડવાથી કંટાળી અફસોસ કરવા માંડ્યો, ત્યારે તેમના મહાત્મારૂપ પતિ શ્રીમન્ માધવજીએ બ્રહ્મજ્ઞાન માટેનાં અધિકારી થયાં જાણી અતિ હર્ષથી પોતાના સદ્ગુરુપ્રતિ દીક્ષા આપવા યાચના કરી, જીવન્મુક્તપણે વિચરતા અને દયાના સાગરરૂપ તે સદ્ગુરુશ્રી એથી ઘણા રાજી થયા પણ ગુપ્તપણે રહેવા આ સદ્ગુરુના મહાત્મને બાઇ જાણતા નહોતા, તેથી શ્રદ્ધા ઉત્પન્ન થવા માટે ગુરુશ્રીએ એક યુક્તિ કરી તે એ કે શ્રીમદ્ભગવદ્ગીતાનું રહસ્ય પોતે સમજે છે એમ શ્રીમતી નર્મદાબાઇ માનતાં હતા તેથી આ વ્યવહારમાં મનાતા નિર્ધન પણ જીવન્મુક્ત ગુરુએ નર્મદાબાઇ પાસે આવી ગીતાજીના પાઠ સમજાવવા માગણી કીધી, અને શ્રીમતી નર્મદાબાઇએ તેમને તે સમજાવવા ખુશીથી હા પાડી દરરોજ દિવસે છ થી દશ વાગતા સુધી આ કામ ચાલતુ. ગુપ્ત રહસ્ય સમજાવવા માટે યોગ્ય યોગ્ય સ્થળે શંકા બતાવી ગુરુશ્રી પ્રશ્ન કરતા પણ નર્મદાબાઇ જે ખુલાસો આપતાં તેનાથી ખરૂ રહસ્ય જુદું હતુ તેથી પછી ગુરુશ્રી પોતે ગુપ્ત રહસ્ય સ્ફુટ કરી સમજાવતા ઘણો આનંદ દર્શાવતા ગીતાનું બધુ પુસ્તક એ રીતે શ્રીમતી નર્મદાબાઇ સંતુષ્ટ થઇ શ્રીમતી નર્મદાબાઇ પાસે વંચાવી શ્રીસદ્ગુરુએ તેમા શંકા ઉઠાવી ગુપ્ત રહસ્ય સમજાવ્યુ, અને એમ પોતાના ઉપર નર્મદાબાઇની સંપૂર્ણ શ્રદ્ધા બેસાડી. શ્રીમતી નર્મદાબાઇની હવે ખાતરી થઇ કે ગુરુ શોધવા જવાની જરૂર નથી. ઘર આગળજ ગંગા વહે છે તો કાશીએ જવાની કાંઇ જરૂર નથી. પ્રસંગે પ્રસંગે ગુરુશ્રી કહેતા કે

ઇશ્વર આ ચર્મચક્ષુથીજ જોઇ શકાય છે. જેથી શ્રોત્રિય એવા શ્રીમતી નર્મદાબાઇની લગની બ્રહ્મનિષ્ટ થવા માટે ઉભરાવા લાગી. લગની પુરેપુરી દૃઢ થવા માટે ગુરુશ્રીએ થોડો કાળ વિલંબ કર્યો. પણ સમય થતાં સાધનની વસ્તુઓ એક પછી એક આપવા માંડી. લગની અને પ્રેમબળ પુરેપુરા જામેલા હોવાથી ટુક ટુક વખતમાં સાધનનાં પગથીઆ સિદ્ધ થએલાં જાહેર કરી આગળ નવીન નવીનની માગણી કરી ઘણી ઝડપથી આગળ વધ્યા. ગુરુશ્રીએ તેમને રાજયોગ કે સહજયોગને માર્ગે ચડાવ્યાં; કે જે માર્ગ ખાસ ગૃહસ્થોને અનુકૂળ અને બ્રહ્મસાક્ષાત્કાર માટેના બીજા અનેક રસ્તાઓ કરતા સહેલો છે. રાત્રે બાર કે એક વાગતા સુધી યોગવાસિષ્ઠ વગેરે સત્શાસ્ત્રોનુ વાચન ચાલતુ, અને તે પછી તેઓ ગુરુગમ પ્રમાણે એકાંતમા સાધન કરવા બેસી જતાં, તેમાંથી પાચ વાગે ઉઠીને વ્યાવહારિક કામકાજમા ગુથાતાં. આ રીતે અખંડ ૨૩ દિવસ સુધી એક ધ્યાનમાં રહી આ પુસ્તકમાં જે પહેલુ સાધન વર્ણવ્યુ છે તે સિદ્ધ કર્યુ. પછીથી કેટલાક દિવસ રાત્રિના ત્રણ વાગ્યા સુધી ધાર્મિક વાદવિવાદ ચલાવ્યો તે વખતની મજા જેણે નજરે જોઇ હોય તેજ જાણે, ને વખતનો ઉભરાતો આનંદ વર્ણવવાને ભાષામા યોગ્ય શબ્દ જડતા નથી. આ પ્રમાણે એક પછી એક સાધન સિદ્ધ કરી તથા પ્રશ્નોત્તરવડે ગુપ્ત આધ્યાત્મિક જ્ઞાન સપાદન કરી આનંદમગ્ન થયાં. વળી તે આધ્યાત્મિક જ્ઞાન વિશેષ દૃઢ કરવા પંચીકરણ, યોગવાસિષ્ઠ વગેરે સત્શાસ્ત્રો ગુરૂસમક્ષ વાચ્યા એ રીતે લગભગ નવમાસ સુધી ચલાવી પરિપૂર્ણ સાધનસિદ્ધિવડે બ્રહ્મસાક્ષાત્કાર કરી સંપૂર્ણ શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ બન્યા, અને આ દુસ્તર ભવસાગરને તરી મનુષ્યાવતારને સફળ કર્યો.

શ્રીમન્ માધવજીએ પ્રથમથીજ શ્રી સદ્ગુરુની પરમ કૃપાથી આ સહજયોગને માર્ગે બ્રહ્મસાક્ષાત્કાર કરી અનુપમ આનંદ અનુભવ્યો હતો. જેથી આ પરમપવિત્ર દંપતી કર્તવ્યના અવધિએ પહોંચી અદ્યાપિ શેષ આયુષ્યને નિર્ગમન કરતા જીવન્મુક્ત દશામા નજરે પડે છે. ગૃહસ્થી હોવાથી અનેક વિઘ્નો તથા પ્રવૃત્તિઓરૂપી ખડકોનું નડતર આવ્યા છતા તેમના મહાન મનોબળને દુસ્તર સંસારસાગરના તોફાનો અસર કરી શકયાં નથી. સ્વસ્વરૂપમા સસ્થિત થએલા અને જન્મમરણના ફેરામાંથી મુકત થએલાં હોવાથી તેઓ અમર છે.

સંસારના અનેક નડતરોમા ઘેરાતા છતા તેમનું મન ખડકની પેઠે અડગ રહી સંસારથી ઉલટી દિશામાં એક ધારાએ આગળ વધી ભૂલેલા સ્વરૂપમાં ભળ્યુ છે. તેમના ખરા સ્વરૂપનું વર્ણન કરવાને ભાષામાં શબ્દો નથી. માત્ર તેમના સત્સંગમા રહેલા સત્ય જીજ્ઞાસુઓજ કંઇક સમજી શકે છે.

આ રીતે આ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ દંપતી કેવળ આધ્યાત્મિક પ્રદેશમાજ પારંગત છે એમ કંઇ નથી. વ્યવહારિક કાર્યોમાં પણ તેઓ ઉત્તમ જ્ઞાન ધરાવે છે. એમના સબંધમાં આવેલાં અનેક માણસો એમના વ્યવહારિક જ્ઞાનથી ચકિત થયાં છે. તેમના કુટુંબના વ્યાવહારિક ગુંચવાડાનો નિકાલ તેમણેજ વચ્ચે પડી એવો સરસ કરી આપ્યો છે કે જેથી બને પક્ષ સંતોષ પામ્યા છે. વાચકવૃંદને શંકા ઉત્પન્ન થવી સ્વાભાવિક છે કે ગૃહસ્થ દશામાં રહેલા ગામડાંની નિશાળના એક સાધારણ સ્થિતિના મહેતાજીએ પરમપદ શી રીતે પ્રાપ્ત કર્યું ? જેને મેળવવા માટે અસંખ્ય મનુષ્યો દીર્ઘકાળ સુધી વિધવિધ પ્રકારનાં કષ્ટ સહન કરે છે છતાં ભાગ્યેજ કોઇ મેળવી શકે છે એવા દુર્લભ આત્મજ્ઞાનને હસ્તામલકવત્ કરવાને તેઓ શી રીતે વખત મેળવી શક્યાં ? તો તેના ઉત્તરમાં શ્રીગીતાનું પ્રમાણ વચન છે કે —

* या निशा सर्व भूतानां तस्यांजागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुने ॥

જે સર્વ પ્રાણીઓની રાત્રિ છે તેમાં સંયમી જાગે છે, અને જેમા પ્રાણીઓ જાગે છે તેને મુનિઓ રાત જાણે છે.

આ રીતે તેઓ નિષ્કામવૃત્તિથી વ્યાવહારિક કર્તવ્ય દિવસે તથા પારમાર્થિક કર્તવ્ય રાત્રિએ બજાવતા અને તેની વ્યવસ્થા એવી ઉત્તમ રાખી હતી કે તેમા કોઇ પ્રકારનુ ખલલ પડતુ નહિ.

આ પરમ પૂજ્ય દંપતી વિતંડવાદમા કદી ઉતરતા નથી. પણ જીજ્ઞાસુવૃત્તિથી જે મુમુક્ષુ તેમના સમીપ આવે છે, તેમના મનનું સમાધાન ઉત્તમ પ્રકારે કરે છે. કોઇ પણ સંપ્રદાય કે મતમતાંતરને આડે

* સર્વ પ્રાણીની રાત્રિ (એટલે જેનું અજ્ઞાન છે એવા બ્રહ્મજ્ઞાન)મા સંયમી જાગ્રત રહે છે, અને જે (સંસારના વિષયો)મા પ્રાણીઓ જાગે છે તેને મુનિઓ રાત્રિ જાણે છે. અર્થાત્ તે વિષયોનું અજ્ઞાન હોવાથી ભોગવતા નથી.

નહિ આવતા સર્વમા સત્ય રહેલુ સિદ્ધ કરી બતાવે છે. તેઓ હાલ વિદ્યમાન હોવાથી ઇચ્છા હોય તે નજરે જોઇ સત્યાસત્યનો નિર્ણય કરી શકે એમ છે જેથી લેખક ઉપર અતિશયોક્તિ દોષ આવે તેમ નથી.

આ પરમ પાવન યુગલે પોતાના મૂળ સદ્‌ગુરુ પરમાત્મા સ્વ-રૂપસ્થિતિ પામવા પછી નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતધારી આચાર્ય શિરોમણી પૂજ્યપાદ યોગીશ્વર શ્રીમનનાથ ભગવાનનુ શરણુ સ્વીકાર્યુ છે, અને તેઓશ્રીના અમાપ આધ્યાત્મિક ભંડારમાથી કેટલીક દિવ્ય આધ્યાત્મિક પ્રસાદી પ્રાપ્ત કરી છે, અને હાલ તેઓ દિવ્ય ગૃહસ્થાશ્રમમા છતા જીવન્મુક્તપણે કાળક્રમણ કરે છે.

આ ગ્રંથના છેલ્લા ખડમાં જે પદો છે તે આ પરમપૂજ્ય દંપતી પૈકી શ્રીમતી નર્મદાબાઇના રચેલા છે. (છેવટના થોડાક સ્વ-રૂપ સ્થિતિને પામેલા તેમના સદ્‌ગુરૂ ભગવાનનાં છે). પતિવ્રત આ-ચરી ઉત્તમ ગૃહી અવસ્થામા અનુપમ આધ્યાત્મિક અનુભવનાં પદો રચનાર તરીકે આ શ્રીમતી દેવી શ્રી એકજ હશે એમ મારૂં ધારવુ છે. આ પરમપાવન યુગલનાં લીલાતનુ હાલ વિદ્યમાન છે જે જાણી ત્રિતાપથી મુક્ત થવા ઇચ્છતા તૃષાતુર મુમુક્ષુ યુગલોને અપૂર્વ આનંદ થશે, અને ધારશે તો ઉત્તમ પુરૂષાર્થ વડે જીવન્મુક્ત બની મનુષ્ય-દેહનું સાર્થક કરશે. આવાં પરમપૂજ્ય દિવ્ય ગૃહસ્થાશ્રમી યુગલો પ્રાચીનકાળમાં થયા હતા. તેવુજ આ ઉત્થાનની વધતી જતી મારા-મારીના જમાનામાં પ્રકટવાથી કળિયુગમા સતયુગ અનુભવાય છે.

શ્રીમતી દેવીશ્રીના પદોની ભાષા વિદ્વાનવર્ગને શંક લાગે એ સ્વાભાવિક છે. પણ પદોના રચનારનો તથા તેમાં સમાએલા સ્વાનુ-ભવના અલૌકિક ઉદ્‌ગારના અર્થનો વિચાર કરતા એ દોષ ક્ષંતવ્ય લાગશે. કારણ કે એ પદો આધ્યાત્મિક સાધનસિદ્ધિના ઉલ્લાસના શરમા ઉભરાયેલા છે. તત્વજ્ઞાનના પદોની ભાષા માટે મહાત્મા અખો ભક્ત કહે છે કે:—

'ભાષાને શુ વળગે ભૂર, જે રણુમા જીતે તે શૂર.'

વળી કહે છે કે 'જ્ઞાનીને કવિમાં ન ગણીશ, કિરણ સૂર્યનાં કેમ વરણીશ.' સત્યના જીજ્ઞાસુ તથા તેના ખરા રહસ્યને સમજનારા સાધક બધુઓ નીરક્ષીરના વિવેકે એ પદોમાંથી અલૌકિક શાન્તરસનું પાન કરી સતોષ પામશે. આ પરમ પૂજ્ય દપતીનુ સક્ષિપ્ત ચરિત્ર

મોક્ષની ઇચ્છા રાખનાર ગૃહસ્થાશ્રમી જનોને અતિ ઉપયોગનું હોવાથી જેમનું તેમ વર્ણવ્યું છે. તેનો હરકોઇ સત્ય જીજ્ઞાસુ સ્વકલ્યાણ માટે યોગ્ય ઉપયોગ કરશે તો આ યત્ન સફળ થયેલો માનીશ.

તથાસ્તુ.

આત્મજ્ઞાન મેળવવાની આવશ્યકતા.

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः ।
नित्यः संनिहितो मृत्यु कर्तव्यो धर्म संग्रह ॥

શરીર અનિત્ય છે, તેમ વૈભવો પણ હમેશના નથી, અને મૃત્યુ હમેશા પાસે છે માટે ધર્મનો સંગ્રહ કરવો જોઇએ.

આ વિશાળ સૃષ્ટિ ઉપરની અનત લીલા જોઇને મનુષ્યનું મન ઘણી વાર વિચારવમળમા ગોથા ખાય છે. વિધવિધ પ્રકારના પ્રાણીઓ વિશાળ મહાસાગરો, મોટા મોટા પર્વતો અને તેમાંથી નીકળતી મોટી નદીઓ તથા અનંત આકાશ તરફ જોઇને આપણે આશ્ચર્ય પામીએ છીએ કે આ અદ્ભુત રચનાનો બનાવનાર કોણ હશે ? !

જેમાં અનત પ્રાણીઓનો નાશ તથા ઉત્પત્તિ હમેશ થયા કરે છે. જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ થાય છે, ઉજડ ભૂમિ ઉપર મોટાં નગર તથા મોટા નગરને ઠેકાણે ઉજડ વેરાન થાય છે, દિવસ હોય ત્યા રાત્રિ અને રાત્રિ હોય ત્યા દિવસ થાય છે, અને જેમા અનત પ્રકારની વિચિત્ર લીલા હમેશ ચાલી રહી છે એવી આ વિશાળ સૃષ્ટિના વિકારીપણા સબધે વિચાર કરતાં તેમાની સત્ય વસ્તુને શોધતાં ઘણા વિદ્વાનોની મતિ કુંઠીત થઇ જાય છે. આપણો શુદ્ધ વિચાર આપણને તે સમયે સમજાવે છે કે અરે પામર મનુષ્ય ! તારૂ બળ કેટલુ ? તારી બુદ્ધિ કેટલી ? અને તારૂં જ્ઞાન કેટલુ ? ભલે તું તારા મનથી મોટો છે એમ માનીને ફુલાયા કરે; પણ વિધાતાની બાળપોથીમા નોંધાયલુ તારૂં નામ કયે ખૂણે રડવડતું હશે તેનો કંઇ હિસાબ નથી.

સર્વ પ્રાણીઓ ખાય છે પીએ છે, ફરે હરે છે, ઉંઘે છે, ઉદર પોષણ માટે ઘણી જાતના પ્રયત્ન કરે છે, અનેક પ્રકારનાં વિષયસુખ

ભોગ વે છે, પોતાને રહેવાનાં વિવિધ પ્રકારનાં ઘર બનાવે છે, અને સમય આવે મરણુને શરણુ થાય છે. એટલે એ બધી બાબતમા મનુષ્ય જાત ઇતર પ્રાણીઓની સમાન છે. પરંતુ મનુષ્ય સિવાયનાં બીજાં પ્રાણી ઇશ્વર સંબધી વિચાર કરી શકતાં નથી એટલે બીજા પ્રાણી કરતા માત્ર એ એકજ બાબતમા મનુષ્ય શ્રેષ્ઠ છે. પણુ એ બાબત ઘણી મહત્વની છે અને તેને લીધેજ સર્વ કરતાં મનુષ્યાવતાર શ્રેષ્ઠ ગણાય છે. પોતાની ઇચ્છામા આવે ત્યારે મનુષ્ય સુવિચાર તથા સાધનથી આત્મોન્નતિ કરી શકે છે. તેથી આપણા શાસ્ત્રકારોએ મનુષ્ય જન્મ દેવને પણુ દુર્લભ છે એમ ઠામ ઠામ કહેલુ છે. શ્રી- શંકર ભગવાન પણ એજ મતલબનુ કહે છે.

(शार्दुलविक्रिडितम्)

जन्तूनां नरजन्म दुर्लभमत: पुंस्त्वं ततो विप्रता
तस्माद्वैदिक धर्म मार्ग परता विद्वत्वमस्मात्परम् ।
आत्मानात्म विवेचनं स्वनुभवो ब्रह्मात्मना संस्थिति-
र्मुक्तिर्नो शतकोटि सुकृतै: पुण्यैर्विना लभ्यते ॥

પ્રાણીઓમા માણુસનો જન્મ મળવો દુર્લભ છે, તેમાં પણુ પુરૂષપણું દુર્લભ છે, તેમા પણુ વેદોક્ત ધર્મના માર્ગમા તત્પરપણું દુર્લભ છે, તેમાં પણુ વિદ્વાનપણું દુર્લભ છે, તેમા પણુ આત્મા અ- નાત્માનો વિવેક મળવો દુર્લભ છે, અને તે થયા પછી પણુ સ્વરૂ- પનો અનુભવ થવો દુર્લભ છે, અને તે થયા પછી પણુ બ્રહ્મરૂપે રહેવુ અર્થાત્ મુક્તિ થવી તે દુર્લભ છે. માટે મુક્તિ સેકડો જન્મોમા કરેલા કરોડો પુણ્ય વિના મળતી નથી.

પ્રાણી માત્રની ઇચ્છા સુખ પ્રાપ્ત કરવાની હોય છે, પણુ જ- ગતમા કોઇ પણુ મનુષ્યને સંપૂર્ણ સુખ હોય એમ જણાતું નથી. કોઇને મનનું, કોઇને શરીરનુ તથા કોઇને બહારના પદાર્થોની પ્રતિ- કૂળતાનુ દુખ હોય છે. અનર્ગળ દ્રવ્યથી, ઘણી કીર્તિથી, તથા જગ- તમાં ગણાતા શ્રેષ્ઠ પદાર્થોને લાંબા વખત સુધી ભોગવવાથી પણુ મનુષ્યને કદી અખંડ શાન્તિ થતી નથી. દેવાદિને વશ વર્તાવવા જેટલુ સામર્થ્ય તથા અનર્ગળ દ્રવ્ય મેળવવા છતા લંકાપતિ રાવણુને પૂર્ણ તૃપ્તિ થઇ નહોતી. હલકી સ્થિતિમાથી મોટુ રાજ્ય મેળવવા છતા નેપોલિઅન બોનાપાર્ટ તથા મહારાજા શિવાજીએ અખંડ શાન્તિનો

અનુભવ કર્યો નહોતો, અને એ પ્રમાણે બહારના ગમે તેટલા વૈભવો મળવા છતા આત્મજ્ઞાન થયા વિના કોઇને સતોષ થયો નથી; અને આમ બનવુ એ સ્વાભાવિકજ છે. સમગ્ર સુખનું અધિષ્ઠાન જે બ્રહ્મ, તેનુ તથા આત્માનું નિરંતર ઐક્ય છે જેથી આત્માનુ અર્થાત્ સ્વ સ્વરૂપનુ જ્ઞાન મેળવવાથી આપણે સર્વ સુખના મૂળરૂપ બ્રહ્મ પાસે જઇએ છીએ. તેથી જેમ પ્રકાશના અધિષ્ઠાન સૂર્યનો આશ્રય કરનાર પ્રાણી અંધારામાં અટવાતો નથી તેમ સમગ્ર સુખનુ અધિષ્ઠાન જે આત્મજ્ઞાન તેનો આશ્રય કરનાર સુખથી વિમુખ રહી શકતો નથી. આમ હોવા છતા સુખ બહારના પદાર્થોમા છે એમ માનીને ઘણા મનુષ્યો બહારના પદાર્થોમાથી તેને મેળવવા માટે ફાંફા મારે છે: પણ તેમાંના કોઇ અખડ સુખ પ્રાપ્ત કરી શકતા નથી. આત્માનુ અપરોક્ષ જ્ઞાન એજ કદી પણ નાશ ન પામે એવા સર્વોત્તમ સુખનો ઉપાય છે. જ્યારે મહર્ષિ યાજ્ઞવલ્ક્યે સન્યાસ ગ્રહણ કર્યો, અને પોતાની સર્વ દોલત પોતાની બે પત્ની મૈત્રેયી અને કાત્યાયનીને વહેંચી આપવા માંડી ત્યારે સતી મૈત્રેયીએ શ્રી-યાજ્ઞવલ્કય મુનિ પ્રત્યે કહ્યુ કે '**येनाहं ना मृतास्यां किमहं तेन कुर्य्यांयदेव भगवान् वेद तदेव मे ब्रुहि**' હે ભગવાન! પૃથ્વી, ધન આદિ વસ્તુઓ કે જેનાથી અમૃતત્વ પ્રાપ્ત થતુ નથી તેનું મારે શુ પ્રયોજન છે? મને તો આપ જે આત્મતત્વ જાણો છો તેનોજ બોધ કરો.

જ્યા સુધી આત્મજ્ઞાન મેળવ્યુ ન હોય ત્યા સુધી મનુષ્ય માત્ર સસાર સબધી નાના દુખોથી નિરતર પીડાયા કરે છે. એ દુખો-માથી છૂટવા માટે તે ઘણી જાતના યત્ન કરે છે, અને કદાચ્ તેમાં ફતેહ મેળવે છે. પણ અલ્પ સમયમાં તે પાછો દુખદરિયામા ડુબકા મારે છે. કારણ કે તેનુ પ્રાપ્ત સુખ બહારના પદાર્થોને અવલંબીને રહેલુ હોય છે, અને બહારના સર્વ પદાર્થો વિકારી તથા નાશવંત હોવાથી તે પદાર્થોના નાશ સાથે તેનુ પ્રાપ્ત સુખ પણ નાશ પામે છે. વળી બહારનું ગમે તેટલું સુખ મરણ સમયે કંઇ ઉપયોગમાં આવતુ નથી. એ સંબધે એક વિદ્વાને કહેલુ છે:—

चेतोहरा युवतय सुहृदोनुकूलाः ।
सद्बांधवा प्रणयनम्रगिरश्च भृत्याः ॥

गर्जंति दंति निवहा स्तरला स्तुरंगाः ।
संमीलने नयनयोर्नहि किंचिदस्ति ॥ १ ॥

મનોહર તરૂણ સ્ત્રીઓ છે, અનુકૂળ મિત્રો છે, સારા બાંધવો છે, આજ્ઞાને આધીન નમ્ર વાણી બોલનારો ભૃત્યુ (ચાકર) વર્ગ છે, હાથીઓ ગર્જના કરી રહ્યા છે, અને ઘોડાઓ કુદી રહ્યા છે, પણ બે આંખો મીચાઇ એટલે પછી એમાનું કંઇ તારૂ નથી.

જ્યારે અવસાનકાળ આવી પહોચે છે ત્યારે મહાપ્રયત્નથી મેળવેલી લક્ષ્મી, તથા ઉત્કૃષ્ટ ભોગ્ય પદાર્થો અહીં પડયા રહે છે. સ્ત્રી, પુત્ર, મિત્ર તથા અન્ય સબંધી જનમાથી પણ કોઇ સાથે આવતુ નથી. ત્યારે જીવ ઘણો મુઝાય છે, અને વિચારે છે કે અરેરે મેં આ મેં આ સર્વ મિથ્યા કમાણી કરવામા જીદગી ગુમાવી. હવે મારી શી વલે થશે, અને હું કયા જઇશ ? આ સ્વાર્થીઆ સબંધી જનોની જાળમા લુબ્ધ થઇને મે સત્ય માર્ગ શોધ્યો નહિ, અને દુર્લભ મનુષ્યજન્મ એળે ગુમાવ્યો આ પ્રમાણે શોક કરતા તેનો અમર આત્મા દીર્ઘકાળથી મેવેલા બળવાન દેહાભિમાનને બળાત્કારથી તોડીને કર્તાની સમક્ષ પોતાની કરણીનો જવાબ આપવાને ચાલ્યો જાય છે પછી —

मृतं शरीर मुत्सृज्य काष्ठलोष्ठसमाक्षितौ ।
विमुखा बांधवा यान्ति धर्मस्तमनु गच्छति ॥

જ્યારે મુએલા શરીરને લાકડા કે માટીના ઢેફા જેવી પૃથ્વીમા છોડી દઇને અવળું મુખ કરીને ભાઇઓ ચાલ્યા જાય છે ત્યારે ધર્મ તેની (મરનારની) પાછળ જાય છે.

तस्माद् धर्मं सहायार्थं नित्य संचिनुयाच्छनैः ।
धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरम् ॥

તેથી સહાયને માટે હમેશાં ધીમે ધીમે ધર્મને એકઠો કરવો જોઇએ. ધર્મની સહાયવડે ખરેખર તે (ધર્મનો સંચય કરનાર) મશ્કેકેલીથી પાર પડી શકાય એવા અંધકાર—અજ્ઞાનને તરે છે.

મહાપુરૂષોએ શાસ્ત્રમાં જપ, તપ, તીરથ, વ્રત તમા પુણ્યદાન વગેરે કરવાનુ કહ્યું છે, તે સર્વ મનશુદ્ધિ દ્વારા આત્મજ્ઞાન મેળવવા

મ ટેજ છે. એટલે કે એ સત્કર્મોથી દુર્લભ આત્મજ્ઞાન મેળવવા માટે મનુષ્ય યોગ્ય થાય છે, અને મોક્ષને રસ્તે ચડવાનો પરંપરાથી ચાલતો આવેલો ખરો રાજમાર્ગ એજ છે, પરંતુ ઘણા એમ સમજે છે કે આત્મજ્ઞાન થયા સિવાય માત્ર એ પુણ્યદાન વગેરેથીજ મોક્ષ મળી જશે. પણ એ સર્વ મિથ્યા ફાંફાં છે. ગમે તેટલા પુણ્યદાન તથા તીરથવ્રત વગેરે કરે પરંતુ જ્યાં સુધી આત્મજ્ઞાન હસ્તામલકવત્ થાય નહિ ત્યાં સુધી મુક્તિ મળવાની આશા રાખવી એ ફોગટ છે. શ્રી શંકર ભગવાને પણ કહ્યુ છે કેઃ—

चित्तस्य शुद्धये कर्म नतु वस्तुपलब्धये ।
वस्तु सिद्धि र्विचारेण न किञ्चित्कर्म कोटिभिः ॥

કર્મો કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે, પણ યથાર્થ રીતે આત્મજ્ઞાન થતું નથી. આત્મજ્ઞાન તો વિચારથીજ મળે છે. કરોડો કર્મ કરવાથી જરા પણ મળતુ નથી.

अर्थस्य निश्चयो दृष्टो विचारेण हितोक्तितः ।
न स्नानेन न दानेन प्राणायाम शतेन वा ॥

સદ્‌ગુરુના વચનથી, અને વિચારથી સ્વરૂપનો નિશ્ચય થાય છે. પણ સ્નાનથી, દાનથી કે કરોડો પ્રાણાયામ કરવાથી થતો નથી.

वदन्तु शास्त्राणि यजन्तु देवान्
कुर्वन्तु कर्माणि भजन्तु देवता ।
आत्मैक्य बोधेन विनापि मुक्ति
र्न सिद्धयति ब्रह्म शतान्त रेपि ॥

ભલે શાસ્ત્રોની ચર્ચા કર્યા કરે, દેવતાનું પૂજન કર્યા કરે, કર્મો કર્યા કરે અને દેવતાની ભક્તિ પણ કર્યા કરે, પરંતુ જીવ અને પરબ્રહ્મની એકતા સમજાયા વિના સેંકડો મહાકલ્પ વિતતાં પણ મુક્તિ થતી નથી.

આ ઉપરથી કહેવાનો ભાવ એવો નથી કે એ પુણ્યદાન તથા વ્રતાદિક છેક નકામાં છે. નાના પ્રકારનાં સત્કર્મો સિવાય મનુષ્ય આત્મજ્ઞાન ગ્રહણ કરવાને લાયક બનતોજ નથી. પણ કહેવાનો આશય માત્ર એટલોજ છે કે ઘણા સજ્જનો માત્ર પુણ્યદાનાદિથીજ મોક્ષ

મળશે, એમ માનીને જીંદગીપર્યંત આત્મજ્ઞાન મેળવવા લેશ પણ પ્રયત્ન કરતા નથી, તેમણે સમજવું જોઇએ કે આત્મજ્ઞાન એજ મુક્તિનુ સાધન છે. માટે શ્રીસદ્ગુરુ પાસેથી તે દુર્લભ આત્મજ્ઞાન મેળવવાનાં સાધન જાણીને ક્રમે ક્રમે ધૈર્ય રાખીને પ્રયત્ન કરવો, અને પુરૂષાર્થના અવધિએ પહોંચીને સ્વસ્વરૂપના અખંડ આનંદને અનુભવતા, આ દુર્લભ મનુષ્યદેહનું સાર્થક કરવું.

अचेत्यचित्प्रकाशात्मा विज्ञानाऽऽत्मा निरामय ।
परमाऽऽकाश कोशाच्छ शान्त सर्व भवभ्रम ॥

નિર્વાણ પામેલો પુરૂષ નિર્વિષય થાય છે. ચૈતન્યના પ્રકાશરૂપજ થાય છે. જ્ઞાનરૂપ થાયછે, ઉપાધિઓથી રહિત થાય છે, અને વાદળાથી રહિત આકાશના ગર્ભ જેવો સ્વચ્છ થાય છે, અને સઘળી સંસાર સંબંધી ભ્રાંતિઓથી રહિત થાય છે.

यो. वा. मु प्र. स. १७-४२.

કર્મ—ઉપાસના.

पौरुषेण दुरन्तेभ्यः संकटेभ्यः सुबुद्धयः ।
समुत्तरं त्ययत्नेन नतु मोघतया नया ॥

શ્રેષ્ઠ બુદ્ધિવાળા પુરૂષો પુરૂષાર્થ કરવાથીજ અનાયાસે ભયંકર સંકટોમાંથી તરે છે પણ દૈવનો વિચાર કે જે વ્યર્થ છે તેથી તરતા નથી

પાછળ આપણે આત્મજ્ઞાનની આવશ્યકતા વિષે કહ્યું. તે આત્મજ્ઞાનને મેળવવાને લાયક થવાને પ્રથમ પાયો કર્મ છે.

કર્મનો સાધારણ અર્થ કામ છે. સૃષ્ટિમાં દરેક માણસને કંઇક કંઇક કામ કરવાનું હોય છે. પણ તે બધા કામ અંતઃકરણની શુદ્ધિ કરનાર હોતા નથી પણ અધિક અધિક વાસનાને લઇને વધારે મલિન કરનાર હોય છે જેથી એવાં વ્યાવહારિક કામો મુમુક્ષુને ઉપયોગી થતા નથી. ચિત્તની શુદ્ધિને માટે આપણા શાસ્ત્રકારોએ સાધકને શરૂઆતમાં નિત્યકર્મ કરવાને કહેલુ છે. એ નિત્યકર્મનુ વર્ણન ઘણા મહાત્માઓએ અનેક પુસ્તકોદ્વારા બહાર પાડેલુ હોવાથી અત્રે તેનુ વર્ણન કરવુ યોગ્ય ધાર્યું નથી. તેથી તે સબંધમા માત્ર એટલુજ કહેવાનુ

કે આત્મજ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનાર સાધકે સ્નાન, સંધ્યા, જપ તથા વ્રતાદિક ફળની ઇચ્છા રાખ્યા વિના કરવાં. એ નિષ્કામ કર્મ કરવાથી સાધકનું અંતઃકરણ વિશુદ્ધ-વાસના રહિત બને છે, અને પરિણામે જેમ શુદ્ધ દર્પણમાં પોતાનું મુખ બરાબર જોઇ શકાય છે. તેમ વાસનારહિત વિશુદ્ધ અંતઃકરણથી આત્મસાક્ષાત્કાર થઇ શકે છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે કહ્યું છે કેઃ—

एवं ज्ञात्वा कृत कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥

श्री भ. गी. अ. ४–१५.

એમ જાણીને પૂર્વકાળના મુમુક્ષુઓએ પણ નિષ્કામ કર્મ કરેલા છે. માટે તું પણ નિષ્કામ કર્મ કર. કારણ કે પૂર્વકાળના મુમુક્ષુઓએ પણ તેમની પહેલાંના મુમુક્ષુઓ પ્રમાણે કરેલું છે.

જે સાધક વારંવાર પૂર્ણ પ્રીતિ તથા સાવધાનતાથી નિષ્કામ નિત્યકર્મ કરવામાં ઉત્સાહ રાખે છે તેને કેટલોક સમય જતાં વ્યાવહારિક તથા પારમાર્થિક સર્વ કર્મો ફલેચ્છા રહિત કરવાની ટેવ પડી જાય છે સમાન બુદ્ધિ અર્થાત્ નિષ્કામદૃષ્ટિથી કામ કરનારનું મન હમેશાં સ્થિર તથા નિર્વિકારી રહે છે. કારણ કે ફળની ઇચ્છારહિત કરેલાં કામોમાં કોઇ વાર લાભ અગર હાનિ થાય, તો તેથી તે સાધકને હર્ષ કે શોક કઇ થતું નથી. તેતો જાણે છે કે અમુક કાર્ય કરવાની મારી ફરજ છે તે હું યથાશક્તિ બજાવું છું, અને તેમાં થયેલા નફા નુકસાન સાથે મારા નિરામય આત્મસ્વરૂપને કઇ સંબંધ નથી. શ્રીકૃષ્ણ ભગવાને પણ એમજ કહ્યું છે

यदृच्छा लाभ सतुष्टो द्वन्द्वातीतो विमत्सर ।
समः सिद्धा व सिद्धौ च कृत्वापि न निबध्यते ॥

श्री. भ. गी अ. ४–२२

જે પુરૂષ વગર પ્રયત્ને મળેલા લાભથી સંતોષી છે. સુખદુઃખના જોડકાથી રહિત તથા ઇર્ષ્યા રહિત છે, તથા જે પ્રાપ્તિ તથા અપ્રાપ્તિમાં સમાન ચિત્તવાળો છે તે કર્મ કરતા છતાં પણ બંધાતો નથી.

આ ઉપરથી આપણે એમ સમજવાનું નથી કે નિષ્કામ કર્મ કરનાર સાધકો આળસુ, મંદ તથા કામ કરવામાં ઉત્સાહ વગરના

હશે. વ્યવહારમા રચ્યાપચ્યા રહેનાર સામાન્ય મનુષ્યો કરતાં નિષ્કામ દૃષ્ટિ રાખનાર સાધકો વધારે ઉત્સાહી, નિયમિત તથા અપૂર્વ દૃઢતાવાળા હોય છે. વળી તેઓ પ્રાય વ્યવહારમા છળકપટ કરીને સામાન્ય મનુષ્યની માફક ધન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા નથી. મોટા ફેર એ છે કે સકામ દૃષ્ટિથી કામ કરનારા માણુસો જ્યારે અનેક વાસનાઓને લઇને ફળ મેળવવા તથા તે વડે મળનાર અનેક વિષયજન્ય સુખોની આશા રાખીને કર્મ કરે છે, ત્યારે નિષ્કામ સાધક તેવાં સુખોમાં વિરાગ રાખીને ઇચ્છા રહિત કર્મો કરે છે. પરિણામે કર્મોમાં થયેલી નિષ્ફળતાને પ્રસગે સકામ મનુષ્ય ચિંતા તથા ખેદ રૂપી ઉંડા સાગરમાં ગોથાં ખાય છે, ત્યારે એવે પ્રસગે નિષ્કામ સાધક હમેશની આત્મિક પ્રસન્નતા જાળવી રાખી જ્યા ત્યા આનંદમાં વિચરે છે.

કોઇ પણ વસ્તુ યોગ્ય પાત્ર વગર ટકી શકતી નથી. જેમ કાગળની કોથળીમાં નાખેલા લોઢાના ખીલા કોથળીને ફાડીને બહાર નીકળી જાય છે, તથા સિંહણનું દૂધ માત્ર સુવર્ણના પાત્રમાંજ રહી શકે છે, તેમ બ્રહ્મવિદ્યા કે જે ઘણી દુર્લભ તથા અલૌકિક શ્રેષ્ઠ વસ્તુ છે તે યોગ્ય પાત્ર વગર ટકી શકે નહિ એ સ્વાભાવિક છે. સાધારણ વ્યવહારની ગુપ્ત વાત પણ કોઇ હલકા માણુસથી છાની રાખી શકાતી નથી, અને તેથી પોતાનું તથા કહેનારનુ અહિત સાધે છે તેજ પ્રમાણે બ્રહ્મજ્ઞાન પણ યોગ્ય પાત્ર વિના પોતાનું તથા બીજાનું ઘણી વાર અહિતજ સાધનાર થાય છે. આજે સ્થળે સ્થળે બ્રહ્મજ્ઞાનની મોટી મોટી વાતો કરનારા ઘણા શુષ્ક પંડિતો નજરે પડે છે. મહાત્માઓએ પુસ્તકો દ્વારા પ્રકાશ કરેલા બ્રહ્મજ્ઞાનના ખરા રહસ્યને નહિ સમજવાથી તથા તે પ્રમાણે આચરવુ કઠિન લાગવાથી તેઓ કંઇપણ પુરૂષાર્થ કર્યા વિના માત્ર મોઢેથી **शिवोहं, ब्रह्मास्मि** વગેરે વાકયો વગર સમજે જ્યાં ત્યાં બકયા કરે છે. એવા શબ્દવાદી માટે ભગવાન્ શંકર કહે છે કેઃ—

> **कुशला ब्रह्मवार्तायां वृत्तिहिना सुरागिण**
> **तेऽप्य ज्ञानि तया नूनं पुनरा यांति यांतिच ॥**

જે પુરૂષો કેવળ બ્રહ્મની વાત કરવામાજ કુશળ છે તેઓની વૃત્તિ ક્ષણુમાત્ર બ્રહ્માકાર થતી નથી, તથા જેઓ વિષયમા પ્રીતિવાળા છે તે પુરૂષો મોટા અજ્ઞાની છે, તથા આ સસારમાં તેઓ વરવાર

જન્મે છે તથા મરે છે. તાત્પર્ય કે બ્રહ્માકાર વૃત્તિ કર્યા વિના કેવળ બ્રહ્મની વાતો કરવાથી કંઇ પણ ફળ થતુ નથી. એટલે કે એવા શબ્દવાદીઓના મલિન હૃદયમાં અનેક કુસંસ્કારોનો કચરો ભરાઇ રહેલો હોવાથી, તેઓ વારવાર અનેક કુકર્મો કરતા નજરે આવે છે. એટલા માટે આપણે યોગ્ય પાત્ર બનવાની પ્રથમથીજ જરૂર છે અને તે યોગ્યતા વિશુદ્ધ નિષ્કામ કર્મ કરવાથી આવે છે. માટે શ્રીસદ્‌ગુરૂએ દર્શાવેલા સ્નાન સંધ્યા, તથા જપતપાદિક કર્મો શ્રદ્ધા રાખીને ઉત્તમ પ્રકારે કરવાં, અને પછી તે કર્મોના પરિપાકથી આત્મજ્ઞાન મેળવવાની ખરી યોગ્યતા આવે, ત્યારે શ્રી સદ્‌ગુરુ સમીપ જઇને વિનય વડે તેઓશ્રી પાસેથી આત્મજ્ઞાન સંપાદન કરવુ.

ઉપાસના.

ઉપાસના એટલે શુ તેનો વાસ્તવિક અર્થ ઘણાં માણસોના સમજવામાં આવતો નથી. જેથી અત્રે તે સંબંધે બે બોલ કહેવા ઉચિત ધાર્યું છે. દેરામા જઇને બેસી રહેવુ, કે ભટકતે ચિત્તે દરરોજ માળાના મણકા મૂકયા કરવા એ વાસ્તવિક ઉપાસના નથી, અને એવી ઉપાસનાથી વાસ્તવિક ફળ અર્થાત્ આત્મસાક્ષાત્કાર થઇ શકતો નથી. વાસ્તવિક ઉપાસના તો એ છે કે શ્રી સદ્‌ગુરુની સમીપમા રહી તેઓ શ્રીએ સૂચવેલા સાધનો એકાગ્ર ચિત્તે સિદ્ધ કરી જ્ઞાનવિજ્ઞાન મેળવવુ.

ઉપાસનાથી ઘણા મનુષ્યો ફળ મેળવી શકતા નથી તેનુ મોટું કારણ એ છે કે તેમને સસાર પ્રતિ દૃઢ વિરાગ ઉત્પન્ન થયેલો હોતો નથી, અને તેથી તેમનો પ્રયત્ન માત્ર ઉપલક હોવાથી વિઘ્નોના પ્રસંગમા તેઓ ઉપાસનાના માર્ગમાં દૃઢતાથી રહી શકતા નથી. જેથી **यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः** એ શ્રી કૃષ્ણ ભગવાનના વચનાનુસાર યત્ન કરનારમાંથી કોઇંકજ સાધક તત્ત્વને જાણી શકે છે. ઘણી વાર સાધકને બહારના વિઘ્ન નડે છે તેથી તેની ઉપાસના તુટક થઇ જાય છે, અને ફરીથી ઘણો પ્રયત્ન કરે ત્યારેજ પાછો મૂળ સ્થિતિએ પહોચે છે. માટે ઉપાસકે આહારવિહારમા નિયમિત રહેવુ, તથા જેમ બને તેમ અન્ય વ્યાવહારિક મનુષ્યોનો સંગ બીલકુલ ન કરવો, અથવા સાવધાનતા રાખી બહુજ ઓછો કરવો.

વાણી તથા ઇંદ્રિયોને નિયમમાં રાખવી, અને મન કોઇ અયોગ્ય વિચારોમાં ભ્રમણ કરવા લાગે ત્યારે ઘણી સાવચેતી રાખી શ્રી સદ્‌ગુરુએ ઉપદેશેલા ઇષ્ટમંત્રના જપમાં વૃત્તિને જોડી દેવી.

ઉપાસનાનું ખરૂં સ્વરૂપ એવું હોવું જોઇએ કે જેમા ઉપાસ્ય અને ઉપાસક બન્ને એક સ્વરૂપ બની જાય ઉપાસક ખાયપીએ, બોલે, ચાલે તથા ખાસ જરૂરના વ્યવહારના અનેક કાર્ય કરે પણ તેની ચિત્તવૃત્તિ તો ઉપાસ્ય તરફ ચોંટેલીજ રહે, અને સંસારના સર્વ વ્યવહારને સ્વપ્નવત્ ગણીને તેમા હર્ષશોક નહિ પામતા ઉપાસનાના માર્ગમાં શાંતિથી આગળ ચાલ્યા કરે.

આ પ્રમાણે ધીરજ રાખીને સાવધાનતાથી સળંગ પ્રયત્ન કરવાથી અલ્પ સમયમા ઉપાસ્યનો સાક્ષાત્કાર થાય છે, અને તેથી સાધકનો મનુષ્ય જન્મ સફળ થાય છે.

ગૃહસ્થ પણ યોગ સાધી પરમપદ મેળવી શકે.

गृहस्थो गुणमध्यस्थ शरीर गृहमुच्यते
गुणा कुर्वन्ति कर्माणि नाह कर्तेति बुद्धिमान् ॥

श्री शंकराचार्य.

ગુણોમા મધ્યસ્થ રહે છે તે ગૃહસ્થ છે. શરીર ગૃહ કહેવાય છે ગુણો કર્મો કરે છે, અને હું કર્તા નથી, એમ બુદ્ધિમાન જાણે છે

હાલના જમાનામા ગૃહસ્થોએ પરમપદ યા પરમશાંતિ કયે રસ્તે મેળવી એ પ્રશ્ન અતિ અગત્યનો છે. ઘણા ગૃહસ્થો ચાલતી પરનાલિકા પ્રમાણે કર્મકાંડ અને મૂર્તિની ઉપાસના વડે એ પદ મેળવવા જીંદગીભર મચ્યા રહે છે. પણ તેથી તેઓ શાન્તિ ન પ્રાપ્ત કરતા ત્રિવિધ તાપથી બળતાજ રહે છે, અને સંસારનો કાળ પુરો થઇ જતા જન્મમરણનું દુઃખ ઉભું રાખી બીજો દેહ બદલવા ચાલ્યા જાય છે.

શાન્તિ મેળવવા જેઓ હઠયોગ સાધવા પ્રયત્ન કરે છે, તેઓ તેની શ્રેણી પર નહિ રહી શકવાથી ફળ પ્રાપ્ત કરી શકતા નથી,

અને હઠયોગની શ્રેણી ઉપર રહેવુ એ ગૃહસ્થોથી કદી ન બની શકે એવુ છે. માટેજ પૂજ્યપાદ શ્રીમન્ નાથશર્માએ પરમપદબોધિનીના સાતમા પૃષ્ટમા જણાવેલુ છે કે હઠયોગને રસ્તે ગૃહસ્થો પાર પડી શકતા નથી. એટલે કે હઠયોગ ત્યાગીને ફળીભૂત થાય છે અને ગૃહસ્થોને થતો નથી તો પછી ગૃહસ્થોએ પરમપદે પહોચવા માટે કયો રસ્તો પકડવો એ મહા અગત્યનો પ્રશ્ન થઇ પડે છે અગાઉના વખતમા મહાત્મા ગૌતમ વસિષ્ઠ, યાજ્ઞવલ્કય તથા તે વિના બીજા ઘણા મહાત્માઓએ ગૃહસ્થાવસ્થામા રહી પરમપદ સાધ્યુ હતું. સામ્પ્રતકાળમા પણ કબીર, પ્રીતમ, ધીરો વગેરેએ ગૃહસ્થાશ્રમમા રહી પરમપદ મેળવ્યુ છે. આમાના કેટલાક મહાત્માઓ સહજયોગનુ વર્ણન ઘણી જગાએ કરે છે, તથા તેના સાધનો પૈકી કેટલાકના વર્ણન પણ પદોમાં જણાવે છે. વળી સત્શાસ્ત્રો તથા મહાત્માઓ ઘણે સ્થળે પરમતત્વનું વર્ણન લખતા જણાવે છે જે તેને મનવાણી પહોચી શકતા નથી, તથા કેટલાક મહાત્મા તેને નિરાકાર કહે છે. ત્યારે એનું અનુમાન કયા આકારે બાધવુ યા માનવુ તે મુશ્કેલ થઇ પડે છે. મહાત્મા કબીર પરમપદનું વર્ણન કરતા કહે છે કે "શુન્યકા મહેલમા ગેબકા ચાંદના, વેદ કિતાબકુ ગમ નાહિ.' વળી રવિદાસ પણ કહે છે કે 'હે સખી ! આપણા પિયુ તો ઘનશામ છે તેને લોચનીયામા હેરી લઇએ ' આ પ્રમાણે ઘણા મહાત્માઓ પરમતત્વનો ઇસારો કરી ગયા છે. પણ તે પરમાત્વ ગૃહસ્થ સાધકે શી રીતે હસ્તામનકવત્ કરવુ તે પ્રશ્ન ઉભો રહે છે. જેથી અત્રે તે સબંધે કઇક સ્પષ્ટિકરણ કરવુ યોગ્ય ધાર્યું છે.

પરમપદ પામવાનુ મુખ્ય સાધન યોગ છે. યોગ એટલે જોડાણ. પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયેલો ફરીથી શુદ્ધિમા આવી જોડાય તે યોગ યોગ બે પ્રકારના છે. (૧) હઠયોગ, (૨) રાજયોગ અથવા સહજયોગ.

(૧) હઠયોગ—એની પ્રક્રિયાઓ અથવા સાધનો ઘણા કઠિન હોવાથી ગૃહસ્થ એ શ્રેણી ઉપર નહિ રહી શકવાથી ઘણું કરીને તે સાધી શકાતો નથી. પણ ત્યાગી અથવા વિરકત કે નૈષ્ઠિક બ્રહ્મચારીજ સાધી શકે છે. તેથી ગૃહસ્થ માટે એ હઠયોગ સરળ નથી.

(૨) સહજયોગ—આ યોગ ગૃહસ્થ સ્ત્રી કે પુરૂષથી સારી રીતે સાધી શકાય તેમ છે. આ યોગ સાધવા માટે આગળ કહેલાં લક્ષણોવાળા અધિકારીએ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એવા સદ્‌ગુરુની સમીપ જઇ બે હાથ જોડી દંડવત્ નમસ્કારાદિક વિનયયુક્ત આચરણ વડે આ પ્રમાણે યાચના કરવી. કે હે પ્રભુ ! હું સંસારના ત્રિવિધ તાપથી તપ્યા કરૂં છું, તેને બ્રહ્માનંદના રસમાં અનુભવથી ભરેલા પવિત્ર, યોગ્ય અને કાનને સુખ આપનારા આપના મધુર વચનામૃતથી શાન્તિનુ દાન દો. હું આ દુસ્તર સંસારને શી રીતે તરૂં ? તથા મારી સદ્‌ગતિ કેવી રીતે થાય તે કૃપા કરી મને સમજાવો. હું કોણ ? કયાથી આવ્યો ? અને કયાં જવાનો છુ તેનો વિચાર કરતાં કાંઇ સમજી શકતો નથી. માટે તે હું રંક ઉપર દયા કરીને સમજાવાને ત્રિવિધ દાવાનળથી બચાવો. આ પ્રમાણે વિનયયુક્ત યાચના કરી મોક્ષની તીવ્ર ઇચ્છાવાળા શિષ્યે ગુરૂ સમીપમાં રહી તેમને પ્રસન્ન કરવા. ગુરુની પ્રસન્નતા વિના કોઇ રીતે શિષ્ય પાર પડી શકતો નથી. માટે શિષ્યે ઉત્તમ પ્રકારની શ્રદ્ધા અને ભક્તિવડે પોતે અધિકારી છે એમ સર્વ પ્રકારે બતાવી આપવું જોઇએ. શિષ્યની આવી લગની જોઇનેજ ગુરુ પ્રસન્ન થાય છે. એ માટે શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને કહેલું છે કે—

तद्विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं, ज्ञानिनस्तत्त्वदर्शिन ॥

श्री. भ. गी. अ. ४

તે જ્ઞાન તું જ્ઞાનિ પુરૂષોને દંડવતપ્રણામ તથા સેવાવડે પ્રશ્ન કરીને સંપાદન કર. શાસ્ત્રવેત્તા તથા અપરોક્ષ અનુભવવાળા જ્ઞાનિ પુરૂષો તને જ્ઞાનનો ઉપદેશ કરશે.

વળી કહ્યું છે કેઃ—

श्रद्धावाँल्लभते ज्ञानं, तत्परः संयतेंद्रिय. ।
ज्ञानं लब्ध्वा परां शांतिमाचिरेणाधिगच्छति ॥

श्री भ. गी. अ. ४.

શ્રદ્ધાવાન, (શ્રીસદ્‌ગુરુની સેવામા) તત્પર, તથા ઇંદ્રિયોને નિય

મમાં રાખનારો પુરૂષ જ્ઞાનને પામે છે. એવા શ્રેષ્ઠ જ્ઞાનને પામીને તે જ્ઞાની તુરતજ કૈવલ્ય મોક્ષને પામે છે.

માટે આવા અધિકારવાળા જીજ્ઞાસુએ ગુરુને ઇશ્વરરૂપજ માની બનતા સુધી તેઓની સમીપમાં રહીને સાધન કરવુ, અને જો તેમ ન બની શકે એમ હોય તો પોતાના ઘરમાં કોઇ પવિત્ર તથા એકાંત સ્થળે રહીને કરવુ.

આ સહજયોગદ્વારા વસિષ્ઠ, જનક, યાજ્ઞવલ્કય વગેરે ઘણા ગૃહસ્થ સાધકોએ પરમપદ મેળવ્યું હતું. તેમજ કબીર, પ્રીતમ, ધીરો, નરસિંહમહેતો, છોટમ અને એ વિના બીજા ઘણા મહાત્માઓએ ગૃહસ્થાશ્રમમાં રહી આત્મજ્ઞાનનો અપરોક્ષ અનુભવ કર્યો હતો. ઘરબાર તથા કુટુંબકબીલો તજીને વનમાં રહેનારનેજ મોક્ષ મળે છે એમ કંઇ નથી. ઘરબાર તથા સગાંસ્નેહીને તજવાથી સંસારની વાસના છુટતી નથી. એટલે સંસાર ઉપર દૃઢ વિરાગ અથવા વાસનાના ત્યાગ વિના ત્યાગી થયેલો સંસારીજ છે, અને જ્યારે ગૃહસ્થાશ્રમમાં રહેલો પુરૂષ પ્રામાણ્યવહારવડે યથાશક્તિ ઉદરનિર્વાહ કરીને સાધનમાં આગળ વધવા શક્તિમાન થાય છે ત્યારે ઘણીવાર આવા નામધારી ત્યાગીઓ ઉદરનિર્વાહ માટે ઘણો કલેશ કરતા તથા અસંતોષને સેવતા નજરે આવે છે. આવા ત્યાગીઓ વ્યવહાર કે પરમાર્થ એ બેમાથી એકે સિદ્ધ કરી શકતા નથી. ગૃહસ્થાશ્રમમા રહેવા છતાં જેણે સદ્‌વિચાર તથા સદ્‌વર્તનથી મન ઉપર અંકુશ મેળવ્યો હોય તથા નિષ્કામ કર્મથી અંતરને વિશુદ્ધ કર્યું હોય તેવો સાધક ગૃહસ્થાશ્રમમાં હોય છતા ખરેખરો ત્યાગીજ છે. શ્રીકૃષ્ણભગવાને શ્રીમુખે કહેલું છે કેઃ—

त्यक्त्वा कर्मफलासंगं, नित्य तृप्तो निराश्रय ।
कर्मण्यभि प्रवृत्तोपि, नैव किंचित् करोति सः ॥
श्री. भ. गी अ. ४-२०.

કર્મનાં ફળની આસક્તિ તજીને હમેશાં સંતોષી, તથા આશ્રયની ઇચ્છારહિત થઇને કર્મ કરનાર કર્મ કરવા છતા પણ કાંઇજ કરતો નથી.

માટે અંતઃકરણને વિશુદ્ધ કરવાને તથા સંસાર ઉપર દૃઢ વિરાગ લાવવાને મુમુક્ષુએ પ્રથમ સદ્‌વિચાર કરવાની આવશ્યકતા છે. તે માટે

ગૃહસ્થ સાધકે અગત્યના વ્યાવહારિક કાર્યથી પરવારીને યોગવાસિષ્ઠ, પંચીકરણ, શંકરાચાર્યપંચરત્ન, પરમપદબોધિની, ચંદ્રકાન્ત અને મણિરત્નમાળા વગેરે સત્શાસ્ત્રોનું અધ્યયન કરવું, તથા આ સંસાર અને તેની અસ્થિરતા સંબંધે પણ વારંવાર વિચાર કરવો, તથા તેમાં જે શંકાઓ ઉઠે તેનો ખુલાસો શ્રીસદ્‌ગુરૂ પાસેથી મેળવવો. આમ કરવાથી કેટલોક સમય જતા સાધકનું મન ધીરેધીરે સંસારનાં ક્ષણિક સુખો ઉપરથી ઉઠીને અખંડ સુખ મેળવવા તરફ દોરવાય છે. આવી રીતે શાસ્ત્રાભ્યાસથી તત્ત્વજ્ઞ મેળવવાની લગની થાય ત્યારે શ્રીસદ્‌ગુરુ સમક્ષ જઇ સાધનોની યાચના કરવી.

યોગના અધિકારી તથા યોગનાં ક્રમે ક્રમે ચઢવાનાં પગથીઆં

लभन्ते ब्रह्म निर्वाणमृषय. क्षीणकल्मषा. ।
छिन्नद्वैधा यतात्मान सर्वभूतहिते रता: ॥

श्री. भ गी अ. ५–२५.

જેમનાં પાપ નાશ થઇ ગયેલા હોય છે, તથા સુખદુ:ખાદિની અસર જેમને જતી રહેલી છે, જેમણે પોતાનુ મન વશ કરેલુ છે, તથા પ્રાણી માત્રનુ સારૂ કરવામા જેઓ મગ્ન રહેલા છે એવા સમર્થ પુરૂષો બ્રહ્મને અભેદરૂપે પામે છે.

* * * *

પાછળ આપણે આત્મજ્ઞાન મેળવવાની આવશ્યકતા વિષે કહી ગયા. તે આત્મજ્ઞાન મેળવવા ઇચ્છનાર સાધકના લક્ષણ કેવાં હોવાં જોઇએ તે સબંધે અત્રે સક્ષેપમાં વર્ણન કરવુ જરૂરનું છે. કેમકે યોગ્ય અધિકાર વિના આત્મજ્ઞાન મેળવવાના સાધન અર્થાત્ યોગસિદ્ધ થઇ શકતો નથી.

યોગના અધિકારીનું પ્રથમ લક્ષણ **વિવેક** છે. સારાસારના વિવેકથી સાધક ઘરબાર, સગાસંબંધી, ધનદોલત, તથા સમગ્ર દશ્ય પ્રપચને મિથ્યા માને છે, તથા પોતાનુ આત્મસ્વરૂપ કે જે સર્વદા સુખરૂપ છે તેને સત્ય માને છે વળી પારબ્ધયોગે સસારવ્યવહારમા

જે જે પ્રતિકૂળ પ્રસંગો આવે, તથા સૃષ્ટિની અવનવી લીલાઓ જણાય તે સર્વને કલ્પીત સમજીને તથા વિવેકથી તેનું સમાધાન કરીને સાધક હર્ષશોકાદિ વિકારોથી ચિત્તને મુક્ત રાખે છે.

જેમ આત્મજ્ઞાન મેળવનાર સાધકને સારાસારના વિવેકની પ્રથમ જરૂર છે, તેમ બીજુ લક્ષણ જે **વિરાગ** તે હોવાની પણ અનિવાર્ય અગત્ય છે. સંસારનાં ક્ષણિક સુખો ઉપર જેને અભાવ ઉત્પન્ન થયો ન હોય તેવો સાધક આત્મજ્ઞાન સંપાદન કરી શકેજ નહિ એ દેખીતુ છે. કારણકે જ્યાં સુધી સંપૂર્ણ વૈરાગ ઉત્પન્ન થાય નહિ ત્યા સુધી મન તથા ઇંદ્રિયો સસારના સુખો મેળવવા દોડાદોડી કરે, અને તેથી મલિન વાસનાને લીધે યોગ સાધવામાં અતિ અગત્યની જે એકાગ્રતા તે થઇ શકે નહિ, જેથી યોગના સાધન સિદ્ધ થઇ શકે નહિ, માટે સાધકે આ લોક તથા પરલોકના સર્વ સુખોને તુચ્છ ગણી તેમા નિરંતર વૈરાગ રાખવો. ખરો સાધક તો પોતાના દેહને પણ અ ય ત મલિન તથા મિથ્યા સમજીને તેમાં આસક્તિ રાખતો નથી.

મુમુક્ષુને **श्रद्धा** પણ અતિ અગત્યની છે. સત્શાસ્ત્ર તથા સદ્‌ગુરુના વચન ઉપર સપૂર્ણ શ્રદ્ધા હોય તેજ શિષ્ય સાધનમાં પાર પડી શકે છે. કારણકે અશ્રદ્ધાવાનને શ્રીસદ્‌ગુરુના વચન ઉપર વિશ્વાસ નહિ હોવાથી તે સાધનસિદ્ધિ માટે સપૂર્ણ પ્રયત્ન કરી શકતો નથી, અને સપૂર્ણ પ્રયત્ન કર્યા વિના ફળ પ્રાપ્તિ થતી નથી. શ્રીકૃષ્ણ ભગવાને પણ કહ્યુ છે કે **श्रद्धावाँल्लभते ज्ञानं** અર્થાત્ શ્રદ્ધાવાનજ જ્ઞાન મેળવે છે અને **संशयात्मा विनश्यति** એટલે સશયવાળો વિનાશને પામે છે. માટે શ્રીસદ્‌ગુરુના વચન ઉપર સાધકે સંપૂર્ણ શ્રદ્ધા રાખવી જોઇએ.

વળી સાધક ટાઢ, તાપ આદિ દ્વંદ્વોને સહન કરવાની શક્તિવાળો હોવા જોઇએ તેમજ એકાન સેવવામા પ્રીતિવાળો અને મોક્ષ મેળવવાની એક તીવ્ર ઇચ્છાવાળો હોવો જોઇએ. વળી યોગસાધકમા ત્યાગવૃત્તિ અર્થાત્ યોગસિદ્ધિને મ ટે બીજાં સુખો ત્યાગ કરવાની તત્પરતા હોવી જોઇએ, અને પોતે નમ્ર તથા કૃતજ્ઞી હોવો જોઇએ. આવા લક્ષણવાળા શિષ્યને યોગ્ય ગુરુ મળવાથી અલ્પ સમયમાં યોગ સિદ્ધ થાય છે.

સાધન.

સહજ યોગનું પહેલું સાધન નાદાનુસંધાન છે. ઘણાં શાસ્ત્રો અને મહાત્માઓ સ્થળે સ્થળે એનું વર્ણન કરે છે. પણ તે વિષે વધારે સમજવાની જરૂર છે જગતમાં ચાલતી કહેવતોમા પણ પ્રસંગે કહેવાનો ચાલ છે કે 'તમને દેહદિશાનું ભાન છે?' આ કથનનો અર્થ ઘણા થોડાજ માણસો સમજી શકે છે. માટે એ વિષે જણાવવાનુ જે દેહની પણ ચાર દિશાઓ છે. ૧ ડાબા કાન તરફની ઉત્તર દિશા, ૨ જમણા કાન તરફની દક્ષિણ દિશા, ૩ પીઠ તરફની (બોચીના ઉપલા ભાગની) પશ્ચિમ દિશા, અને ૪ લલાટ તરફની પૂર્વ દિશા ગણાય છે એ ચારે દિશાઓ પૈકી દરેકમાં બબે અને બ્રહ્મરંધ્રમા બે મળી એકંદરે દશ પ્રકારના નાદ સંભળાય છે. આ દશ નાદના પેટાભાગ મળી કુલ નાદ છત્રીસ છે, પણ તે પૈકી આ દશ મુખ્ય છે.

આ નાદ વિષે વિશેષ સમજવા, તથા અડચણ ટાળવા ગુરુશ્રી તરફથી જોઇતો ખુલાસો મેળવવાની જરૂર છે. એ સંબધમાં જેમ છે તેમ અત્રે જણાવવુ યોગ્ય ધાર્યું નથી. આ નાદ મન વશ કરવાનું યા મનોજય કરવાનુ અતિ જરૂરનુ અદ્વિતિય સાધન છે. મનવશ કરવાનાં બીજા ઘણા સાધનો છે, પણ તે બધા આ સાધન કરતાં ઉતરતા પ્રકારના છે, અને તેથી તેને ખાસ ધ્યાનમા રાખી પરમપદની પ્રાપ્તિ માટે સાધકે અડગ પ્રયત્નથી સિદ્ધ કરવા જેવું છે. નાદ સિદ્ધ થવાથી આગળ વધવાનાં બીજા સાધનો ઘણી સહેલાઇથી અલ્પ સમયમાં સિદ્ધ થાય છે. માટે સાધકે તેને હલકુ સમજીને તે તરફ દુર્લક્ષ કરવાનુ નથી. નાદ સિદ્ધ કરનાર સાધકનો અર્ધો યોગ સિદ્ધ થઇ ચૂક્યો એમ સમજવુ. કારણકે નાદ સિદ્ધ કરનાર સાધકની એકાગ્રતા એટલી બધી વૃદ્ધિ પામે છે કે તે એકાગ્રતાના પ્રતાપે પછીનાં સાધનો જલદી સિદ્ધ કરી ફળપ્રાપ્તિ અર્થાત્ બ્રહ્મસાક્ષાત્કાર સહેલથી થઇ શકે છે, વળી નાદ સિદ્ધ થવાથી મનઈંદ્રિયાદિ નિર્વિકારી બની ઉંચા પ્રકારના સાત્વિક આનંદનો સાધક ભોક્તા બને છે. તેથી તેને ક્ષુધાપિપાસા વગેરે દેહના ધર્મો પીડી શકતા નથી. સત્શાસ્ત્રો વદે છે કે આ જગત્ મનથી ઉત્પન્ન થયુ છે, અને તેથી '**मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः**' અર્થાત્ મનુષ્યોનુ બંધ અને

મોક્ષનું કારણ મનજ છે. આ નાદના સાધનથી મનનો લય થાય છે. જેથી સાધકને વ્યાવાહારિક સુખદુઃખો પણ અસર કરી શકતાં નથી. માટે જીજ્ઞાસુ સાધકે એ સિદ્ધ કરવા એક ધારાએ અડગ પ્રયત્ન કરવો. જેમ જેમ નાદ સિદ્ધ થતા જશે તેમ તેમ સાધકને અધિક અધિક રસ પડતો જશે, તથા બહારની ઉપાધિની અસર મન તથા શરીર ઉપર નહિ જણાતાં સાધનમા મચ્યા રહેવાશે

આ સાધન સિદ્ધ કરવા માટે સાધકે રાત્રિના બારથી ત્રણ વાગ્યા સુધીનો વખત કામમા લેવો, અને સિદ્ધાસન કે પદ્માસન અગર પોતાને અનુકૂળ એવુ કોઇ આસન રાખીને બેસવુ ખાસ કરીને સ્ત્રીને પદ્માસન અને પુરૂષને સિદ્ધાસન પરિપકવ કરવાની જરૂર છે. કેમકે તેથી ઉર્ધ્વરેતા થવાય છે. સાધકે એકાંત સ્થાનમા કે જ્યા કોઇ તરફથી અડચણ થાય નહિ એવી જગાએ બેસવુ, અને તે સ્થાન પવિત્ર, મનને આનદ ઉપજાવે એવુ તથા સારી હવાવાળું જોઇએ. આવે સ્થળે પોતે એકલાજ રહી અભ્યાસ કરવો જોઇએ. વખત મળે તો આવે સ્થળે દિવસે પણ અભ્યામ કરી શકાશે

નાદાનુસંધાન પછી બીજા સધન વિષે ઘણા ગ્રંથોમાં સહેજ સહેજ ઇસારા કરવામાં આવેલા છે. જેથી સાધકને સમજવા માટે સહેજ વધારે ખુલાસો અત્રે આપવામાં આવે છે.

હઠયોગ કરતાં આ સહજ યોગમા મુદ્રાઓ જુદા પ્રકારની છે. એ મુદ્રાઓ પાંચ છે. (૧) સાચરી, (૨) ભ્રચરી, (૩) ખેચરી, (૪) ઉન્મુનિ અને (૫) અગોચરી. શ્વાસ લેતાં સકાર તથા મૂકતાં હકારનું જે સ્વાભાવિક ઉચ્ચારણ થાય છે તેની સાથે આ પાંચે મુદ્રાઓને ઘણો સબધ છે. તેમાં મુખ્યત્વે કરી ઉન્મુનિ મુદ્રામાં એ સોહંનું ભજન સંભળાય છે. આ સોહંનો જપ થવામાં કંઇપણ પ્રયત્ન કરવો પડતો નથી. પણ સ્વાભાવિકજ થયા કરે છે. તેથી તેને અજપા જપ પણ કહે છે. આ સોહંના ભજન માટે મહાત્મા કબીરે કહ્યું છે કે:-

હોઠ જીભ હાલે નાહ, નહિ જંતરમાં નામ;
શુન્ય શિખરની ઉપરે, રણુકારમા રામ.

આ સાધનનો નાદના સાધન સાથે ઘણો નિકટનો સંબંધ છે, અને તેની માફક આ પણ એકાંતમા અને માત્ર રાત્રિએજ કરવાનું

છે. આ **સોહંના** ભજન માટે જરૂર પડતા સાધકે ગુરુશ્રી પાસેથી ખુલાસો લેવો. કેમકે જેમ છે તેમ સ્વાનુભવ વગર સમજાય કે કહેવાય તેમ નથી. આ ભજન પરિપકવ થતા પરમાત્માના સ્વરૂપનુ સાધકને દર્શન થાય છે તે વિષે મહાત્મા કબીરે કહ્યુ છે કે —

નામ નેનમા રમ રહ્યા, જાને વિરલા કોઇ.
જાકુ સદ્‌ગુરુ મીલ ગયા, તાકું માલમ હોઇ.

આ સ્વરૂપનુ વર્ણન અનિર્વચનીય છે. પરતુ તે ચર્મચક્ષુથી જોઇ શકાય છે. તે વિષે શ્રીવિષ્ણુબાવા બ્રહ્મચારીએ પોતાના ભાવાર્થ સિધુ નામના ગ્રથમા જણાવ્યુ છે જે પ્રથમ ‘ શિવ યોગ ’ અને પછી ‘ વિષ્ણુ યોગ ’ સિદ્ધ થાય છે. શિવ યોગથી પ્રકાશસ્વરૂપે અને વિષ્ણુયોગથી સાકાર સ્વરૂપે પરમાત્માના દશન થાય છે. કબીરે પણ કહ્યુ છે કે ‘ શુન્યકા મહેલમાં ગેબકા ચાદલા. ’ તથા રવિ સાહેબ પણ સ્વરૂપને વર્ણવતાં એક પદમાં લખે છે કે ‘ હે સખી ! આપણા પિયુ તો ઘનશ્યામ છે, તેને લોચનીયામાં હેરી લઇએ. ’ આ ઉપરથી સ્વરૂપ જોઇ શકાય છે એ બીના શકય છે. જોઇતો પુરૂષાર્થ નહિ કરવાથી સ્વરૂપ ન દર્શાય તેથી એમ માની બેસવુ નહિ કે સ્વરૂપ દર્શાતુ નથી. આ સ્વરૂપના દર્શન મૂગે સાકર ખાવાની માફક હોવાથી જે અનુભવે તેજ જાણે. જેથી અત્રે તે સબધે વિશેષ લખી શકાય તેમ નથી.

કેટલાક એમ કહે છે કે આત્મા એક છે, અને એકમાથી જગત્ ઉત્પન્ન થયુ છે, પણ તેમ નથી. મહામાયા અને પરબ્રહ્મ એ બે સ્વરૂપ છે. તે જે અનુભવે તેજ જોઇ જાણી શકે છે. **શિવયોગ**મા કુદનમા હીરો જડેલો હોય એવે સ્વરૂપે માયા રહેલ છે, અને **વિષ્ણુ યોગ**માં સાકાર સ્વરૂપે માયા વામભાગે વિરાજીત દેખાય છે. કેટલાક સાધકો **સોહં**ના ભજનમા નિરાકાર સ્વરૂપનો પ્રકાશ ભળી શાન્ત થઇ જાય છે, અને આગળ પુરૂષાર્થ કરતા નથી. જેથી તે સાકાર સ્વરૂપ સાધનની ન્યુનતાને લીધે જોઇ શકાતુ નથી. પરમાત્માનું સાકાર સ્વરૂપ જોવાની સાન **સોહં**નું ભજન નથી, પણ જુદી સાનથી તે સ્વરૂપ દેહની બહાર દેખાય છે

આ પ્રમાણેનુ પરમપદ યા સ્વસ્વરૂપ જે અનુભવે છે, તેજ નિર્વિકલ્પ સમાધિમાં છે, તથા જીવન્મુક્ત પણ તેજ છે એમ કહી શકાય.

આ પ્રમાણે સાધક જ્યારે સ્વસ્વરૂપને હસ્તામલકવત્ કરી રાખે છે, ત્યારેજ તેના જન્મમરણનો પાશ તુટી જાય છે, અને કર્મ ઉપાસના આદિ કર્મોની નિવૃત્તિ પણ ત્યારે થાય છે. શ્રી ગીતાજીમાં પણ કહેલુ છે કે:—

नहि देहभृता शक्य त्यक्तुं कर्माण्य शेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥

श्री. भ. गी. अ. १८–११.

જેણે શરીર ધારણ કરેલુ છે તે, સઘળાં કામોને સઘળા તો છોડી શકતોજ નથી. કર્મના ફળને જે છોડી દે છે, તેને ત્યાગી કહે છે. વળી કહ્યુ છે કે:—

विहाय कामान् यः सर्वान्पुमांश्चरति निस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्ति मधिगच्छति ॥

श्री. भ. गी. अ. २.

જે પુરૂષ સર્વ માયિક પદાર્થની તૃષ્ણા તજીને શરીરાદિના જીવનમાં સ્પૃહા નહિ રાખીને, વિષયોમાંથી મમતા નષ્ટ કરીને તથા દેહાદિમાંથી હુંપણાનો ત્યાગ કરીને સ્વતંત્ર વિચરે છે તે અજ્ઞાનની નિવૃત્તિરૂપ શાન્તિને પામે છે.

एषा ब्राह्मी स्थितिः पार्थ, नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वाऽस्यामंत कालेऽपि, ब्रह्म निर्वाणमृच्छति ॥

श्री भ. गी. अ २–७२

હે પાર્થ ! આ પ્રમાણે બ્રહ્મનિષ્ટ પુરૂષની સ્થિતિ છે, આ સ્થિતિને પ્રાપ્ત કરીને કોઇ મોહ પામતો નથી. અંતકાળે પણ આજ સ્થિતિમાં રહીને એવો પુરૂષ બ્રહ્મનિર્વાણ એટલે મોક્ષને પામે છે.

આ સ્થિતિ તે બ્રાહ્મી સ્થિતિ કહેવાય છે, તથા વિવિદશા પણ તેને કહે છે. આ સ્થિતિને પામેલો યોગી ફરીથી અજ્ઞાનને પામતો નથી.

સ્વાનુભવ વગર આ સહજયોગનુ રહસ્ય યા બ્રાહ્મીસ્થિતિ ખ્યાલમા આવે તેમ નથી. મોક્ષના સાચા લોભી સાધકબંધુઓ એકધારાએ સાધનમા મચ્યા રહે તો બ્રાહ્મી સ્થિતિને અનુભવી અમર બને !

બ્રહ્મચર્ય.

यावद्देहमिदं गदैर्न मुदितं नोवा जरा जर्जरं ।
यावत्त्वक्षकदंबकं स्वविषयज्ञानावगाहक्षमम् ।।
यावच्चायुरभंगुरं निजहिते तावद्बुधैर्यत्यतां ।
कासारे स्फुटिते जले प्रचालिते पालि कथं बध्यते ॥

જ્યાં સુધી આ શરીર રોગવાળું અથવા વૃદ્ધાવસ્થાથી જર્જરિત થયુ નથી, જ્યા સુધી પાંચે ઇંદ્રિયો પોતાના વિષયો સમજવાને સમર્થ છે, અને જ્યાં સુધી આયુષ્ય ક્ષય થઇ ગયું નથી ત્યાં સુધીમાં હે જીવ ! તું તારા કલ્યાણુ માટે યત્ન કર, કારણુ કે જ્યારે તળાવ તુટી જઇ પાણી બહાર નીકળવા માંડશે ત્યારે પછી તું પાળ કેવી રીતે બાંધીશ ?

(शान्त सुधारस.)

બ્રહ્મની પ્રાપ્તી માટે સાધકે આચારવા યોગ્ય જે મન, વાણી તથા કાયાથી ઉપસ્થેંદ્રિયનો નિગ્રહ તે બ્રહ્મચર્ય કહેવાય છે.

ચારે આશ્રમરૂપ નીસરણીનુ અતિ ઉત્તમ ફળ જે મોક્ષ કે અખંડ સુખ, તે પ્રાપ્ત થવાનો સર્વ આધાર બ્રહ્મચર્ય ઉપર રહેલો છે. કારણુ કે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળ્યા વિના સાધન કદી સિદ્ધ થઇ શકતું નથી. ઉંચી અને મજબુત ઇમારત બાંધવા માટે જેમ પ્રથમથીજ પાયો ઉંડો અને મજબુત કરવો જોઇએ તેમ ઉત્તમ મનુષ્યાદેહનું સર્વોત્કૃષ્ટ ફળ જે મોક્ષ અથવા સ્વસ્વરૂપમા સ્થિતિ તે મેળવવા માટે શુદ્ધ અંત.કરણુથી દીર્ઘ સમય સુધી બ્રહ્મચર્ય પાળવુ જોઇએ. બ્રહ્મચર્ય અર્થાત્ બ્રહ્મની સમીપ જવાના યોગ્ય માર્ગનુ ઉલ્લંઘન કરવાથી મનુષ્ય બ્રહ્મને પહોંચી શકે નહિ એ સ્વભાવિકજ છે. વ્યાવહારિક કે પારમાર્થીક હરકોઇ બાબતમા બ્રહ્મચર્યનું પાલન એટલુ બધુ ઉપયોગી છે કે અત્રે તેનું વર્ણુન થવું અશક્ય છે. ગૃહસ્થાશ્રમી મનુષ્યો કયા સાધનવડે પરમપદ મેળવી શકે એ બતાવવાનો જે આ લઘુ પુસ્તકનો ઉદ્દેશ છે તે ઉદ્દેશ, અસ્ખલિત બ્રહ્મચર્ય પાળ્યા વિના પાર પડી શકે તેમ નથી. જેમ પાંગળો અથવા ભાગેલા પગવાળો માણુસ ઉંચા પર્વતના શિખર ઉપર પહોચી શકતો નથી તેમ વારંવાર બ્રહ્મ-

ચર્યના ભગથી જેનું મનોબળ ભાગી ગયું હોય એવો અવ્યવસ્થિત ચિત્તવાળો મનુષ્ય મોક્ષના છેલ્લા માળ ઉપર જઈ શકતો નથી. આ માટે આપણા શાસ્ત્રકારોએ અને પરમપદમાં સ્થિત થયેલા જીવન્મુક્ત મહાત્માઓએ બ્રહ્મચર્યના ભારે વખાણ કર્યા છે તે કેવાં યથાર્થ તથા મનન કરવા જેવાં છે તે મુમક્ષુ સાધકથી સહજ સમજાય એમ છે. આ બ્રહ્મચર્યના પાલન માટે ભગવાન મનુ કહે છે કે 'બ્રહ્મચારીએ ગુરુના આશ્રમમાં વસી જીતેંદ્રિય રહેવુ, નમ્રતા રાખવી, શરીરને ક-સોટીમાં રાખવુ, ત્રિકાળ સંધ્યા કરવી, અગ્નિ, ગુરૂ, અને દેવની ઉ-પાસના કરવી, ગુરુની ઉપાસના માટે સવારસાજ જગલમાંથી ફળ ફુલ વગેરે લઇ આવવાં, ભિક્ષા માગી લાવી ગુરુને નિવેદન કરવી, સ્ત્રી સબંધી વાત ન કરવી, તથા સ્ત્રીનો પ્રસગ પણ કદી ન રાખવો, પ્રાતમાં વહેલા ઉઠી અભ્યાસ કરવો, અને ગુરુની સર્વ પ્રકારે સેવા કરવી. આ નિયમ પાળવાથી સહનશીલતા, ઇંદ્રિયનિગ્રહ, શૌર્ય, તેજ, બુદ્ધિ અને બળ વધે છે, અને તેથી બીજા એટલે ગૃહસ્થાશ્રમમાં મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થ સિદ્ધ કરવા ભાગ્યશાળી થઈ શકે છે. ઉંચા પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત કરવા ઇચ્છ-નાર જીજ્ઞાસુઓ પાસે સમર્થ ગુરૂઓ પોતાના સમીપ આવ્યા પછી અમુક મુદત સુધી બ્રહ્મચર્ય પળાવે છે. જ્યારે ઇંદ્ર બ્રહ્મવિદ્યા મેળવવા માટે બ્રહ્મા પાસે ગયા ત્યારે બ્રહ્માએ પ્રથમ ૧૦૧ વર્ષ સુધી ઇંદ્ર પાસે બ્રહ્મચર્ય પળાવ્યું, અને પછી બ્રહ્મ વિદ્યાનો ઉપદેશ આપી સાધન કરાવી બ્રહ્મ સાક્ષાત્કાર વડે જીવન્મુક્ત સ્થિતિમાં સ્થિત કર્યો.

હરકોઇ કાર્ય સિદ્ધ કરવામા ન્યુનાત્રિક એકાગ્રતાની જરૂર છે, અને તેમા પણ આત્મજ્ઞાન જેવા સૂક્ષ્મ વિષયનું ગ્રહણ કરવામા તો અચળ અને ચીરસ્થાઇ એકાગ્રતાની ખાસ જરૂર છે. પણ મન તથા ઇંદ્રિયો શાન્ત સ્થિતિમાં હોય ત્યારેજ એકાગ્રતા થઇ શકે છે, અને બ્રહ્મચર્યના ભગથી મન તથા ઇંદ્રિયો એટલીબધી ચલાયમાન થાય છે કે તેથી ઘણા વખત સુધી તે પાછા શાન્ત સ્થિતિમાં આવતાં નથી. જેથી એક વખત કરેલા બ્રહ્મચર્યના ભગથી સાધકનું યોગબળ એટલું બધુ નાશ પામે છે કે ઘણી મુદતે પણ ફરીથી તેટલુ મેળવવુ મૂશ્કેલ પડે છે. આ પ્રમાણે ઘણા પ્રયત્નથી મેળવેલું ઉત્કૃષ્ટ યોગબળ બ્રહ્મ-ચર્યના ભંગથી નાશ પામ્યા વિષે આપણે પૂર્વના અનેક ઋષિ મહા

ત્માઓના સંબંધમા જાણીએ છીએ. વિશ્વામિત્ર ઋષિના મેનકા સાથેના પ્રસગથી કેવી અવનતિ: થઇ તે આપણે પુરાણાદિકથી જાણીએ છીએ.

જેમ આગગાડી લોઢાના મજબુત પાટા ઉપરજ સહેલથી ચાલી શકે છે, પણ તુટેલા અગર નબળા પાટા ઉપર ચાલી શકતી નથી, અને તેથી જેમ આગગાડી પાટારહિત સડક ઉપર દોડીને આપણને ધારેલે સ્ટેશને પહોચાડી શકે નહિ તેમ આપણો સાધનક્રમ પણ દૃઢ બ્રહ્મચર્ય વિના આપણને મોક્ષના દ્વાર સુધી પહોચાડી શકે નહિ. વળી સાધકના મોક્ષ મેળવવાની જે તીવ્ર ઇચ્છા તે પણ બ્રહ્મચર્યના ભગથી મોળી પડી જાય છે, અને વારવાર બ્રહ્મચર્યનો ભગ કરનાર એવા કામીપુરૂષોની તો મોક્ષ મેળવવાની સમૂળી ઇચ્છાજ થતી નથી.

આપણુ પહેલું સાધન જે નાદાનુસંધાન તે દૃઢ બ્રહ્મચર્ય પાળ્યા વિના સિદ્ધ થઇ શકતું નથી. ઘણા સાધકો તે સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે, પણ તે કાળે જો તેઓ બ્રહ્મચર્યનો ભંગ કરે છે તો તત્કાળ નાદનુ શ્રવણ બધ થઇ જાય છે, અને પ્રથમ જે સિદ્ધ કરેલું હોય તે ફરીથી સિદ્ધ થતાં ઘણી મશ્કેલી નડે છે. કારણકે બ્રહ્મચર્યના ભગથી સાધકનુ મનોબળ ઘણુ ઘટી જાય છે. જ્યારે સિદ્ધ કરેલા સાધનમા બ્રહ્મચર્યના ભગથી મોટો અતરાય આવે છે તો પછી આગળના બીજા સાધનો સિદ્ધ થવાની તો વાતજ શી કરવી ? માટે બ્રહ્મચર્યના પાલન ઉપર દરેક મુમુક્ષુ સાધકે બહુજ ધ્યાન આપવાની જરૂર છે.

વિર્યને રહેવાનુ મૂળ સ્થાન લલાટ છે. જ્યારે પુરૂષને કામ સબધી ઇચ્છા ઉત્પન્ન થાય છે, ત્યારે લલાટમા રહેલુ વિર્ય વિકારી થઇને તેનુ પતન થાય છે, અને તે વિકારી વિર્ય વિર્યાશયમા એકઠુ થઇને પછી ઉન્દ્રમાં, સ્વપ્નમાં કે પેશાબમા ગમે તે રીતે બહાર નીકળી જાય છે. શ્રીશકર ભગવાન્ મહાન યોગીશ્વર તથા કામજીત ગણાય છે. તેમણે લલાટમા ધારણ કરેલુ ચંદ્રનુ ચિહ્ન એમ સુચવે છે કે તે ઉર્ધ્વરેતા અર્થાત્ વિર્યને ઉચે લલાટમા ટકાવી રાખનારછે.

સસારનો ત્યાગ કરીને વનવગડામા રહેનારા અગર વ્યવહારમાં

રહેલા અવિવાહીત મનુંષ્યો શુદ્ધ અંતઃકરણથી દૃઢ બ્રહ્મચર્ય પાળીજ શકે છે એમ કંઇ કહેવાય નહિ. કારણ કે એવા માણસો કદાચ સ્ત્રીસમાગમથી દૂર રહે પણ સ્ત્રી સંબંધી વિચારોથી ભાગ્યેજ દૂર રહે છે, અને સ્ત્રીસંબંધી ઇચ્છાને જરાપણ અવકાશ આપવો એ સાક્ષાત્ બ્રહ્મચર્યનો ભંગ કર્યા બરાબર છે. કારણ કે પાછળ બતાવ્યા મુજબ સ્ત્રીસમાગમની ઇચ્છા પ્રકટ થતા તત્કાળ વિર્યમા ક્ષોભ ઉત્પન્ન થઈ તે વિકારી વિર્ય નીચે ઉતરી ગમે તે રીતે બહાર નીકળી જાય છે. વિર્ય શરીરમા ટકી રહે અને કોઇપણ રીતે બહાર નીકળી જવા પામે નહિ ત્યારેજ બ્રહ્મચર્યનો ખરેખરો લાભ સમજાય છે. માટે આત્મજ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનાર પ્રત્યેક સાધકે એ વાત લક્ષમા રાખી વિર્યનો શરીરમાં નિરોધ કરવો આવશ્યક છે.

ફક્ત આત્મજ્ઞાન મેળવનાર સાધકનેજ બ્રહ્મચર્યના પાલનની જરૂર છે એમ કંઇ નથી. વ્યવહારિક કાર્યોને ઉતમ પ્રકારે પાર પાડવા ઇચ્છનાર મનુષ્યોને પણ બ્રહ્મચર્યનુ પાલન અતિ અગત્યનુ છે. વિર્ય શબ્દ બળ, તેજ, પરાક્રમ વગેરેના અર્થમા વપરાય છે તે ઉપરથી દેખીતુજ છે કે આપણે બળ, તેજ વગેરે મેળવવા માટે વિર્યને શરીરમા ટકાવી રાખવુ જોઇએ. અગાઉ જે જે મહાન યોદ્ધાઓ રણસંગ્રામમા અતુલ પરાક્રમ દાખવી ગયા છે, તથા જેમના યશોગાન આજે દુનિઆની સમગ્ર પ્રજા એકે અવાજે કરી રહી છે તે સર્વ મહાપુરૂષોએ બ્રહ્મચર્યનુ રૂડી રીતે પાલન કર્યુ હતુ. હનુમાન, ભિષ્મપિતામહ, ભીમ, લક્ષ્મણ, અર્જુન અને એ વિના બીજા જે જે યોદ્ધાઓ ઉત્તમોત્તમ તનમનવાળા બની અસાધારણ બુદ્ધિબળથી પોતાનુ નામ અમર કરી ગયા છે તે સર્વ બ્રહ્મચર્યનાજ પ્રતાપ છે. વળી વાલ્મિકિ, વસિષ્ઠ, શંકરાચાર્ય, ગોતમ, વ્યાસ, પતંજલિ અને તેવા બીજા અસંખ્ય મહાપુરૂષો કે જેઓ બ્રહ્મચર્યના પાલનની પરાકાષ્ટાએ પહોચ્યા હતા, તેઓએ અનેક સદ્ગ્રંથો રચી પોતાની અપરિમિત બુદ્ધિ બતાવી છે આ મહાન પુરૂષોના બનાવલા ગ્રંથોમા આપણા હાલના ઘણા વિદ્વાનોની મતિ પ્રવેશ કરી શકતી નથી, અને જ્યારે હાલના બી. એ. કે એમ. એ. ની ડીગ્રી મેળવનાર વિદ્વાનોની બુદ્ધિ એ ગ્રંથોનું ખરૂ રહસ્ય સમજવામા ઘણીવાર ગોથાં ખાઇ બેસે છે, ત્યારે એ ગ્રંથોના બનાવનાર મહાપુરૂષોની બુદ્ધિ કેટલી સૂક્ષ્મ તથા વિસ્તીર્ણ હશે તેનો ખ્યાલ તો સાધારણ મનુષ્યના મનમાં આવવો કઠિનજ છે.

બ્રહ્મચર્યના પાલનથી ઉત્તમ આરોગ્ય સાથે આપણા પૂર્વજો સો કરતાં વધારે વર્ષ જીવી શકતા, અને એ નિયમ તોડવાથી હાલ આપણામાંના ઘણા થોડા ૫૦ કે ૬૦ વર્ષ સુધી પણ મહામૂશ્કેલીએ પહોંચી શકે છે. બ્રહ્મચર્યના પ્રતાપથી આપણા પૂર્વજોને સુતરાઉ કે ઉનનાં વસ્ત્રવડે શરીરને હૂંફાળુ રાખવાની જરૂર નહોતી. ફેસનેબલ છત્રીઓ વડે વરસાદ કે તાપને અટકાવવાની ગરજ નહોતી. જુદા જુદા પ્રકારનાં કૃત્રિમ નરમ બીછાના વડે શરીરને અધિક સાચવવાની ઇચ્છા નહોતી, કાચું અનાજ ખાવાથી અજીર્ણવિકાર થવાની કંઇ ધાસ્તી નહોતી, અને હજારો ગાઉનું અંતર કાપવામા ગાડી ઘોડા કે રેલવેનો આશ્રય લેવાની જરૂર પડતી નહોતી. આપણા પૂર્વજો ઘણીવાર દિગંબર રહેતા, અને કવચિત ખડબચડા વલ્કલ ધારણ કરતા, વરસાદ કે તડકામા ફરતા, પૃથ્વીરૂપી બીછાના ઉપર શયન કરતા, ખોરાકમાં જે મળે તે કાચું અગર શેકીને ખાતા, અને હજારો ગાઉ સુધી પગે ચાલીને જતા. તોપણ આવા છેક જંગલી સ્થિતિમાં ગણાયેલા આપણા પૂર્વજોએ જે કર્યુ છે, જે કઇ અનુભવ્યુ છે, અને જે કઇ આપણને વારસામાં સોંપતા ગયા છે તે હાલ આપણાથી બની શકે એમ નથી. આપણા પૂર્વજોએ અગાઉ જે મહાન વિજયો મેળવ્યા છે, તે હાલની સુધરેલી સ્રષ્ટિની કોઇપણ પ્રજા હજી લગણ મેળવી શકી નથી. જે વસ્તુઓ તથા સિદ્ધાંતોને માટે હાલના સુધરેલી દુનીઆના પ્રોફેસરો પોતાની અમૂલ્ય જીંદગી સાથે લાખો રૂપીઆ ગુમાવે છે, તથા હજારો ગાઉ દોડી મરે છે, છતા હજી સુધી જેનો પાર પામી શક્યા નથી, તે સિદ્ધાંતો તથા તે વસ્તુઓ આપણા પ્રતાપી પૂર્વજો આપણને આપણા નાનકડા ઘરમા બતાવી ગયા છે. આપણા પૂર્વજો આપણને કહેતા ગયા છે કે હે પુત્રો! તમે શુદ્ધ મનથી બ્રહ્મચર્યપાળો, કારણકે અમે તથા અમારા પૂર્વજો પણ એજ રીતે ઉન્નતિ પામ્યા છીએ.

જેમ વરાળને યુક્તિપૂર્વક દાબી રાખવાથી તેના બળમાં ઘણો વધારો થાય છે, અને પછી તે બળવડે આપણે ઘણા મોટાં કાર્ય કરી શકીએ છીએ, તેમ જે મનુષ્ય યુક્તિથી પોતાના શરીરમા વિર્યનો ઘણો જમાવ કરી તેને ટકાવી રાખે છે તે બુધ્ધિબળના ઘણા મોટાં કાર્ય કરી શકે છે. વિર્યના સંગ્રહથી આપણા શરીરબળમા તથા મનોબળમાં આશ્ચર્યકારક વૃધ્ધિ થાય છે, આપણું અંતઃકરણ સ્થિર તથા

ગંભીર બને છે, સ્મરણશકિત ઘણી તેજ થાય છે, આરોગ્યમાં અસાધારણ અને કાયમનો સુધારો થાય છે, ઉત્સાહ અને સ્ફુર્તિ વૃધ્ધિ પામે છે, અંતઃકરણ નિર્વિકારી બની તેમા ઘણા શુભ ગુણો પ્રકટી નીકળે છે, અને લાંબા વખત સુધી શરીરની કે મનની સખત મહેનત કરી શકાય છે. જેઓમાં વિર્યનો ઘણો અભાવ હોય છે તેઓના શરીરમા ઉપર જણાવેલા પરિણામોથી વિપરીત પરિણામ આવે છે.

વિર્યનુ રક્ષણ થવાથી શરીરબળ પોષાય છે, શરીરબળ પોષાવાથી મનોબળમાં વધારો થાય છે, અને મનોબળ વધવાથી અધ્યાત્મબળ વધવાની યોગ્યતા આવે છે. માટે સર્વોત્તમ અધ્યાત્મબલ આપનાર મૂળ બીજ વિર્યનું રક્ષણ અર્થાત્ બ્રહ્મચર્યનું પાલનજ છે. જેથી અધ્યાત્મબલ અર્થાત્ આત્મજ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનાર સાધકને પોતાનો હેતુ પાર પાડવામાં બ્રહ્મચર્યનુ પાલન એ એક અમોઘ હથિયારરૂપ છે એમ સ્પષ્ટ થયા વિના રહેશે નહિ.

અત્યારનો જમાનોજ એવો છે કે હાલની પ્રજાને યુવાવસ્થા વહેલી પ્રાપ્ત થાય છે. તેના કારણો શોધીશુ તો માલુમ પડશે કે આપણા લોકોમા બાળપણમા લગ્ન કરવાનો ઘણો માઠો રિવાજ દાખલ થયેલો છે. જેથી ઘણુ અંશે આપણી સંતતિ જન્મથીજ નિર્બળ ઉત્પન્ન થાય છે, અને તેથી તેમને યુવાવસ્થા પણ વહેલી આવે છે. વળી હાલનાં શૃંગારરસપ્રધાન નાટકો તથા નવલકથાઓ વાચવાથી અને મનમા વારંવાર વિષય સંબંધી વિચારો કરવાથી તારૂણ્ય વહેલુ પ્રાપ્ત થાય છે. ડુંગળી, લસણ, મરચાં, તેલ, આમલી, ચા, પાન, લવંગ, તજ, મરી, તમાકુ તથા એવા બીજા ઉત્તેજક પદાર્થોનો બહુ ઉપયોગ પણ બ્રહ્મચર્યનો ભંગ કરવામાં હેતુરૂપ થાય છે. વળી આપણી પ્રજામાં હાલ વ્યાયામનો ઘણો અભાવ છે, તથા હાલની શિક્ષણપદ્ધતિથી છોકરાઓનાં મસ્તિષ્ક તથા જ્ઞાનતંતુઓ નબળા પડી તેમના મનમાં કામ વહેલો જાગ્રત થાય છે, અને તેથી અકાળે યુવાવસ્થા આવી વિર્યનું સ્ખલન થઇ શરીર નિર્માલ્ય થઇ છે.

આપણે છોકરાંને મોડા પરણાવીએ, પણ જ્યાં સુધી કામેચ્છા જાગ્રત કરનાર ઉપરના તમામ કારણોને દૂર કરીએ નહિ ત્યાં સુધી યુવાનો શુદ્ધ બ્રહ્મચર્ય પાળી શકે એ અશકય છે

પ્રજોત્પત્તિને માટે જે યોગ કુદરતથી નિયત થયેલો છે તેનું પ્રાધાન્ય છોડી હાલના ગ્રહસ્થાશ્રમીઓ ફકત પોતાની રાક્ષસી ઇચ્છાઓને તૃપ્ત કરવા ખાતરજ તે કર્મ આચરે છે પશુપંખી તથા બીજા હલકા વર્ગના પ્રાણી પણ નિયમિત કાળેજ સંયોગ કરે છે, ત્યારે સર્વમા ઉત્તમ ગણાયેલા મનુષ્યને કોઇપણ જાતનો નિયમ નથી. ઇચ્છા એજ આપણો નિયમ છે, અને મોહને વશ થયેલા અસ્વસ્થ મનની મરજી એજ આપણો યોગ્ય વખત છે. પણ કુદરત આપણા તે સ્વચ્છંદીપણાને સાખી શકી નથી. વિષયોના અતિરેકપણાથી આજે આપણે ઉન્નતિના શિખર ઉપરથી ગબડીને અવનતિના ઉંડા ખાડામા પડયા છીએ.

વિષયો ભોગવવાથી છુટશે એમ ધારીને જેઓ તેમને ભોગવે છે, તેઓ બળતામા ઘી હોમીને અગ્નિને હોલવવા જેવો પ્રયાસ કરે છે, કારણ કે વિષયો ભોગવવાથી કોઇને તૃપ્તિ થતી નથી. પણ ઉલટા તેના મલિન સસ્કાર પડી ઇચ્છા અધિક અધિક વધતી જાય છે. શ્રીમન્ શકરાચાર્યે કહ્યુ છે કે.—

दोषेण तीव्रो विषय कृष्ण सर्प विषादपि ।
विषं निहन्ति भोक्तारं द्रष्टारं चक्षुषाप्ययम् ॥

કાળોતરા નાગના ઝેર કરતાં પણ વિષય વધારે ભુંડો છે કારણકે ઝેર તો ખાનારને મારે છે, અને આ વિષય તો આખથી જોનારને પણ મારે છે.

આપણે સમજીને વિષયો છોડીશુ નહિ, તોપણ આખરે તે તો જવાનાજ છે. તો પછી તેથી થતા અસખ્ય નુકસાનોને સ્મરણમા રાખી પહેલેથીજ તેને તજી દેવામા ડહાપણ છે. રાજર્ષિ ભર્તૃહરિએ કહ્યુ છે કે —

अवश्यं यातारश्चिरतर मुषित्वापि विषया,
वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ।
व्रजन्तः स्वातन्त्र्यादतुलपरितापाय मनस,
स्वयं त्यक्ता ह्येते शमसुखमनंतं विदधाति ॥

ઘણા વખત સુધી રહ્યા પછી પણ વિષયો આખરે તો જવાનાજ છે. લોકો જો પોતાની મેળે તજી ન દે તોપણ તેનો વિયોગ થવાનો એમા કાઇ બે મત છેજ નહિ જો તેઓ પોતાની મેળે જશે

તો મનપર મહાશોક મૂકીને જશે, અને આપણે જો તેઓને તજી દઇએ તો મહાશાન્તિ આપે છે.

વીસ પચીસ વરસની ઉમરે જેમનું શરીર પહાડને પણ પાડું મારે એવુ બળવાન હોવુ જોઇએ, તેમના શરીરની તથા મનની બ્રહ્મચર્યના ભંગથી કેવી માઠી હાલત આવી પડી છે તેનો જરા વિચાર કરીએ જેમના ઉપર આપણા દેશની ચડતીનો મોટો આધાર છે, તથા જેઓ ભવિષ્યમાં મહાપુરૂષો નિવડે એવી આપણે આશા રાખી બેઠા છીએ એવા આ જુવાનીઆઓમાંના ઘણા સીધી ગરદન અને ટટાર છાતીથી ચાલી શકતા નથી, ભોંય ઉપર બેસે છે, તો કામઠાની પેઠે શરીરને વાંકુ વાળ્યા વિના ટટાર બેસી શકતા નથી. વીસ વરસની ઉગતી વયમા આંખોનુ તેજ હણાઇ જવાથી ચશ્મા પહેર્યા વિના ચાલતુ નથી. એક બે ગાઉ જવુ હોય તો ગાડી શોધવાની જરૂર પડે છે, અને આગગાડીમાથી ઉતરીને પા અર્ધો ગાઉ ચાલીને ઘેર આવવુ હોય તો પાચશેરનુ પોટકું લઇને ચલાતુ નથી. સમુદ્રને ઓળંગીને લંકામા જનાર હનુમાન તથા રણસંગ્રામમાં હાથીઓના પુછડાં ઝાલીને આકાશમા ઉડાડનાર ભીમ સાથે આપણા હાલના જુવાનીઆઓના શારીરિક બળમા આસમાનજમીન જેટલો ફેર પડી ગયો છે એ વગર કહ્યેજ સમજાય તેમ છે.

યુવાનોમા બ્રહ્મચર્યની અભિરૂચી પ્રકટ કરવી એ માબાપની સૌથી વધારે અગત્યની ફરજ છે માબાપે બ્રહ્મચર્યનુ મહાત્મ્ય યથાર્થ સમજવુ જોઇએ અને તે દ્રઢપણે પાળવુ જોઇએ. વળી મર્યાદાનો ભંગ ન થાય તેમ પોતાના પુત્ર પુત્રીને તેના પરિસેવન માટે બોધ દેવો જોઇએ તેમજ તેઓ કેટલે અંશે તે પાળે છે તેની તપાસ રાખવી જોઇએ. વળી તેમને સારી સોબતમા રાખવા જોઇએ કે જેથી તેમના વિચાર મલિન થવા પામે નહિ. શુદ્ધ મનથી બ્રહ્મચર્ય પાળવા ઇચ્છનારે મનને નવરૂ પડવા નહિ દેતા તેને શુદ્ધ વિચાર તથા શુભ કાર્ય કરવામાં રોકાએલુ રાખવુ, પ્રાકૃત મનુષ્યોનો પ્રસંગ રાખવો નહિ, ઉત્તેજક પદાર્થો વાપરવા નહિ, રાગપૂર્વક કોઇપણ સ્ત્રી તરફ દ્દષ્ટિ કરવી નહિ. તેમજ સ્ત્રીઓ સાથે વાતચીત પણ કરવી નહિ, બ્રહ્મચર્યના પાલનથી થતા લાભોનુ તથા વિષયાતિરેકથી થતી હાનિનું સતત સ્મરણ રાખવુ, અને એ મહાપાપમા ન પડાય માટે શ્રી પ્રભુનું

આરાધન કરવુ. સાધકને જ્યારે જ્યારે એ દુષ્ટ વાસના અંતરમાં પ્રકટેલી જણાય ત્યારે ત્યારે પરમાત્માના સર્વ વ્યાપકપણાનો તથા દૃશ્ય પદાર્થોના મિથ્યાપણાનો વિચાર કરવો, અને સદ્ગુરુની આજ્ઞા તથા પોતાના લક્ષ્યસ્થાનનું સ્મરણ કરવું. તેમજ ઇંદ્રિયોની વ્યાકુળતા નિવૃત્ત થતા સુધી શ્રી સદ્ગુરુના બતાવ્યા પ્રમાણે પ્રાણાયમ અગર પ્રષ્ટ મંત્રનો જપ આગ્રહથી કર્યા કરવો.

यंत्र तिलानां कठिनं राशिमुग्र मिवा कुलम् ।
यं पीडयति नानंगस्तं मृत्युर्न जिघांसति ॥

જેમ યંત્ર તલના મોટા ઢગલાને પણ વ્યાકુળ કરીને પીલી નાખે છે તેમ અનગ જેને વ્યાકુળ કરીને પીલે નહિ તે પુરૂષને મૃત્યુ નડી શકતો નથી.

वपुखंडाभि पतितं शाखामृग मिवोद्धितम् ।
न चंचलं मनो यस्य तं मृत्युर्न जिघांसति ॥

શરીરરૂપી વનખડમા રહેનારો અને વારવાર કુદયા કરતો જેનો મનરૂપી મર્કટ ચાચલ્યને તજી દે તે માણસને મૃત્યુ બાધ કરતો નથી.

બ્રહ્મચર્ય વ્રત એ સર્વ વ્રતોમા શ્રેષ્ઠ વ્રત છે. જેમ હાથીના પગલામાં સર્વ પ્રાણીઓના પગલા સમાઇ જાય છે તેમ બ્રહ્મચર્યવ્રતમાં સર્વ વ્રતોનો સમાવેશ થાય છે. બ્રહ્મચર્યવ્રતનો ભગ થાય તો બીજાં વ્રતો કોઇ પણ ઉપાયથી યથાર્થ ફળ આપનાર થતાં નથી. સાધકને આ વ્રત સર્વ રીતે ઉન્નતિના શિખરે દોરનારૂ છે. માટે પ્રત્યેક સાધકે બ્રહ્મચર્યનું આગ્રહથી પરિશીલન કરવા પ્રયત્ન કરવો, અને વિષયવાસનાની નિવૃત્તિ કરી પરમાનંદરૂપ આત્માના અપરોક્ષ અનુભવ વડે કૃતાર્થ થવુ.

भवारण्यं मुक्त्वा यदि जिगमिषुर्मुक्ति नगरीं,
तदानीं मा कार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ।
यतश्छायाप्येषां प्रथयति महामोहमाचिरा—
दयं जंतुर्यस्मात्पदमपि न गंतुं प्रभवति ॥

આ સંસારરૂપી અરણ્યનો ત્યાગ કરીને જો તારે મોક્ષ નગરીમાં જવાની ઇચ્છા હોય તો વિષયરૂપ વિષવૃક્ષમાં વસતિ કરીશ નહિ. એ વૃક્ષોની છાયા પણ લાંબા વખત સુધી મહામોહ કરનાર છે, જેમાથી એક પગલુ પણ ભરવાને આ પ્રાણી સમર્થ નથી.

પાતિવ્રત્ય.

પૃથિવ્યાં યાનિ તિર્થાનિ સતી પાદેષુ તાન્યપિ ।
તેજશ્ચ સર્વ દેવાનાં મુનિનાં ચ સતીષુ ચ ॥

પૃથ્વીને વિષે જેટલાં તિર્થો છે તે સમસ્ત પતિવ્રતા સ્ત્રીના ચરણુમા રહે છે, તથા સર્વ દેવતા અને મુનિઓના તપનું તેજ પણુ સતી સ્ત્રીઓના ચરણુમા રહે છે.

ઉપર આપણે કહી ગયા કે પુરૂષને બ્રહ્મસાક્ષાત્કાર કરવા માટે સુદૃઢ બ્રહ્મચર્ય પાળવાની ખાસ અગત્ય છે. પરંતુ કુદરતના નિયમો સર્વને એક સરખી રીતે લાગુ પડે છે. જેવી ને જેટલી અગત્ય પુરૂષને બ્રહ્મચર્ય પાળવાની છે, તેવી ને તેટલીજ અગત્ય સ્ત્રીઓને શિયળ પાળવાની છે. બ્રહ્મચર્ય અને શિયળવ્રત એ એક બીજાને અવલંબીને રહેલા છે. એટલે એકના ભગમા બીજાના ભગની અપેક્ષા છે એ વિના કહેજ સ્પષ્ટ સમજાય એમ છે.

શિયળવ્રત અને પાતિવ્રત્ય એ લગભગ એક બીજાને મળતા શબ્દો છે. તો પણ એમાં જરા ફેરફાર છે. કેમકે પાતિવ્રત્યમા સ્વપતિના સમાગમથી તદ્દન અલગ રહેવાનો અર્થ આવતો નથી અને શિયળવ્રતમાં તો પુરૂષ માત્રના સમાગમથી અલગ રહેવાનો અર્થ રહેલો છે. આ સ્થળે આપણે ગૃહસ્થાશ્રમીઓને અતિ ઉપયોગી એવા પાતિવ્રત્ય સંબંધે બે બોલ કહેવા ઉચિત ધાર્યું છે.

જે પુરૂષ સાથે પોતાનું લગ્ન થયુ છે—જેને હસ્તક વડીલોએ પોતાને અર્પણ કરી છે. તે પુરૂષ સાથે સ્ત્રીએ મન, કર્મ અને વચનથી હમેશાં પ્રેમ રાખવો અર્થાત્ દરેક રીતે તેને વફાદાર રહેવુ તેને પાતિ-વ્રત્ય કહેવામાં આવે છે.

આ વિશાળ ભરતખંડની પવિત્ર ભૂમિ ઉપર પૂર્વે અનેક સ્ત્રીઓએ પાતિવ્રત્યથી પોતાનું નામ અમર કર્યું છે. સીતા, દ્રૌપદી, અનસુયા, તારામતી, મૈત્રેયી, ગાર્ગી, દમયંતી અહલ્યા, સાવિત્રી અને તે ઉપરાંત બીજાં ઘણુા સ્ત્રીરત્નોએ પોતાના સતીત્વ બળથી ભારતની કીર્તિને દુનિઆમાં પ્રકાશીત કરી છે. ભવિષ્યની સ્ત્રીઓએ પોતાનું જીવન કેવી રીતે ગાળવુ જોઇએ તે તેમણે પોતાના અનુકરણીય દૃષ્ટાંતથી સ્પષ્ટ કરી આપ્યુ છે. **'પતિર્દેવોભવ'** એ પુર્વની પતિવ્રતા સ્ત્રીઓનું વેદવાક્ય

ધુ. એ વે વાકયને અનુસરીને તેમની સર્વ ક્રિયાઓ પતિનેજ પ્રસન્ન કરવાને, તેમનુંજ હિત સાચવવાને અને તેમનેજ સુખ આપવા માટે હતી. તેમની આવી અનુપમ સ્વામિભક્તિના પ્રભાવથી તેમણે પુરૂષોની અર્ધાંગના એવુ ઉત્તમ નામ પ્રાપ્ત કર્યું છે. તેમના વિશુદ્ધ જીવનક્રમથી પોતાના પતિના અંતઃકરણનો શુભાશીર્વાદ તથા પ્રેમ સંપાદન કરવાને તેઓ ભાગ્યશાળી થયાં એ ઓછું આનંદજનક નથી.

આપણે તેજ ભારતભૂમિના વાસી છીએ. તેજ મહિલાઓઃ આ ભૂમિની ઉન્નત સ્ત્રીઓ હતી. તેજ સ્ત્રીઓએ ભારતની ભૂમિને દિવ્ય પ્રકાશથી ઝળઝળીત કરી હતી, અને તેજ સ્ત્રીઓએ અનેક નરરત્નોને જન્મ આપીને તેમનાં અદ્ભુત કાર્યોનો સ્વાદ આપણા પૂર્વજોને ચખાડયો હતો.

હાલમાં પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગને લઇને સ્ત્રીઓ પોતાના વડીલો તથા પતિથી વધારે સ્વતંત્ર થવાને મથે છે. અલબત, સ્ત્રી તેમજ પુરૂષ બને સંસારવૃદ્ધિ તથા ક્રમમાં સરખાં અગત્યનાં છે. પરંતુ ઉન્મત્ત થઇને પુરૂષ જેટલી ઉચ્ચ સ્થિતિએ પહોચવા જેટલા ગુણો પ્રાપ્ત કર્યા પહેલા સ્વતંત્ર થવાનો ખોટો ઘોઘાટ કરવો એ એક પ્રકારની ઘેલછા છે. આપણા વડવાઓએ આપણા સસારનો જે ક્રમ નિયત કર્યો છે તે ઘણો પ્રશસનીય છે. સામાન્ય રીતે જોતા સ્ત્રીઓને કોઇપણ અવસ્થામાં સ્વતંત્ર રીતે વર્તવું તે તેમને માટે હિતકર નથી. આપણા ધર્મશાસ્ત્રમા સ્ત્રીજાતિને સ્વતંત્રતા આપી નથી. કહ્યુ છે કે –

बाल्ये पितुर्वशे तिष्ठेत् पाणिग्राहस्य यौवने।
पुत्राणां भर्तरिप्रेते न भजेत् स्त्री स्वतन्त्रताम् ॥

બાલ્યાવસ્થામા પિતાને, તરૂણાવસ્થામા પતિને અને પતિ ગુજરી જતા (વૃદ્ધાવસ્થામાં) પુત્રને વશ રહેવુ. પણ સ્ત્રી જાતિએ કયારે પણ સ્વતંત્ર વર્તવુ નહિ.

લગ્નનો મૂળ ઉદ્દેશ સ્ત્રી અને પુરૂષના વિચારોને જોડીને તેમની શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનો છે. તે ઉન્નત શિખરે ચઢવાને બંનેના વિચાર તથા કૃતિઓ એક બીજાને મદદગાર હોવાં જોઇએ. અગાઉ આ શ્રેષ્ઠ હેતુ તરફ પ્રજાનું દુર્લક્ષ નહોતુ, એ વાત શાસ્ત્રો તથા ઇતિહાસોથી આપણે સારી રીતે જાણીએ છીએ

જગતમાં પ્રેમ એ ઇશ્વરી અંશ છે. એ પ્રેમના પવિત્ર અંશને પૂર્વની પતિવ્રતા સ્ત્રીઓ મરણ પર્યંત પોતાના હૃદયમા આરૂઢ રાખતી. પોતાના પતિ સાથે તેમનો પ્રેમ હમેશ માટેનો હતો. પતિનું મરણ થાય ત્યારે પતિવ્રતા સ્ત્રી પોતાના શરીરને ટકાવી શકતી નહિ, અને તે પતિના શબની સાથે જીવતી બળી મરતી. ભારતની અનેક પતિ-વ્રતા સ્ત્રીઓ એ પ્રમાણે ધણીના મરણ પછી સતી થતી, અને ખરા પ્રેમની પરાકાષ્ઠા કેવી હોય છે તે આ જગતના લોકોને બતાવો આપતી.

ખરેખર વિશુદ્ધ પ્રેમનો માંગલિક છેડો કેટલી હદ સુધી લંબાવી શકાય તેનો કંઇક ખ્યાલ પૂર્વની પતિવ્રતા સ્ત્રીઓએ આપણને આપ્યો છે. રાજ્યનાં વિધવિધ સુખો ત્યજીને સતી સીતા રામચંદ્રજીની સાથે વનમા ગયાં, અને ત્યા અનેક પ્રકારનાં કષ્ટ વેઠવા છતા કશાથી ડગ્યા નહિ. એ માત્ર પતિ સાથેના સાચા પ્રેમનું દૃષ્ટાંત છે. આપત્તિના સમયમા સતી તારામતિ સ્વામીની આજ્ઞાને શીરોવંદ્ય ગણીને કાશી ક્ષેત્રમા વેચાયા અને ત્યાં ઘણું હલકા કામ કરવાં પડ્યા છતા પતિની આજ્ઞાનો જરા પણ અનાદર ન કર્યો એ શુદ્ધ દૈવી પ્રેમના અદ્‌ભુત સામર્થ્યનો દાખલો છે. દુઃખના વખતમાં સતી દ્રૌપદી તથા દમયંતીએ પોતાના સ્વામીથી જુદાં રહીને રાજ્યસુખ ભોગવ્યા નહિ, અને એ રાજ્યસુખ કરતાં પતિની સાથે વનમા રહીને ત્યા અનેક પ્રકારના કષ્ટો સહન કરવાને વધારે પસંદ કીધુ, એ પતિ સાથેનો નિરતિશય પ્રેમ જણાવવાને બસ છે.

સ્ત્રી અને પુરૂષના દૈવી પ્રેમનુ ઐક્ય થતા સ્ત્રી સ્ત્રીરૂપે રહેતી નથી, અને પુરૂષ પુરૂષરૂપે રહેતો નથી. બંનેના મન એક બીજા સાથે જોડાઇ જાય છે, બંનેના જીવ એકમેક થઇ જાય છે, બંનેનાં શરીરો જુદા જણાવા છતા એકજ હોય છે, એકની ઇચ્છા તેજ બીજાની ઇચ્છા હોય છે, એકનું સુખ તેજ બીજાનું સુખ થાય છે, એકને દુઃખ થતા અનાયાસે બીજાને પણ દુ ખ થાય છે, અને એકના શરીરનો નાશ થતા બીજાના શરીરનો પણ નાશ થાય છે.

સ્ત્રીઓમાં ધૈર્યનો જે મહાન ગુણ છે તે ગુણની પુરૂષોમાં કંઈક ન્યુનતા હોય છે. બંનેની પ્રકૃતિમાંજ ઇશ્વરે એવી બંધબેસતી રચના કરી છે કે બંનેના ઐક્યથીજ સુખની વૃદ્ધિ થાય. ભલે, બંને લગ્ન ગ્રંથીથી જોડાય, પરંતુ જો તેમના અંતઃકરણ એકબીજા સાથે પ્રેમથી

જોડાય નહિ, તો તેમનો ગૃહસ્થાશ્રમ તેમને વાસ્તવિક સુખ આપનાર નિવડે નહિ એ ખુલ્લુજ છે. પતિની આજ્ઞાને અનુસરવામાંજ સ્ત્રીનું સર્વ સુખ સમાયેલું છે. કહ્યુ છે કે.—

भर्तादेवो गुरुर्भर्ता धर्मस्तीर्थ व्रतानिच ।
तस्मात् सर्वपरित्यज्य, पतिमेकं समाश्रयेत् ॥

પતિ છે તે સાક્ષાત્ દેવરૂપ છે, તેજ (પતિવ્રતા સ્ત્રીનો) ગુરૂછે. ધર્મ, તીર્થ, વ્રત એ સર્વરૂપ પતિજ છે. માટે પતિવ્રતા સ્ત્રીએ અન્ય સર્વ સાધનો ત્યજીને એક પોતાના પતિનીજ સેવા કરવી. કેમકે એ થીજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પદાર્થની પ્રાપ્તિ થાય છે. એમ શ્રીપૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રે શ્રીબ્રહ્મવૈવર્તપુરાણમાં કહ્યુ છે.

सतीस्त्री प्रातरुत्थाय त्यक्त्वाच रात्रि वाससम् ।
भर्तारंच नमस्कृत्य स्तवनं कुरुते मुदा ॥

પતિવ્રતા સ્ત્રીએ પ્રાતઃકાળમા પતિથી પ્રથમ ઉઠીને, રાત્રિએ પહેરવાના વસ્ત્ર ઉતારી, બીજાં સ્વચ્છ પવિત્ર વસ્ત્ર ધારણ કરી પોતાના પતિના ચરણકમળમા નમસ્કાર કરીને હાથ જોડી આનંદપૂર્વક પ્રાર્થના કરવી.

गृहकार्यं ततः कृत्वा स्नात्वा धौतेच वाससां ।
गृहीत्वा शुक्ल पुष्पंच भक्तित पूजयेत् पतिम् ॥

(પછી) ઘર સબધી સર્વ કાર્ય કરીને સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરી શ્વેતપુષ્પ હાથમા લઇને શ્રદ્ધા ભક્તિપૂર્વક પતિનુ પૂજન કરવુ.

स्नापयित्वा सुपुतेन जलेन निर्मलेनच ।
तस्मैदत्वा धौतवस्त्रं तत्पादौ क्षालयेन्मुदा ॥

નિર્મળ પાવત્ર જળથી પોતાના પ્રિયતમ—પતિને સ્નાન કરાવી સ્વચ્છ કરેલાં વસ્ત્રો આપી બહુજ પ્રેમપૂર્વક પતિના ચરણાર્વિંદનું પ્રક્ષાલન કરવુ. * * કોઇપણ સ્ત્રી પોતાના શિયળનું સંરક્ષણ કરે ત્યા સુધી કોઇપણ પુરૂષની મગદુર નહિ કે તેના શિયળનો ભંગ કરી શકે. સતીની શક્તિ હરકોઇને એકદમ શાન્ત પાડી દેવાને પુરતી છે.

त्रैलोक्यं भस्मसात्कर्तुं क्षणे नैव पतिव्रता ।
स्वतेजसा समर्था सा महा पुण्यवती सदा ॥

જે સ્ત્રી પાનવ્રતા છે તે ત્રણે લોકને ક્ષણવારમા પોતાના તેજ-

દ્વારા ભસ્મીભૂત કરવાને શક્તિમાન છે. પતિવ્રતા સ્ત્રી સર્વદા મહા-પુણ્યવતી છે.

જેણે સર્વ દેવોને પોતાના તાબેદાર બનાવ્યા એવો બળવાન લંકાપતિ રાવણ સતી સીતાને લઇ ગયો, અને છમાસ સુધી અશોક વાટીકામા રાખી પણ તે સતીના શરીરને સ્પર્શ કરી શક્યો નહિ. તેજ પ્રમાણે સતી દમયતીના શિયળનો ભગ કરવાને દુષ્ટ પારધિએ ઇચ્છા કરી અને સતીએ ઘણુ સમજાવ્યુ છતા માન્યુ નહિ, ત્યારે તે સતીએ પોતાના સતીત્વ બળથી તેને બાળીને ભસ્મ કીધો, અને પોતાના શિયળનું રક્ષણ કર્યું. આ વાતથી આપણુને સતીના અદ્ભૂત સામર્થ્યની કઇક અંશે ઝાખી થાય છે.

સતી સ્ત્રીઓની સેવા માટે આ જગતના સમગ્ર જડ ચેતન પદાર્થો તૈયાર છે. જ્યારે સતી સીતાને દુષ્ટ રાવણ લઇ ગયો, અને શ્રીરામચંદ્રજી તે સતીની શોધ માટે નીકળ્યા ત્યારે રીંછ અને વાનરો તેમને સહાય આપવાને તત્પર થયા. પર્વતોએ કહ્યુ કે અમે એક સતીની સેવા માટે તૈયાર છીએ, અને પત્થરોએ કહ્યુ કે માત્ર એક સતીના સત્યની ખાતર અમે ડુબી નહિ જતાં તરીશુ.

પાતિવ્રત્યથી અતરમાં જે બળ તથા આનદ પ્રાપ્ત થાય છે તે અવર્ણનિય છે. હરકોઇ સદાચારથી અતરમા જે અલૌકિકબળ ઉત્પન્ન થાય છે તે, તે સદાચાર પાળનાર મનુષ્યને દુખના વખતમા દિલાસો આપે છે. તેજ પ્રમાણે પાતિવ્રત્યથી સતીને આ જગતની સર્વ બાબતો અલ્પ જણાય છે.

वह्निस्तस्य जलायते जलनिधिः कुल्यायते तत्क्षणात् ॥
मेरुः स्वल्प शिलायते मृगपतेः संघः कुरंगायते ॥
व्यालो मालय गुणयते विषरसः पीयूष वर्षायते ।
यस्याङ्गेऽखिललोक वल्लभतमं शीलं समुन्मीलति ॥

भर्तृहरि.

જે મનુષ્યના અંગમા સમગ્ર લોકપ્રિય શિયળવ્રત રહેલુ છે તેને અગ્નિ પણ જળ સરખો ઠંડો લાગે છે, સમુદ્ર પણ એક નાનાસરખા તળાવ જેવો લાગે છે, મેરૂ પર્વત પણ એક નાની શિલા જેવો લાગે છે, સિંહનું ટોળું પણ હરણના ટોળા માફક લાગે છે, તથા સર્પ પણ

એક પુષ્પમાળા સરખો લાગે છે, અને વિષનો રસ પણ અમૃત તુલ્ય લાગે છે.

પાતિવ્રત્યથી જેણે અલૌકિક મનોબળ પ્રાપ્ત કર્યું હતું એવી સતી સાવિત્રીનો પતિ મૃત્યુ પામ્યો, અને તેના વાસનામય દેહને લઇને ધર્મરાજા આવ્યા ત્યારે તે સતી પોતાના પાતિવ્રત્યના દૈવીપ્રભાવથી ધર્મરાજાની પાછળ ગઇ, અને અનેક યુક્તિપ્રયુક્તિથી પોતાના ધણીને પુનઃ સજીવન થવાનું વરદાન મેળવ્યુ, અને મુએલા ધણીને ફરીથી જીવતો કીધો.

આજે તે સતી સ્ત્રીઓ અને તે દૃઢ બ્રહ્મચર્ય પાળનારા આગ્રહી પુરૂષો કયા છે ? અને તેને પરિણામે તે શુરાઓ, તે ફિલસુફો તથા તે પંડિતો પણ કયા છે ? હિંદના પુત્રોમા તેમના પૂર્વજોનું બળ, તેજ, વિદ્યા તથા શૌર્ય હવે કયાં છે ? અપાર શરીરબળ તથા બુદ્ધિબળવાળા પુરૂષો અને પરમ સદ્‌ગુણી સ્ત્રીઓ હવે સ્વપ્નવત્ લાગે છે. શું આ અનાચાર હિંદને સદા અધોગતિનીજ ખાઇમા રાખવા ઇચ્છા ધરાવે છે ? આ અનાચાર રાક્ષસ કદી તૃપ્ત થતો નથી. વિદ્યા તેણે હરી લીધી, શૌર્ય ખુચવી લીધુ, સત્ય વ્રતથી ડગાવીને તેજ છીનાવી લીધુ, સ્મરણશક્તિને બળાત્કારે લઇ લીધી, અને આયુષ્ય નહિ જેવુ કરી નાંખ્યુ. આથી અધિક બીજી કઇ હાનિ હોઈ શકે ? પણ તે અનાચાર અટકાવવા માટે સર્વ કોઇનુ દુર્લક્ષ છે એ ઓછુ દીલગીર થવાજેવુ નથી.

પતિ અને પત્નીનો કેવો દૈવી સંબંધ છે તેનો હાલના સ્ત્રીપુરૂષોને કંઇજ ખ્યાલ નથી. માબાપ પોતાના બાળકોને-લાકડે માંકડુ વળગાડી દેવામા મોટાઇ માને છે. વડીલો જેને દોરી આપે તેને ત્યા જવાની કન્યાને ફરજ પડે છે. દંપતીને આ સબંધ રૂચીકર નિવડશે કે નહિ તેનો કંઈ પણ વિચાર કર્યા વિના બાળપણમાં વડીલો તેમનો સબંધ કરી આપે છે. લગ્ન વખતે અરસ્પરસ જે જે પ્રતિજ્ઞાઓ લેવામા આવતી તે અગાઉ આચરણમા મૂકાતી. પણ હવે તે પ્રતિજ્ઞાઓ કોઇ સમજતાજ નથી. વિધિથી યુગ્મનુ ઐક્ય લાવવાને બદલે ઉપલકીઆ રૂઢી થઇ છે. પછી ફરજ શુ છે તે કયાથી સમજાય ? જેમના હૃદયમા પ્રેમ ઉત્પન્ન થયોજ નથી તેમનાં અંતઃકરણમાં બળાત્કારે પ્રેમ ઉત્પન્ન કરવો તે આકાશ તથા પૃથ્વીને ભેગા કરવા જેવુ છે. પરિણામ એ આવ્યુ છે કે હાલની સ્ત્રીઓમાં મુખ્યત્વે

અનેક તરેહની વિષયવાસનાઓએ ઘર કર્યું છે. પારકી નિંદા કરવી, ગામગપાટા મારવા, તથા જેથી વિષયવાસના વધે એવી અશ્લીલ વાતો કરવી એ હાલના સુધરેલા જમાનામા સ્ત્રીઓનુ મુખ્ય કામ થઇ પડ્યુ છે. છોકરાંને કેમ કેળવવા તે કદી નહિ, પણ તેમને ઘરેણાથી શણગારીને નાતજાતમા મોટાઇ શી રીતે મેળવવી તેજ મનમા ઘુમ્યા કરતુ હોય છે. સાસુ સસરાની આમન્યા સ્વપ્નવત્ થઇ ગઇ છે. સ્વામીને ધમકાવીને તેની પાસે એક ચાકર માફક કામ કરાવવામા પોતાની વડાઇ સમજે છે. પાતિવ્રત્ય તેજ પોતાનું સર્વોત્તમ આભુષણ છે તે વિચાર તો તેમને સ્વપ્ને પણ હોતો નથી. પણ બહાર ફરવુ હરવુ, ખાવુ પીવુ, એશઆરામ ભોગવવો અને સારા સારા વસ્ત્રાભુષણથી અંગને દેદીપ્યમાન કરવું એમાજ પોતાની કુલીનતા હોય એમ માને છે. ખરેખર, હાલની કેળવણી તે કેળવણી નથી, હાલના સિદ્ધાંતો તે સિદ્ધાંતો નથી અને હાલની સુધરેલી પ્રજાના વિચારો તે વાસ્તવિક વિચારો નથી. ખરૂ જોતાં કેળવણીનો વેશ લઇને આવેલી ફેશને હાલની સુધરેલી પ્રજાના હૃદયમા ઘર કર્યું છે. દુનીઆમાં ચાલતા અનેક વ્યવહારોથી વાકેફ કરીને અને પછી તેમને ઘણી હલકી લાલચોમાં લપટાવીને માણસની ઉત્તમ પંક્તિથી ભ્રષ્ટ કરવાને હાલના સુધરેલા વિચારો તૈયાર છે.

गोभि विप्रैश्च वेदैश्च सतीभिः सत्यवादिभिः
अलुब्धै दानि शुरैश्च सप्तभि र्धार्यते मही ॥

આ પૃથ્વી ગાયો વડે, બ્રાહ્મણો વડે, વેદો વડે, સતી સ્ત્રીઓ વડે, સત્યવાદી વડે, સંતોષી વડે અને દાન આપવામા શુરવીરો વડે એ સાત વડે ધારણ થયેલી છે.

एतद्धि परमं नार्याः कार्यं लोके सनातनम् ।
प्राणानपि परित्यज्य यद् भर्तृ हितमाचरेत ॥

આ લોકમા સ્ત્રીઓનો સનાતન પરમ ધર્મ એ છે કે સ્ત્રીઓએ પ્રાણ ત્યાગ કરીને પણ પતિનુ હિત કરવુ એજ સ્ત્રી જાતિને સર્વથી પ્રથમ સંપાદન કરવા લાયક સર્વોત્તમ કર્તવ્ય છે.

મહર્ષિ યાજ્ઞવલ્કયે પોતાની પત્ની મૈત્રેયીને સંન્યાસ–ચતુર્થાશ્રમમાં પ્રવેશતાં કહ્યુ કે હે મૈત્રેયી! હું આ ગૃહસ્થાશ્રમથી સંન્યાસાશ્રમમાં

જવા ઇચ્છુ છુ. મારી પછવાડે તકરાર ન થાય માટે મારા પાસે જે દ્રવ્ય છે તે તને તથા કાત્યાયનીને વહેંચી આપી જાઉં છુ.

ત્યારે મૈત્રેયીએ પ્રત્યુત્તર આપ્યો કે હે ભગવન્! જો આ પૃથ્વી સંપૂર્ણ ધનથી ભરાઇ જાય તો તેનાથી હુ અમર થઇ શકું કે નહિ? ત્યારે મહાત્મા યાજ્ઞવલ્કયે કહ્યુ કે હે પ્રિયા! તું દ્રવ્યથી અમર નહિ થઇ શકે. પણ શ્રીમાનના માફક તમારૂ જીવન વ્યતિત થશે પણ દ્રવ્યથી અમરપદ (મોક્ષ) ની આશા રખાય તેમ નથી.

ત્યારે મૈત્રેયીએ જણાવ્યુ કે હે સ્વામીન્! જે વડે હું અમરપદને ન પામુ તેવા અસાર દ્રવ્યને લઇને શુ કરૂં? માટે હે ભગવન્! જે વસ્તુને આપ જાણવા ઇચ્છો છો તેજ વસ્તુ સબધી મને બોધ આપો. દ્રવ્યથી તે વસ્તુ શ્રેષ્ઠ હોવી જોઇએ. કારણકે તે વસ્તુ મેળવવા માટેજ આપ દ્રવ્યનો ત્યાગ કરો છો. હુ આપની અર્ધાંગી—આપની છાયા આપશ્રીના સુખે સુખી અને આપશ્રીના દુખે દુખી થવા રૂપ આ દાસીને સગે તેડવા કૃપાદૃષ્ટિ કરો. હે નાથ! પાતિવ્રત્યના ધર્મને હું યથાર્થ રીતે જાણુ છુ. મારૂ સર્વસ્વ આપ જે આપો છો તે નથી. પણ મારૂ સાચુ સર્વસ્વ દ્રવ્ય આપજ છો. હે પ્રાણનાથ! આપની સેવામાંજ મારૂ શ્રેય (મોક્ષ) છે. આપની આજ્ઞા એજ ભગવતની આજ્ઞા છે. છેવટે આપની સેવા છે તેજ ભગવતની સેવા છે. આપની સાથે નિવાસ કરવો એજ મારો સાચો મોક્ષમા નિવાસ છે, અને આપની પ્રસન્નતા એજ પરમાત્માની પ્રસન્નતા છે. એ પ્રમાણે પાતિવ્રતાશિરોમણી મૈત્રેયીના વાકય શ્રવણ કરી યાજ્ઞવલ્કય કહેવા લાગ્યા કે હે સત્યભાષિણી! આ તમારૂ કથન અક્ષરશઃ સત્ય છે. પણ સ્ત્રીજાતિને વનમા નિવાસ કરવો મહા દુખકર છે. અને ટુકમાં વનનિવાસ એ ગૃહ નિવાસ કરતા સર્વ પ્રકારે દુઃખદાયકજ છે. તો તેવા મહાન ભયંકર વનમા તમારાથી કેમ રહી શકાશે?

યોગીશ્રી યાજ્ઞવલ્કયના વચન સાભળી મહાન વિદુષી મૈત્રેયીએ પુન જણાવ્યુ જે પરમકૃપાળુ પરમાત્મા સ્વરૂપ પ્રાણેશ! આપનું આ ભાષણ યદ્યપિ યથાર્થ છે. તથાપિ હે નાથ! મારા પ્રત્યે તે બંધ બેસતુ નથી. કારણ કે મે આપણાં વેદ, શ્રુતિ, સ્મૃતિ વગેરે ધર્મ-શાસ્ત્રો દ્વારા સાભળ્યું છે કે પતિવ્રતા પત્નીને પોતાના પતિ સંગે પર્ણકુટીમા નિવાસ કરવો પડે તો તે સતી સ્ત્રીને સાક્ષાત વૈકુંઠવાસ

સમાન છે, ત્યા વલ્કલ એ સુવર્ણ મઢીત પટવસ્ત્ર છે અને ફળાહાર એ અમૃતના આહાર સમાન છે, આપના સગે રહેતાં કદાચ પ્રાણનો નાશ થશે તો તેવા મૃત્યુને વિદેહ મુક્તિ રૂપે માનીશ. કારણ પતિની સેવામાંજ સર્વ સમાયેલુ છે.

હે પ્રભુ! જે સ્ત્રી પોતાના પતિની સેવાથી વિમુખ થાય છે તે સ્ત્રીના જીવતરને, તેના કુળને અને તેના દરેક કૃત્યને સહસ્ર ધિક્કાર હોજો. હે પૂજ્યસ્વરૂપ! **पतिरेव परमात्मा** અર્થાત્ પતિવ્રતા સ્ત્રીનો પતિ એજ પરમાત્મા છે. આ શ્રુતિ ભગવતિના મહાવાકયને ન જાણી જે ભામિનીઓ પોતાના ભર્તાને દુભવે છે તેવી કુભાર્યાઓ આ ભૂમિ ઉપર ખરેખર ભારરૂપજ છે. પતિવ્રતા સ્ત્રીને તો પોતાના પતિથી અધિક આ ચૌદલોકમા કંઇપણ નથી. પતિનુ ધ્યાન, પતિનુ ગાન અને પતિ સેવાનાજ તાનમા તલ્લીન થયેલી પ્રતિવ્રતાઓ સ્વર્ગના મહં- સુખને પણ દુખરૂપ ગણે છે. હે શિરોધાર્ય! એવી રીતે પતિવ્રતા સ્ત્રીઓના ધર્મ પ્રમાણે હું ચાલી શકુ તેમ નથી. તથાપિ જો આપની આજ્ઞા હોય તો આપ જે કહો તે કરવાને હુ નિરંતર તૈયાર છું. આ પ્રમાણે મૈત્રેયીનાં વચન શ્રવણ કરી મુનિ યાજ્ઞવલ્કય આનદ પામી કહેવા લાગ્યા, કે હે સુભગે! જો આપની એવી દઢ ઇચ્છા છે તો ભલે, ચાલો હું તમને સાથે તેડવા પ્રસન્ન છુ. આ તમારા પ્રમાણરૂપ વાકયોથી મને બહુજ સંતોષ ઉદ્ભવ્યો છે. આ પ્રમાણે વાર્તાલાપ કરી તે દપતી વનનિવાસી થઇ પરમતત્ત્વની ઉપાસના કરી છેવટ બ્રહ્મપદને પ્રાપ્ત થયાં.

પતિવ્રતા સ્ત્રીઓએ પોતાથી હલકી વૃત્તિવાળી સ્ત્રીઓનો સમા- ગમ રાખવો નહિ, અન્ય પુરૂષો સાથે ખાસ જરૂરના પ્રસંગ સિવાય બોલવુ નહિ, તથા બીજા કોઇપણ પુરૂષના વખાણ કે જેમા શૃંગારરસ પ્રધાન હોય તે સાંભળવાં નહિ, તેમજ અન્ય સ્ત્રીઓ આગળ અન્ય પુરૂષોનાં અયોગ્ય વખાણ કરવા નહિ. વળી પતિવ્રતા સ્ત્રીએ અન્ય પુરૂષો સામે તાકીને જોવુ નહિ, અને જ્યા અવિવેકી પુરૂષો બેઠા હોય ત્યાં થઇને પસાર થવુ નહિ, શૃંગારરસવાળા નાટકો તથા નવલકથાઓ કદી વાચવાં તથા સાભળવા નહિ, નાટકો જોવાં નહિ, અને પુરૂષોની સાથે ચાલવુ નહિ. અયોગ્ય ઘરે- ણાંથી શરીરને શણગારવુ નહિ. પણ દેશકાળને અનુસરીને સ્વચ્છ

સાદાં વસ્ત્રાભૂષણુ પરિધાન કરવા. ખાવામાં ડુંગળી, લસણુ, મરચાં, તેલ, આમલી ચાહ અને એવી બીજી ઉત્તેજક વસ્તુઓ વાપરવી નહિ; અગર જરૂર હોય તો વિચારપૂર્વક પ્રકૃતિને અનુસરીને બહુજ ઓછી વાપરવી. અતિશય પુષ્ટીકારક ખોરાક ખાવા નહિ અને પોતાના દેહ ઉપર મમતા રાખવી નહિ. પ્રસંગોપાત શરીરને અનુકૂળ આવે તો કૃચ્છ્રચાંદ્રાયણાદિક વ્રતો કરતા રહેવુ.

न चिर तिष्ठते द्वारि न द्वार मुपसेवयेत् ।
स्वामिना दोषितं किंचित् कस्मै चिन्नदद्दास्यपि ॥

ચતુર સ્ત્રીઓએ પોતાના ઘરનાં બારણાં ઉપર બહુ સમય ઉભા રહેવુ નહિ, તથા દ્વાર ઉપર બેસવુ નહિ અને પોતાના પતિએ જે કંઇ આપ્યુ હોય તે કોઇને આપી દેવુ નહિ.

संमार्जनो पलेपाभ्यां गृहमंडळ वर्तन ।
स्वय च मंडिता नित्यं परिमृष्ट परिच्छदा ॥

સ્ત્રીજાતિએ ઘરસંબધી સર્વ વસ્તુઓ સ્વચ્છ રાખવી, તથા પોતે પણુ સ્વચ્છ વસ્ત્ર અને ભૂષણુથી રહેવુ. તેમ સર્વ પદાર્થો ઘરની અંદર બરાબર ગોઠવીને મૂકવા.

बाह्यदागतमालोक्य त्वरिता वजलासनैः ।
ताम्बुलै र्व्यंजनैश्चैव पाद संवाहनादिभि ॥

(વળી) પોતાના પ્રાણુનાથને બહારથી આવતા દેખીને તરત ઉઠવુ, તથા પતિને બેસવા માટે ઉત્તમ સ્વચ્છ આસનપ્રદાન કરવુ વળી જળ પાન, સોપારી વગેરે આપી વીંજણેથી વાયુ ઢોળવો.

सुप्तं सुप्तं सुखासीनं रममाणं यदृच्छया ।
आतुरे ष्वपिकार्येषु पतिनोत्थापयेत् कचित् ॥

પોતાના પ્રાણુવલ્લભ સુખમાં સુતા હોય કિંવા બેઠા હોય અથવા રમણુ કરતા હોય તો તેમને જરૂરના કામ સારૂ પણુ કદી ઉઠાડવા નહિ.

कथ्यमाना कथामग्रा श्रोतव्या सादरस्त्रीया ।
पत्यु· संभाषण स्याग्रे नान्यत् संभाषयत् स्वयं ॥

પોતાના પતિ જો કાંઇ વાર્તાલાપ કરવા માંડે તો તે ચતુર સ્ત્રીએ આદરપૂર્વક શ્રવણુ કરવુ કિંતુ પતિના વાક્યની વચમા પોતે અગાઉથી ભાષણુ કરવુ નહિ.

आहूता गृहकार्याणि त्यक्त्वा गच्छेत्‌ च सत्वरं ।
किमर्थं व्याहूता स्वामिन्‌ स प्रसाद विधीयताम्‌ ॥

જ્યારે પોતાનો પતિ બોલાવે ત્યારે ઘરનાં સર્વ કાર્ય ત્યજીને ઝટ પોતાના પતિ પાસે આવી હાથ જોડી પુછવુ કે હે સ્વામિન્‌! હે પ્રાણપતિ! શામાટે આ અનુચરીને બોલાવી તે આપ કૃપા કરીને કહો.

આ સંસારમા જે સ્ત્રી પોતાના પતિની ભક્તિથી વિમુખ વર્તે છે, તે જપતપ તથા આત્માપરમાત્મા સંબંધી તત્ત્વજ્ઞાન મેળવ્યા છતાં પણ પવિત્રતાને પ્રાપ્ત થતી નથી. માટે પતિવ્રતા સ્ત્રીનો તો 'પતિસેવા એજ પરમધર્મ છે' પતિભક્તિના પ્રભાવથી સર્વ ઋષિઓ, મુનિઓ, તપસ્વીઓ, સિદ્ધો અને દેવતાઓ પણ અધીન થઇ રહે છે.

મહર્ષિ પારાશરજી કહે છે કે—

व्रतोपवास नियमान्‌ पति मुल्लंघयाचरेत्‌ ।
आयुष्य हरते भर्तु मृत्वा नरकमिच्छति ॥

જે સ્ત્રી પતિની આજ્ઞા વિના વ્રત ઉપવાસ તથા નિયમાદિક કરે, અર્થાત્‌ પતિસેવા કરતા વ્રતાદિકને અધિક માને તેનાં વ્રતાદિક નિષ્ફળ થઇ પોતાના પતિનું આયુષ્ય ઘટાડે છે, તથા પોતે નરકમા પડે છે.

મહર્ષિ યાજ્ઞવલ્કય કહે છે કે—

दरिद्र व्याधितं मूर्खं भर्तारं या न मन्यते ।
सा मृता जायते व्याली विधवा च पुनः पुनः ॥

જે સ્ત્રી દરિદ્રી, વ્યાધિગ્રસ્ત, તથા મૂર્ખ પતિની અવજ્ઞા કરે છે તે સ્ત્રી મૃત્યુ પછી સર્પિણી થાય છે, તથા તેને વારવાર વૈધવ્ય ભોગવવુ પડે છે.

ગૃહસ્થાશ્રમી સ્ત્રીપુરૂષે તુચ્છ વિષયસુખ મેળવવાની લાલસાથી સમાગમ કરવાનો નથી. પણ કેવળ પ્રજોત્પત્તિના મુખ્ય ઉદ્દેશને મનમા રાખીનેજ તે વ્યવહાર કરવાનો છે. તેમાં પણ સ્ત્રી રજસ્વલા થયા પછીના પાચમા દિવસથી સોળમા દિવસ સુધીમા આપણા શાસ્ત્રોમાં કહેલા (એકાદશી, વ્યતિપાત, અમાસ, શ્રાદ્ધનો દિવસ વગેરે) દિવસોનો ત્યાગ કરીને માત્ર બાકી રહેલા દિવસોમા એ વ્યવહાર કરવાનો છે. વારંવાર વિષયસેવનથી પ્રજાની ઉત્પત્તિ થતી નથી, અને કદાચ્‌ થાય છે તો તે પ્રજા શરીર અને બુદ્ધિબળમા ઘણી નબળી હોઇ જગતને ભારરૂપ થાય છે. ખરૂ જોતા દર ત્રણ વરસે માત્ર એક

વખત કેવળ પ્રજોત્પત્તિના ઉદ્દેશને સ્મરણમાં રાખીને સ્ત્રીપુરૂષે સમાગમ કરવો એ ઉત્તમ છે.

સાધારણ ગૃહસ્થાશ્રમીઓને માટે આ અતિ અગત્યનો સામાન્ય નિયમ કહ્યો. પરંતુ જેમને ગૃહસ્થાશ્રમમા રહી સાધન કરવાનુ છે એવાં મુમુક્ષુઓને તો તે સાધન સંપૂર્ણ સિદ્ધ થતા સુધી દૃઢ મનથી શિયળવ્રત પાળવુ જોઇએ, અને પરમતત્ત્વનો સાક્ષાત્કાર થયા પછીજ નિષ્કામ દૃષ્ટિથી ભલે ગૃહસ્થાશ્રમ ભોગવવો.

॥ ૐ ॥

ગુરૂનાં લક્ષણ.

गुरवो बहवः सन्ति शिष्यवित्तापहारकाः ।
तमेकं दुर्लभं मन्ये शिष्य हृत्तापहारकम् ॥

श्रीशंकराचार्य.

શિષ્યના દ્રવ્યને હરનારા ઘણા ગુરૂઓ હોય છે, પણ શિષ્યના હૃદયના તાપને હરનાર એવા તે એકને હુ દુર્લભ માનું છુ

પૂર્વના અનેક પુણ્યસંસ્કારોને લીધે તથા વર્તમાનના સત્સંગ અને સુવિચારોને લીધે મનુષ્ય જાણે છે કે આ સંસાર મિથ્યા છે. પુત્ર, મિત્ર, સ્ત્રી, સગાસબંધી, ધનદોલત, કીર્તિ અને સર્વ દૃશ્ય પદાર્થો પરિણામે નાશવત તથા જીવને અધિક બંધનમા નાખનાર છે. આ જગત્માં કોઇ સપૂર્ણ સુખી નથી. તેમજ સસારરૂપી અરણ્યમાં ભમતા તથા તેમા મળતાં વિષયજન્ય સુખો ભોગવવાથી કદી અખંડ શાન્તિ મળે તેમ નથી. વળી તેને કોઇવાર વિચાર થાય છે કે હું કોણ' ક્યાથી આવ્યો ? અને ક્યાં જવાનો ? તથા મુઆ પછી મારી શી ગતિ થવાની ? આવા આવા વિચાર વારવાર કરવાથી તેને લાગે છે કે આ જગતમા મળતા સુખો ઝાંઝવાના જળ જેવા મિથ્યા છે, અને તે લેવા દોડનારને અધિક અધિક દૂર દેખાઇ અધિક સતાપ આપનાર છે. સત્શાસ્ત્ર તથા સત્પુરૂષોના સમાગમથી તે જાણે છે કે માત્ર આત્મા અથવા બ્રહ્મ સત્ય તથા અખડ આનંદ આપનાર છે, અને આત્માના અપરોક્ષ જ્ઞાનથી અખડ સુખ મળે છે. જ્યારે આ પ્રમાણે તેનો નિ·

શ્રય થાય છે ત્યારે: સંસાર સંબંધી દરેક સુખ તેને તુચ્છ લાગે છે, અને તેની વૃત્તિ આત્મજ્ઞાન અથવા મોક્ષ મેળવવા તરફ અપૂર્વ વેગથી ધસે છે. તે બપૈયાની પેઠે આત્મજ્ઞાન રૂપી સુધાની દરેક ક્ષણે રાહ જુએ છે. પરંતુ શ્રીદેવ સદ્‌ગુરૂ રૂપી ઇંદ્રની તેના ઉપર કૃપા થાય ને તે પોતાના મુખકમળવડે વાણીરૂપી વાદળાથી જ્ઞાનરૂપી સુધાની વૃષ્ટિ કરે ત્યારેજ તે બપૈયાની ક્ષુધા નાશ પામે છે, માટે મોક્ષની તીવ્ર ઇચ્છાવાળો તે ઉદાસી થઇને શ્રીસદ્‌ગુરૂની શોધમાં જ્યા ત્યાં ફરે છે.

સાંપ્રતકાળમાં ગુરૂઓની કંઇ ખોટ નથી. શિષ્યના ધનને હરણ કરીને તે ઉપર તાગડધિના કરનારા ગુરૂઓ હાલ ઠામ ઠામ વસે છે. પરંતુ ખરૂ સુખ શી રીતે મળે તેનો તેમને પ્રત્યક્ષ અનુભવ નહિ હોવાથી મરણ પર્યંત અનેક પ્રકારના વિષયજન્ય સુખોમાં તેઓ રચ્યા પચ્યા રહે છે, અને **यथागुरुस्तथा शिष्याः** એ ન્યાયે તેમના આશ્રિત જનો પણ નિરંતર અજ્ઞાનદશામાં રહી સંસાર સંબંધી તીવ્ર દુઃખોમાં હમેશા પીડાયા કરે છે. સત્યના જીજ્ઞાસુઓને આવા ગુરૂના મહાનપદને ધારણ કરીને બેઠેલા પણ આત્મજ્ઞાનના અનુભવ વિનાના ગુરૂઓ ઘણીવાર મળે છે. કારણ કે —

> **शैले शैले न माणिक्यं मौक्तिकं न गजेगजे ।**
> **साधवो न हि सर्वत्र चंदनम् न वने वने ॥**

દરેક ખાણમાં માણેક હોતાં નથી, દરેક હાથીમાં મોતી નીપજતા નથી, સર્વ ઠેકાણે સાધુઓ હોતા નથી, અને દરેક વનમાં ચંદનનાં ઝાડ હોતાં નથી.

મહાન્ તત્ત્વજ્ઞાની અખા ભક્તે પણ એવા ગુરૂ માટે એક પ્રસંગે કહ્યું છે કે —

> ગુરૂ કીધા મેં ગોકુળનાથ, ઘરડા બળદને ઘાલી નાથ,
> ધન હરે ધોખો ના હરે, એ ગુરૂ કલ્યાણ શુ કરે

સ્પષ્ટ છે કે જેની આશાતૃષ્ણાનો ઉચ્છેદ થયો નથી, કામક્રોધાદિ વિકારો જેને છોડીને ગયા નથી, અને પ્રબળ પુરૂષાર્થ વડે જેણે આત્માનું અપરોક્ષ જ્ઞાન મેળવેલું નથા, પણ માત્ર વેશધારી ગુરૂપદ ધારણ કરીને લોકો તરફથી ધન, કીર્તિ તથા સેવા મેળવવા જે નિરંતર તત્પર રહે છે એવા માત્ર નામના અને ગુરૂપદને એબ લગાડનારા નામધારી ગુરૂથી આ દુસ્તર સંસાર સાગરનો પાર પામી શકાય નહિ.

કહ્યું છે કે—

नाम्रं सुसिक्तोपि ददाति निंबक पुष्टा रसैर्वंध्यगवी पयो न चा
दुःस्थो नृपो नैव सुसेवितः श्रियं, धर्मं शिवं वा कुगुरुर्न संश्रितः

સારી રીતે સીંચેલો પણ લીંબડો કેરી આપતો નથી; (શેરડી, ઘી, તેલ, વગેરે) રસો ખવરાવીને પુષ્ટ કરેલી વંધ્યા ગાય દૂધ દેતી નથી; (રાજ્ય ભ્રષ્ટતા જેવા) ખરાબ સંજોગોમા આવેલા રાજાની સારી રીતે સેવા કરી હોય તોપણ તે લક્ષ્મી આપી ન્યાલ કરતો નથી. તેજીજ રીતે કુગુરૂનો આશ્રય કરવાથી તે શુદ્ધ ધર્મ અને મોક્ષ આપી કે અપાવી શકતા નથી अध्यात्म कल्पद्रुम.

જે વખતે અજ્ઞાનરૂપી અગ્નિ ચારેતરફથી અંતઃકરણને બાળતો હોય તથા આત્મસ્વરૂપ જોવાની આશા મનને ડહોળી માગતી હોય તે વખતે વિજ્ઞાનરૂપી પાણીના સીચનનીજ જરૂર છે. પણ જેનો આપણે આશ્રય કર્યો હોય, જેની સહાયવડે આ અપાર સંસાર સાગર તરવા ધાર્યો હોય તથા આપણી માયિક દૃષ્ટિવડે જેનામા સર્વ સામર્થ્યની આશા રાખીને બેઠા હોઇએ તે ગુરૂજ જ્યારે (Eat, Drink and merry) ખાઓ, પીઓ અને આનંદમાં રહો, એ સુત્રને પકડીને અનેક વિષયોરૂપી વગડામાં મોજ મારતા હોય ત્યારે આપણને સત્ય માર્ગ મળવાની શી આશા ' ગુરૂજ સંસારબંધનમાં બંધાએલા હોય તો પછી શિષ્યને તે બંધનયુક્ત શી રીતે કરી શકે ? કહેવત છે કે, 'કુવામાં હોય તો હવાડામા આવે.' પણ જ્યારે કુવામાંજ કોરૂ હોય ત્યારે પછી હવાડાએ ભીના થવાની આશા રાખવી એ ફોકટ છે. સર્વ કોઇ જાણે છે કે આવા ગુરૂઓ હાલ આપણી ભારતભૂમિમા જોઇએ તેટલા મળે છે. પણ ગુરૂનાં સર્વ લક્ષણોથી પૂર્ણ અને પોતે સારી રીતે મુક્ત તથા શિષ્યના તાપોને હરીને તેને જીવન્મુક્ત કરનાર એવા સમર્થ સદ્ગુરૂ તો મળવા બહુજ દુર્લભ છે.

વિદ્વાનોએ ગુરૂના ત્રણ પ્રકાર કલ્પ્યા છે. (૧) પત્થર જેવા ગુરૂ અર્થાત્ જેમ પત્થર પાણીમાં ડુબે છે અને તેનો આશ્રય કરનારને પણ ડુબાડે છે તેવા. એટલે કે સંસારસાગરમા પોતે ડુબેલા તથા તથા પોતાનો આશ્રય કરનાર શિષ્યોને પણ ડુબાડનાર ગુરૂ. (૨) પાદડા જેવા ગુરૂ, એટલે જેમ પાદડુ પોતે પાણીમા તરી શકે ખરૂ

પણ તેના ઉપર ભાર મૂકવામા આવે તો તરી શકે નહિ એવા. એટલે પોતે સંસારસાગરનો પાર પામેલા પણ શિષ્યોને પાર પાડવાના જોખમને નહિ ઇચ્છનારા ગુરુ. (૩) લાકડા જેવા ગુરૂ એટલે જેમ લાકડુ પોતે તરે છે તેમજ પોતાનો આશ્રય કરનાર મનુષ્યને પણ સારી રીતે તારી શકે છે તેવા. અર્થાત્ પોતે સંસાર સાગરનો પાર પામી ગયેલા અને પોતાના આશ્રિત શિષ્યોને પણ પાર પાડી શકે એવા ગુરૂ.

પહેલા પ્રકારના એટલે પત્થર જેવા ગુરૂની હાલ કાંઇ ખોટ નથી એમ આપણે પાછળ બતાવ્યુ છે. મુમુક્ષુને તેવા ગુરૂનો આશ્રય કંઇ શ્રેય કરનાર નથી, માટે તેમને તજી દેવા. શ્રી શંકર ભગવાને પણ એવા ગુરૂ માટે કહ્યુ છે કેઃ—

ज्ञानहीनो गुरुस्त्याज्यो मिथ्यावादी विडम्बकः
स्वविश्रान्तिं न जानाति परशान्तिं करोति किम् ॥

જ્ઞાનથી રહિત, મિથ્યા બોલનાર, વિડંબણા કરનાર એવા ગુરૂનો ત્યાગ કરવો. (કારણ કે તે) પોતાની શાન્તિના સુખને જાણતો નથી (તો) અન્યને શાન્તિ કેમ આપી શકે ?

समाश्रितस्तारक बुद्धितोयो यस्यास्त्य हो मज्जयिता स एव
आघ तरीता विषमं कथं स, तथैव जंतु· कुगुरोभवाब्धिम् ॥

श्री शङ्कराचार्य.

આ પુરૂષ તારવાને સમર્થ છે એવી બુદ્ધિથી જેનો આશ્રય કરવામાં આવે તે આશ્રય કરનારનો જ્યારે આશ્રય આપનારજ ડૂબાવનાર થાય ત્યારે પછી આ આકરો (અથવા ચપળ) પ્રવાહ તે પ્રાણિ કેવી રીતે તરી શકશે ? તેવીજ રીતે કુગુરૂ આ પ્રાણિને સંસારસમુદ્રથી કેવી રીતે તારશે ?

अध्यात्म कल्पद्रुम.

બીજા પ્રકારના ગુરૂ પોતે તરેલા હોય છે. પણ પોતે યથેચ્છ વિહાર કરનાર હોવાથી શિષ્યોની ખટપટમા પડવાને ઇચ્છતા નથી. મુમુક્ષુએ બની શકે ત્યારે આવા પુરૂષોનો સમાગમ કરવો પણ તે સંસાર સમુદ્રમાથી તારીને જીવન્મુકત થતા પર્યંત આશ્રય આપશે એવી આશા રાખીને બેસી રહેવુ નહિ

ત્રીજા પ્રકારના એટલે પોતે તરેલા અને શિષ્યને સારી રીતે

તારનાર સમર્થ સદ્ગુરૂનો આશ્રય મેળવવો મુમુક્ષુને આવશ્યક છે. જેથી એવા ગુરૂનાં લક્ષણ કેવાં હોવા જોઇએ તે સબંધમા સક્ષેપમાં લખવુ અત્રે યોગ્ય ધાર્યું છે.

ગુરુ એ બે અક્ષરના શબ્દનો ધ્વનિ જ્યારે મનુષ્યના હૃદય ઉપર અથડાય છે ત્યારે સ્વાભાવિક રીતેજ તેના અતરમા અલૌકિક પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે. તો પછી સાક્ષાત્ ગુરુમૂર્તિમાં અગાધ સામર્થ્ય હોવુ જોઇએ એ વિના કહેજ સ્પષ્ટ સમજાય એમ છે. ગુ એટલે અંધારૂ અને રુ એટલે નાશ કરનાર અર્થાત્ અજ્ઞાન રૂપી અંધકારનો જે નાશ કરનાર તે ગુરુ કહેવાય છે. જેમ સૂર્ય ભગવાન પોતાનાં પ્રકાશમય કિરણોથી રાત્રિના અંધકારનો નાશ કરે છે તેમ ગુરૂ પણ પોતાના વિજ્ઞાનમય કિરણોથી શિષ્યના અજ્ઞાનરૂપી અધકારનો નાશ કરનાર હોવા જોઇએ. એટલા માટે દેખીતુજ છે કે ગુરૂના મહાન પદ પર સ્થિત થયેલા પુરૂષે સર્વોત્કૃષ્ટ આત્મજ્ઞાન સારી રીતે સંપાદન કરેલુ હોવુ જોઇએ, તેમજ તે આત્મજ્ઞાન યુક્તિ પ્રયુક્તિથી શિષ્યના હૃદયમાં ઠસાવવાની શક્તિ હોવી જોઇએ. વળી માત્ર આત્મજ્ઞાનની રસીક વાતો કરનાર નહિ પરતુ તે આત્મજ્ઞાનનો અપરોક્ષ અનુભવ કરનાર ગુરૂ હોવા જોઇએ કારણ કે શાસ્ત્રોનો અભ્યાસ ગમે તેટલો કરેલો હોય પણ જ્યાસુધી આત્મજ્ઞાન હસ્તામલકવત્ થયુ ન હોય ત્યાં સુધી વાતો કરવાથી કંઇ વળતુ નથી. અગાધ સાગર વહાણમાં બેસીને તરી શકાય છે એ સર્વ કોઇ જાણે છે પણ વહાણમાં બેઠા પછી કોઇવાર દરિયાનાં પ્રચંડ મોજાં તેને ડોલાવે છે, કોઇવાર ભયંકર વાયુ તેને ઉધુ વાળે છે, કોઇ વાર પાણીની નીચે રહેલા ખડકો સાથે અથડાઇ પડે છે, કોઇ વાર ચુબકના પત્થરો પોતાના તરફ ઘસડી જાય છે, અને કોઇવાર વિશાળ વમળો તથા વહેલ જેવાં જળચર પ્રાણિ વચમાંજ બોળી દેછે, તે સમયે સહી સલામત સામે કિનારે શી રીતે પહોંચવુ તે માત્ર કુશળ ખલાસીજ બતાવી શકે છે. તેજ પ્રમાણે અમુક સાધનોથી આત્મજ્ઞાન મળે છે એવી વાતો કરનારા ગુરૂઓ તો ઘણા હોય છે પણ તે સાધનો સિદ્ધ થવામા જે જે અડચણો નડે છે તેમાથી શી રીતે પસાર થવુ તે તો માત્ર બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂજ બતાવી શકે છે. આટલા માટે આપણે કેવળ શાસ્ત્રોમા પારંગત થયેલા એટલે શ્રોત્રિય ગુરૂના આશ્રયને ગ્રહણ

કરવા લલચાવું નહિ. પણ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એટલે જેમણે પુરૂષાર્થવડે આત્મસાક્ષાત્કાર કરેલો હોય એવા ગુરૂનોજ આશ્રય મેળવવાનુ ધ્યાનમાં રાખવુ પ્રીતમદાસે કહ્યુ છે કે 'જ્ઞાન હીણા ગુરૂ નવ સેવીએ, વધ્યા ગાય સેવ્યે શુ ફળ થાય ? તેજ પ્રમાણે ગુરૂનાં લક્ષણ વર્ણવતા મહાત્મા નિશ્ચળદાસ વર્ણવે છે કે—

ચોપાઇ—

" વેદ અર્થને યથાર્થ જાણે, આત્મા બ્રહ્મ એકરૂપ માને.
[1]પંચ ભેદની બુદ્ધિ નસાડે, અદ્વય અમળ બ્રહ્મ દેખાડે.
ભવ મિથ્યા મૃગનીર પડે છે સદા એજ નવ બીજું કહે છે.
તે ગુરૂ દે અદ્‌ભુત ઉપદેશ, છેદક શિખા, ન લુચિત કેશ "

એટલે ઉપરથી ગમે તેટલા સારા તથા શાસ્ત્રોની વાતો કરવામાં કુશળ, અથવા કેવળ પોતે મુંડન કરાવીને શિષ્યની શિખાછેદન માત્ર કરવાવાળા, અથવા કોઇ સંપ્રદાયના ચિહ્ન માત્રથી અંકિત કરવાવાળા હોય પણ આત્મસાક્ષાત્કાર કરેલો ન હોય તો તે વાંઝણી ગાય જેવાજ જાણવા માટે જ્ઞાનવિજ્ઞાનમાં પુરા એટલે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂ હોવા જોઇએ. વળી ભગવાન શંકર કહે છે કે—

गुरवो निर्मला शान्ता साधवो मित भाषिण
काम क्रोध विनिर्मुक्ता सदाचार जितेंद्रिया ॥

ગુરૂઓ નિર્મળ, શાન્ત, ભલા, થોડું બોલનારા, કામક્રોધથી રહિત અને સદાચારથી ઇંદ્રિયોને જીતનાર હોવા જોઇએ.

આપણે ગુરૂ તરીકે જેમનો આશ્રય ગ્રહણ કરીએ તે શાન્ત મનના હોવા જોઇએ. કારણ કે આપણું સાધન ધૈર્યથી સિદ્ધ થઇ શકે છે. માટે ગુરૂ શાન્ત પ્રકૃતિના હોવા જોઇએ તેજ પ્રમાણે કામક્રોધાદિ વિકારોથી સારી રીતે મુકત થયેલા ગુરૂ હોવા જોઇએ. કેમકે કામી પુરૂષોને વિદ્વાનોએ આંધળા ગણેલા છે. એટલે જેના ગુરૂ કામી હોય તેના શિષ્ય પણ ખાડામાજ પડે. ગુરૂ ક્રોધી હોય તો શિષ્ય પોતાની બધી શંકાઓ ખુલ્લા દીલથી ગુરૂ આગળ કહી શકતો નથી, અને શંકાઓનું સમાધાન મળ્યા વિના સાધનમા આગળ વધી શકાતું નથી. માટે ગુરૂ કામક્રોધાદિ વિકારોથી મુક્ત થયેલા જોઇએ. ગુરૂ કોને કહેવા એ વિષે મહાત્મા શ્રી નિશ્ચળદાસ કહે છે કે—

---

૧ જીવ ઈશનો ભેદ, ૨ જીવજીવનો પરસ્પર ભેદ, ૩ જીવ જડનો ભેદ, ૪ ઇશ જડનો ભેદ, ૫ જડ જડનો ભેદ.

દુહો

ક્રરે મોક્ષ ભવ ગ્રાહથી, દઇ અસિ નિજ ઉપદેશ;
તે દૈશિક બુધ જન કહે, નહિ કૃત ગૈરિક વેશ.

ભવગ્રાહ એટલે સંસારરૂપી મગરથી ઉપદેશરૂપી તરવાર આપીને જે છોડાવે તેને બુદ્ધિમાનો દૈશિક એટલે ગુરૂ કહે છે. ભગવાં લુગડા પહેરી વેશ ધરનારને ગુરૂ નથી કહેતા વળી ગુરૂ થવાને યોગ્ય પુરૂષ પરમાર્થી હોવા જોઇએ. કેમકે જેને સ્વાર્થરૂપી કાળો પડદો વીંટળાએલો હોય તે પાત્ર અપાત્રની પરીક્ષા કરી શકતો નથી. આત્મજ્ઞાન એ એવી વસ્તુ છે કે ખરા પાત્ર વગર ઠરી શકતીજ નથી. સ્વાર્થ આંધળો છે. સ્વાર્થી મનુષ્યો સત્ય વસ્તુને જોઇ શકતા નથી, તેમ લોભી અગર સ્વાર્થી ગુરૂ ખરા જીજ્ઞાસુને ઓળખી શકતા નથી, તેમજ તેવા ગુરૂ બધા શિષ્યો ઉપર સમાન ભાવ રાખી શકતા નથી. માટે મુમુક્ષુએ તેમને આશ્રયે જવુ ઉચિત નથી. જેના દરેક રોમાંચમાં દયાના અંકુરો ફૂટેલા હોય, તથા જે શિષ્યના બાંધવ જેવા હોય તેવાજ ગુરૂ મુમુક્ષુએ કરવા.

કામ ક્રોધાદિ વિકારોથી રહિત, શાન્ત, ઉદાર, દયાળુ, નિઃસ્વાર્થી અને કોઇ પણ જાતના દુરાચાર વિનાના સમર્થ સદ્‌ગુરૂનો આશ્રય મેળવવા યોગ્ય છે.

સામાન્ય રીતે શ્રોત્રિય એટલે સર્વ શાસ્ત્રોમાં [illegible] બ્રહ્મનિષ્ઠ એટલે જેમણે આત્મસાક્ષાત્કાર કરેલો હોય એવા પુરૂષ ગુરૂના સર્વ લક્ષણોથી યુક્ત હોય છે ગુરૂનાં લક્ષણોથી વિરૂદ્ધ આચરણવાળા મનુષ્યે આત્મસાક્ષાત્કાર કરેલો હોય એ સંભવિત નથી. તેમજ આત્મસાક્ષાત્કાર કરેલા પુરૂષમા ખરાબ લક્ષણો હોય એ પણ સંભવિત નથી. માટે મુમુક્ષુએ ગુરૂના આશ્રયે જતા પહેલાં તેમણે બ્રહ્મસાક્ષાત્કાર કરેલો છે કે નહિ તે જાણવા ખાસ લક્ષમા રાખવુ.

दृष्टान्तो नैव दृष्ट स्त्रिभुवन जठरे सद्गुरोर्ज्ञानदातु
स्पर्शश्चेत्तत्र कल्प्य· सनयति यदहो स्वर्णतामश्मसारम् ।
न स्पर्शत्वं तथापि श्रित चरणयुगे सद्गु[illegible]
स्वीयं साम्यं विधत्ते भवति निरुपमस्तेन [illegible]लौकिकोऽपि ॥

ત્રિભુવનના જઠરમા સદ્‌ગુરૂ કે જે પુરૂષાર્થ પૈકી પરમ જે મોક્ષ, તેનુ સાધન જે જ્ઞાન તેનો આપનાર છે તેની કોઇની સાથે તુલના સરખી પણ થઇ શકે તેમ નથી. કારણકે સ્પર્શમણિ કે જેની

સાથે તે અમુક અંશે સામ્ય ધરાવે છે તે લોહને સ્પર્શવડે સુવર્ણ બનાવી દે છે એ વાત ખરી પણ સુવર્ણ બનાવ્યા પછી તે સુવર્ણતા પામેલા લોહમાં અન્ય લોહને સુવર્ણ બનાવવાનો ગુણ અર્પી દેતો નથી. ત્યારે બીજી તરફ સદ્‌ગુરૂ તો પોતાના ચરણસમીપ બેસીને જ્ઞાનનું શિક્ષણ લેતા શિષ્યમા વગર સ્પર્શે પોતાના જેવા જ્ઞાનના સંસ્કારો રેલે છે, અને તેને પોતાના જેવો બલ્કે કેટલીકવાર પોતાનાથી પણ અધિક નિપુણ ગુરૂ બનાવે છે, અને તે નવો બનેલો ગુરૂ પોતાના શિષ્યને (અન્યને) પોતાના જેવા બનાવી દેવાનું ચાતુર્ય ધરાવે છે! તેથી સ્પર્શમણિની સાથે પુરેપુરૂ સામ્ય ધરાવતા ન હોવાથી તેની ઉપમિતિ બનતી નથી.

આ પ્રપચી જગતમા ખરા ગુરૂ કયા તથા ઢોંગી કયા તે સમજવુ એ કાંઇ રમત વાત નથી, કેટલાક ધન મેળવવા, કેટલાક કીર્તિ મેળવવા, કેટલાક પોતાની દુષ્ટ વાસનાઓ તૃપ્ત કરવા, તથા કેટલાક માથે ચઢતા ઋણને દૂર કરવા અને બેઠે બેઠે વગર મહેનતે ખાવા માટે ગુરૂની પદવી ધારણ કરીને બેસે છે. પણ તેઓ ખરા મુમુક્ષુઓ નહિ હોવાથી પુરૂષાર્થ કરી વિકારોને જીતી શકતા નથી. જેથી માત્ર બહારનો ખોટો આડંબર કરનાર ધુર્તો નિવડે છે. આવા કાકસમુદાયમાંથી હંસગુરૂને શોધવા માટે આપણે કાંઇક બુદ્ધિ તથા તર્કને શરણે જવાની જરૂર પડે છે કારણકે આવા ઢોંગીમાના ઘણા બોલવાચાલવામા તથા બહારનો આડબર રાખવામા એવા ચતુર હોય છે કે તેમના આડબરમા ભોળા પ્રેમલાઓ ઘણીવાર સહેલાઇથી ફસાઇ પડે છે, અને પછી ધારેલો હેતુ સિદ્ધ નહિ થવાથી મરણપર્યંત અશાન્તિમા જીવન ગાળવુ પડે છે.

ખરા ગુરૂઓ માત્ર બહારના ચિહ્‌નોથી ઝટ પારખી શકાતા નથી. પણ ઘણા દિવસ સુધી તેમનો સમાગમ કરી ઉત્તમ શિષ્ય હોય તેજ પારખવા ભાગ્યશાળી બને છે. કારણકે એવા ગુરૂઓ ઘણીવાર ગૃહસ્થાશ્રમમાં સ્થિત હોઇ વ્યાવહારિક કર્તવ્યોથી વેષ્ટિત હોય છે. સત્યના જીજ્ઞાસુએ આવા ઉત્તમ ગુરૂને ઓળખી તેમનો અનન્ય આશ્રય ગ્રહણ કરી દુર્લભ મનુષ્ય જન્મનુ સાર્થક કરવુ એજ પરમ કર્તવ્ય છે.

पाठमात्रेण ग्रंथस्य नैव लाभ प्रजायते ।
वर्तनं किंतु तद्बुद्धि, सम्यग्लाभाय कल्पते ॥

॥ ॐ ॥

પદ્યસંગ્રહ.

પદ ૧ લુ' (રાગ ધોળ).

સખી જ્યારે જીજ્ઞાસુ હું થઇ,
ત્યારે મળીઆ છે પૂરણ બ્રહ્મ. જીજ્ઞાસુ જ્યારે થઇ ॥ ટેક ॥
સખી સાર અસાર ત્યારે સાંપડયો,
જ્યારે જાણ્યો મે સર્વે મર્મ. ॥ જીજ્ઞાસુ ॥ ૧ ॥
સખી અનહદ કેરી ધુનમા,
હુ તો થઇ રહી છુ ગુલતાન. ॥ જીજ્ઞાસુ ॥ ૨ ॥
સખી શરીર શોધ્યુ જ્યારે માહરૂ,
ત્યારે ગુરૂજીએ બતાવી સાન. ॥ જીજ્ઞાસુ ॥ ૩ ॥
સખી ઓહંગ સોહંગને સાધર્તા,
મને ભાસ્યો છે બ્રહ્માકાર. ॥ જીજ્ઞાસુ ॥ ૪ ॥
સખી સુરતા તો સહજે ગઇ શુન્યમાં,
ત્યા મેં નિરખ્યા છે નિરાકાર ॥ જીજ્ઞાસુ ॥ ૫ ॥
સખી તાણુને વાણુ મટી ગઇ,
જ્યારે જાણ્યો મેં સરવે સાર ॥ જીજ્ઞાસુ ॥ ૬ ॥
સખી સદગુરૂના પ્રતાપથી,
હસે લીધો પરાનો પાર. ॥ જીજ્ઞાસુ ॥ ૭ ॥

પદ ૨ જુ' (રાગ ઉપરનો).

સખી અણીરે અગરની ઉપરે,
મે તો નીરખ્યા છે નિરાધાર. ॥ અણી અગર ॥ ૧ ॥
સખી નીરખીને તેમા સમાઇ રહી,
તેજ કોટીક સૂર્ય પ્રકાર. ॥ અણી ॥ ૨ ॥
સખી પ્રભુજી નયનમા સમાઇ રહ્યા,
નુર ઝળકે છે અનત અપાર. ॥ અણી ॥ ૩ ॥
સખી શુદ્ધ ન રહી કઇ તે સમે,
પછી હર્ષ તણો નહિ પાર. ॥ અણી ॥ ૪ ॥
સખી પાચ ત્રણ કે પચીસ નહિ,
એ તો સભર ભર્યો રઘુરાય- ॥ અણી ॥ ૫ ॥

સખી નીરખીને ન્યાલ હું થઇ રહી,
મારા લોચનીઆં રે લોભાય. ॥ અણી ॥ ૬ ॥
સખી અલખ પુરષનું લેખુ નહિ,
એ તો વસ્તુ છે બાવન બા'ર ॥ અણી ॥ ૭ ॥
સખી સદ્દગુરુના પરતાપથી,
હંસે જાણ્યો સર્વે સાર. ॥ અણી ॥ ૮ ॥

પદ ૩ જું (રાગ ઉપરનો).

સખી અધર તખતની ઉપરે,
નીજ વસ્તુ છે ઝીણી ઝીણી નીરખી લોને હેતથી.
સખી સાન કરી સર્વે સંતને,,
તમે વસ્તુ લેજો વીણી વીણી. ॥ નીરખી ॥ ૨ ॥
સખી જોવા વાળાને જોઇ લઇએ,
ત્યાં છે સર્વે વસ્તુનો સાર. ॥ નીરખી ॥ ૩ ॥
સખી વેદ પૂરાણ પહોચે નહિ,
ત્યા કાઇ વાણી ન પામે પાર. ॥ નીરખી ॥ ૪ ॥
સખી તખત તરવેણીના તીરમા,
ત્યાં કંઇ ઝીણા ઝીણા વરસે નુર. ॥ નીરખી ॥ ૫ ॥
સખી સુરતા રાખો નિરાધારશુ,
ત્યારે પામશો ભવજળપાર. ॥ નીરખી ॥ ૬ ॥
સખી ચેતવુ હોય તો ચેતજો,
પાણી આવ્યા પહેલા બાધો પાળ. ॥ નીરખી ॥ ૭ ॥
સખી સદ્દગુરૂના પરતાપથી,
હસાએ લીધો તેનો પાર ॥ નીરખી ॥ ૮ ॥

પદ ૪ થું. (ધોળ.)

(હરિગુરૂ સતે કીધી સાનરે, ઓળખાવ્યો નિજ આતમારે—એ રાગ.)

સાંભળ એની કહું એક વાતરે, ચિત્ત સ્થિર કરીને રાખજેરે;
ગીતામા જે કૃષ્ણે કીધી વાતરે, તે રસને તું ચાખજેરે. ૧
શ્લોકે શ્લોકે મૂકી ગુપ્ત વાતરે, તે ચિત્તમા તુ ધારજેરે,
દશે ઇંદ્રિ જીતી લેજે એનરે, અગીઆરમા મનને વારજેરે. ૨
ગીતાના ચોથા અધ્યાય માંહિરે, શ્રીકૃષ્ણે ગુરૂ વખાણીઆરે;
એ ગીતાનો અર્જુન સમજે મર્મરે શ્રીકૃષ્ણ બ્રહ્મ જાણીઆરે. ૩

કોઇ કહે કૃષ્ણ પૂરણ બ્રહ્મરે, કોઇ કહે દેવકી પુત્ર થયારે;
શ્રીકૃષ્ણને જન્મ મરણ ન હોયરે, ચિદ્દઘન સઘળે વ્યાપી રહ્યારે. ૪
ગીતાના અઢારમે અધ્યાયરે, બ્રહ્માત્મિના ૭ શ્લોક કહ્યારે;
અર્ધદગ્ધ ભપકી ઉઠયાં તૂર્તરે, જ્ઞાની સમજી સમાઇ રહ્યારે. ૫
સર્વે શાસ્ત્ર સમજાઇ જાશે બેનરે, ગીતાશાસ્ત્ર જો ચિત્ત ધરોરે;
ત્રિવિધીના ટાળો બેની તાપરે, પૂરા અનુભવી ગુરૂ કરોરે. ૬
પુરા ગુરૂનાં લક્ષણ કહીએ બેનરે, શિયળ ને સંતોષ મન વસેરે;
વિવિદશા હોયે જેની બેનરે, નિર્વિકલ્પથી નવ ખસેરે. ૭
એવા ગુરૂ કરીએ મારી બેનરે, ત્યાગે સંસારનો પાર જડેરે;
આઠે પહોર તૂટે નહિ તારરે, હંસા કહે હરિ દષ્ટે પડેરે. ૮

પદ ૫ મું. (રાગ ઉપરનો).

સાભળ બેની વિવેકની વાતરે સમજાવુ તુજને આ સમેરે,
વડીલોની માનો આજ્ઞાયરે, સ્વપતિને જઇ નમોરે. ૧
કામ ક્રોધ લોભ મોહ જીતરે, ત્યારે તારૂ કલ્યાણ થશેરે
એવુ જ્યારે પાળો પતિવ્રતરે, ત્યારે પ્રભુ પ્રસન્ન થશેરે. ૨
પછી તારી વૃત્તિ થાશે સ્થિરરે, ત્યારે સદ્દગુરૂને ગોતીએરે;
પૂરા ગુરૂ બતાવે જે સાનરે, ચિત્ત પ્રોઇ અખંડ જ્યોતિએરે. ૩
સદ્દગુરૂ કહે અનહદની રીતરે, સુરતા સ્થિર થઇ રહેરે;
પછી જપાવે અજપાના જાપરે, સાન નિરાધારની કહેરે. ૪
પાંચે મુદ્રા સાધો તમે બેનરે, રંગ તત્ત્વના ભેદ જડેરે;
એટલે દરજે પહોંચે બેની કોઇરે, પછી પાછો તે નવ પડેરે. ૫
ત્રણે ઘરમાં મળી જાશે તારરે, કહેવુ ને ગ્રહેવુ નવ રહેરે,
અગમ ઘરનો હારદ આવે હાથરે, હંસા કહે સ્થિર થઇ રહે રે. ૬

પદ છઠું.

(હવે મારા વાલાને નહિરે વિસારૂ એ રાગ)

હવે હુતો સંસાર સ્વપ્નેથી જાગીરે,
દશ પ્રકારની નોબત વાગીરે. ૧
હવે હું તો તાણ ને વાણ બે ત્યાગીરે,
ત્યારે મારી ભે ને ભ્રમણા ભાગીરે. ૨
સોહંગ ફૂલ ગુલાબનુ ફૂલ્યુરે,
તેમા મારી તૃષ્ણાનુ મળીયું ડૂલ્યુરે. ૩

પહેલાં હું તો ફરતી પ્રભુજીને જોતીરે,
હવે મને તરવેણીમા જડયું મોતીરે. ૪
હરિ હીરો હવે આવ્યો છે હાથરે,
તન મન ધનથી રાખીશ સાથરે. ૫
માથાથી મોંઘા પ્રભુ મને મળીયારે,
ત્યારે મારા જન્મ મરણ ફેરા ટળીયારે. ૬
દુરીજન મનમાં આવે તેમ બોલેરે,
પ્રભુ મારા હૃદયની ભીતર ડોલેરે. ૭
કહે હંસા એ સરજન હારારે,
નિર્ગુણ ગુણ થકી છે ન્યારારે. ૮

પદ ૭૭મું (રાગ ઉપરનો)

શ્વાસ ઉચ્છવાસનું સ્મરણ કીધુ રે,
ત્યારે મારૂં સરવે કારજ સિધ્યુંરે. ૧
હવે બેની પુરા ગુરૂજી મને મળીયારે,
ત્યારે મારા ભવજળ રોગજ ટળીયારે. ૨
ત્રણ ભુવન ઝણકાર સાંભળીયોરે,
તેમા મારો સંશય સર્વે ગળીયોરે. ૩
હવે બેની પૂરા ગુરૂજી તમે કરજોરે,
એવી મારી વિનતિ અંતર ધરજોરે. ૪
પૂરા વિણુ પૂરૂં કોઇ નહિ બતાવે રે,
પૂરા વિણુ ફરી ભવજળમા આવેરે. ૫
કહે હસા પૂરા ગુરૂ કરજોરે,
તેથી તમે નિરાધારને વરજોરે. ૬

પદ ૭૮મું (રાગ ધોળ સરવડાનો)

જાનવી કાંઠે કુપ ખોદાવે. એ રાગ,
સાંભળ વાત કહું સખી મારી,
ત્યારે બુદ્ધિ શુદ્ધ થાશે તારી;
તન મન ધનને નાખીશ વારી તો,
પૂરણ બ્રહ્મને કારણેરે. ૫

આગમાપાય વસ્તુથી અળગા રહીએ,
સદ્‌ગુરુ ચરણુમાં ચિત્ત પરોઇએ;
સત્ય વસ્તુને નીરખીને જોઇએ તો,
જાઇએ વિઠ્ઠલવરને વારણે રે. ૨
કામ ને ક્રોધ અંતરમાથીવારો,
વૈરાગ શસ્ત્ર લઇ તૃષ્ણાને મારો;
શિયળને સંતોષ ચિત્તમા ધારો તો,
ત્રિવિધ તાપ સમાઇ જાયે રે. ૩
ક્રોધની ઉત્પત્તિ કામથી થાએ,
રાજસ ગુણુમા કામ સમાએ;
અભ્યાસને ક્રમે વશજ થાએ તો,
અવિદ્યા માયા ટળી જાએ રે. ૪
ગીતા ને ભાગવત પોકારી કહે છે
ગુરૂને શર્ણે મોટા મોટા રહે છે:
ત્યારે સદ્‌ગુરૂજી સાન કહે છે તો,
સત એ સાનમા સમાઇ જાએરે. ૫
લવ સત્સંગનુ ફળ ન જાય,
ધ્યાન ધરીને ધ્યેયાકાર થાય
નિર્વિકલ્પ સમાધીમા સમાય તો,
લસા કહે નિર્ભય થાય રે.

પદ ૯ મું (રાગ ઉપરનો).

કૈક કષ્ટે ગર્ભવાસથી છૂટયો, ક્રિયાનો હીણોને કર્મનો ફુટયો,
મૂળ સ્વરૂપથી પડયો છે વિખુટો તો તિમિરમાં ત્રફડયા કરેરે. ૧
બહાર નીકળવાનો ઉપાય ન મળે, દિશ ભૂલેલો દિશ ન કળે;
સતશાસ્ત્ર કે સત્સગ ન મળે તો ચોરાશી લક્ષ ફેરા ફરે રે. ૨
દેહરૂપી નાવ હાથજ આવ્યું, વિષયરૂપી દાદરમા ગુમાવ્યું,
નિદ્રારૂપી નળીયું હાથજ આવ્યુ તો વગર દુઃખે ઓખ્યા કરેરે. ૩
એમ કરતાં સારો જન્મ ગુમાવ્યો, મહાત્મા પુરૂષના શરણુમા આવ્યો;
સતે દયા કરીને બચાવ્યો તો શાસ્ત્ર શ્રવણુની ઇચ્છા કરે રે. ૪

પચરત્ન મણિરત્ન પચીકર્યું, સર્વનો સાર એક કૃષ્ણનું શર્ણું;
તેથી મટે છે જન્મ ને મર્ણું તો યથાર્થ સાર સમજાયરે. ૫
કૃષ્ણના શર્ણમાં ચિત્ત પરોવે, કામનાં બીજ બ્રહ્મ અગ્નિમાં ઓવે;
સંશયનું લાકડું સહજમાં ખુએ તો હંસા કહે જીવ શિવ થાયરે. ૬

પદ ૧૦ મું (રાગ વસંત).

ચાલ સખીરે ઝુલાવાને જઇએ, હીંડોળે શ્રીઘનસ્યામનેરે
ખાટ બીછાવુ રૂડા ફૂલનકેરી, સુરતાની દોરી બંધાવુ મારા વાલા. ચાલ-૧
શુભ તૃષ્ણાના તકીઆ નખાવું, હીંડોળે હરખના હીરા ટંકાવુરે;
આનંદનારે ઓછાડ ઓછાડું, પરિબ્રહ્મને પધરાવુ મારા વાલા. ચાલ-૨
જ્ઞાન ને વૈરાગ ચમ્મર કરે, સોહંગ ઢોળે છે વાયરે,
નુરતા ને સુરતા બે નૃત્ય કરે છે, ગીત મધુરાં ગાય મારા વાલા. ચાલ-૩
અખંડ ધુન્ય ગાજી રહીને, ધૂપદીપ ત્યાં થાયરે,
દેવ આવે સર્વે દર્શન કરવા, જય જય શબ્દ ત્યા થાય મારા વાલા. ચાલ.૪
હંસા કહે એવા પ્રભુને નીરખતાં, અંગમાં ઉલટ ન માયરે,
એકવીસ હજાર છસેં શ્વાસની માહે, પ્રભુ વિના પળ ન જાય મારા
વાલા. ચાલ સખી. ૫

પદ ૧૧ મું. (રાગ ઉપરનો).

ચાલ સખીરે જોવાને જઇએ, રાસ વૃંદાવનના ચોકમારે,
ગુરૂગમ ચંદ ઉગ્યારે આકાશે, આનદ પ્રકટયો અપારરે;
ઘેર ઘેરથી ગોપી સરવેરે ચાલી નિરખવા નંદકુમાર મારા વાલા ચાલ૦૧
છત્રીસ પ્રકારના વાજાં વાગે, શોભા તણો નહિ પારરે;
ઝીણારે સ્વરમાં મોરલી વાગે તારણી મીલાવે તાર મારા વાલા. ચાલ. ૧
ચંદ્રને સૂર્ય સ્થિર થયા ને, પવન ન ચાલે લગારરે,
વગર વાદળીએ વીજ ઝબુકે, શ્વાત વરસે એક ધાર મારાવાલા. ચાલ. ૩
સહસ્ત્ર જીભે શેષ વર્ણવે, તોય ન પામે પારરે,
શિવ સનકાદિક નારદ મુનિ, નીરખે છે શોભા અપાર મારા વાલા. ચાલ.૪
થેઇ થેઇકાર ત્યાં થઇ રહ્યોને, પુષ્પની વૃષ્ટિ થાયરે,
હંસા કહે એવા રાસ નીરખતાં, જન્મ મરણ મટી જાય મારાવાલા ચાલ ૫

પદ ૧૨ મું. મલાર.

ગુરૂજી મારા નિશ્ચય કહો, ધુન કોને કહીએ ?
ઉપાય બતાવો ગુરૂજી તેહનો કઈ વિધિ શુન્યમાં જઇએ. ગુરૂજી. ૧

શુન્ય એક છે કે અનેક છે, ગુરૂજી કહો સમજાઈ.
અલખ પુરૂષ ક્યાંથી આવીઆ, જઇને ક્યાંરે સમાયે ગુરૂજી. ૨
નાદ ને બુંદ ગુરૂજી ક્યાં વસે, તેનું કયા છે સ્થાન,
ખોડા શુન્ય ગુરૂજી કેને કહીએ, કયારે થાયે જ્ઞાન. ગુરૂજી. ૩
આ સંસારનો સાર શું, કોનો કરીએ સંગ,
જીવ ઇશ્વર કયારે થાએ, કેનો લાગે રંગ. ગુરૂજી. ૪
કહેરે હંસા ગુરૂદેવને સર્વે કહો સમજાઇ,
પૃથક પૃથક ગુરૂજી કીજીએ, કઇ વિધિ અમર લોક જાએ. ગુરૂજી. ૫

પદ ૧૩ મું (રાગ ઉપરનો).

ગુરૂજી કહે હસા સાંભળો, ધુન મોરલીને કહીએ,
સોહંગ દોર ઉપર ચઢી, હંસા શુન્યમાં જઇએ. ગુરૂજી. ૧
નાદ તો હંસા એક છે, રાગ અનેક કહાવે.
અગમ ધરેથી અલખ આવીઆ, જઇને અગમ સમાવે ગુરૂજી. ૨
નાદ ને બુંદ વસે શુન્યમાં, તેનું ત્યાં છે સ્થાન.
ખોડા શુન્ય પોઢે હસા ટોલીએ, ત્યારે થાએ જ્ઞાન. ગુરૂજી. ૩
સંસાર સાર સત્સંગ છે, કરીએ ગુરૂજીનો સંગ,
જીવ ઇશ્વર ત્યારે થાએ, લાગે રામનો રંગ. ગુરૂજી. ૪
કહેરે ગુરૂજી હંસા સાભળો, સર્વ કહ્યું સમજાઇ,
જ્ઞાન બુટી રાખો હાથમા, એહી વિધિ અમરલોક જાએ. ગુરૂજી. ૫

પદ ૧૪ મું જીલણીયુ.

(મને કોઇ બતાવોરે ગોકુળ ગામનો ગારૂડી—એ રાગ.

એની કોઇ લેજો રે, પ્રેમે નામ નારાયણનું,
નારાયણ નામે એની કેંક ઉગરીઆં,
પાનું ફાટયું ચોરાશી ખાણનું. એની કોઇ. ૧
ઉન્મુનિ ધરમાં એની અજપા જપજો,
ઉધડશે બારૂ અગમનું રે. એની કોઇ. ૨
ત્રિકુટી મહેલમાં એની તેજ પ્રકાશ્યા,
અજવાળુ થયુ કોટી ભાણનું રે. એની કોઇ. ૩
ત્રવેણી તીરે એની હીરા પારખજો,
આ રે સંસારમાં એ છે કામનું. એની કોઈ. ૪

અગમ નિગમની ઉપર પરિબ્રહ્મ,
મુખડું નિરખો ઘનશ્યામનું. એની કોઇ. ૫

હંસા કહે છે એની આરે સંસારમાં,
વ્રત પાળો તમે શિયળનું. એની કોઇ. ૬

પદ ૧૫ મુ. (રાગ ઉપરનો).

એની કોઇ પીજોરે, પ્રેમે નામ રસ જોઇને
નામ રસ પીને એની અમર થાજો,
દેહ અભિમાન ખોઇને રે. એની કોઇ. ૧

વિવેક વિચારે એની સદ્ગુરૂ ગોતો,
કામ ક્રોધને ખોઇને રે. એની કોઇ. ૨

જ્ઞાન અંજન સદ્ગુરૂજી આંજે,
દેખે નહિ બ્રહ્મ વિના કોઇને. એની કોઇ. ૩

મૂળ વસ્તુને એની નીરખીને જોજો,
ચિત્ત તપે નહિ કોઇને. એની કોઇ. ૪

અગમ ઘરમાં એની નિરંજન રાય,
હંસા રહે ચિત્ત પ્રોઇને રે. એની કોઇ. ૫

પદ ૧૬ મું.

(સાત ભૂમિકાનો ગરબો).

કહોને સખી કારતક કેમ જાશે—એ રાગ.

પ્રથમ શુભ ઇચ્છા દરીએ, શિક્ષા સદ્ગુરુની ધરીએ,
ચિત્ત સદ્બુદ્ધિમય કરીએ, કે ગરબે સજની સૌ રમીએ.
બીજી હવે વિચારણા લઇએ તન મન સદ્ગુરુને દઇએ,
શીલવંતથી ચોકખાં રહીએ ગરબે સજની સૌ રમીએ.
ત્રીજી હવેતનુમાનસા કહેવી, ચડવુ સદ્ગુરુને સેવી,
ભૂમિકા સિદ્ધ કરી લેવી ગરબે સજની સૌ રમીએ.
સત્વાપત્તિ શાન્તિને આપે એ હેય ઉપાદેયને કાપે,
જીવને શિવ કરી સ્થાપે ગરબે સજની સૌ રમીએ.
પાચમી ઉન્મુનિ સાધો બાઇ, અર્થ તેનો તુર્યાતીતજ થાય,
હંસા પતિ સહ ત્યાજ સમાય, ગરબે સજની સૌ રમીએ.

પદ ૧૭ મું.

(પંદર તિર્થોનો ગરબો).

(આવોને સજની મોરી ગરબે રમીએરે એ રાગ.

સખી પ્રથમ કરવી સદ્ગુરૂજીની સેવારે.
સદ્ગુરુ કહે પૂરણુ પદ મહારસ મેવારે. ૧
સખી બીજે બેઉ સ્વરની મધ્યે રહેજોરે,
જ્યારે પરખો સૂર્ય ને ચંદ્ર ગુરૂજીને કહેજોરે. ૨
સખી ત્રિબંધ બાંધી અમર આસનને વાળોરે,
સખી સાધન સિદ્ધ થવાને શીલવ્રત પાળોરે. ૩
સખી ચાર દિશાને જાણી દ્વારમાં જાવુરે,
ત્યાં પરખો છત્રીસ નાદ નિર્ભય થાવુરે. ૪
સખી પંચતત્ત્વના રંગ જ્યારે દેખોરે,
સખી લંબાઇ ટુંકાઇમાં જુદા જુદા પેખોરે. ૫
સખી છ શાસ્ત્રનો સાર સરવે જાણોરે,
બ્રહ્માંડમા ભૂપ છે એક મત નવ તાણોરે. ૬
સખી સાત ભૂમિકા કહે છે શ્રીગુરુદેવારે,
સખી બાવન બહાર છે બ્રહ્મ નીરખી લેવારે. ૭
સખી આ ઠામે તો સુખ અતિઘણું પામોરે,
સર્વત્ર બ્રહ્મનું રૂપ, દષ્ટિમા જામોરે. ૮
સખી નવે ખંડમા હવે થયું અજવાળુ રે,
ત્યારે હ્રદયકમળનું તુર્ત ઉઘડયુ તાળુરે. ૯
સખી દશમો નિધિ હાથ જ્યારે આવેરે,
આ ભવનો ફેરો સઘ ત્યારે ફાવેરે. ૧૦
સખી એકાદશ અજપે ઉન્મુનિ આવેરે,
વસ્તુમાં મેળવી તાર સુરતા સમાવેરે. ૧૧
સખી દ્વાદશ આંગળ બહાર છે તે જાણોરે,
પછી નિર્ગુણ સગુણ બેઉ તાણોવાણોરે. ૧૨
સખી તેરશ પીધો હોય તે જન જાણેરે,
જેને સદ્ગુરૂ હોય પ્રસન્ન તે સુખ માણેરે. ૧૩
સખી ચૌદ લોકમાં ગુરૂપદ જાણો મોટુંરે,

સખો હું પદ મૂકી નિત્ય રહેવુ છાડુંરે. ૧૪
સખી પૂનમ પૂરણ રસ બાઇ હવે પીધોરે,
ગુરૂ કૃપાએ લાવો હંસાએ લીધોરે. ૧૫

પદ ૧૮ મું.

(આતમ જાગ્યા જેના જરા મરણ બે ભાગ્યા—એ રાગ.)

સદ્‌ગુરૂ મળીયા,
જેના સંશય સર્વે ગળીયા. સદ્‌ગુરૂ ટેક.
ઘેર આવી સત્સંગ કરાવે,
ભાગ્ય પૂરવના ફળીયા- સદ્‌ગુરૂ.
હૃદયકમળમા સૂર્ય પ્રકાશ્યા,
તિમિર આધાં ટળીયાં- સદ્‌ગુરૂ. ૧
અનહદ ધુન બતાવી ગુરૂએ,
છત્રીસ રાગ સાંભળીયા- સદ્‌ગુરૂ.
અણી અગર પર આપ બિરાજે,
ગુરની સાને કળીયા- સદ્‌ગુરૂ. ૨
ઓહંગ સોહંગ શુ પ્રીત કરીને,
ભવજળ ફેરા ટળીયા- સદ્‌ગુરૂ.
બહાર ભીતર એક નીરખ્યા,
હંસાના ફેરા ફળીયા- સદ્‌ગુરૂ. ૩

પદ ૧૯ મું. (રાગ ઉપરનો).

સુરતા લાગી.
જેણે ચિત્તમાં જોયુ જાગી. સુરતા—ટેક.
બાવન બહારા સબથી ન્યારા,
નિરખીને તૃષ્ણા ત્યાગી- સુરતા.
ત્રિકુટી મહેલમાં તેજ પ્રકાશ્યા,
શુન્યમાં મોરલી વાગી- સુરતા.
તાલ મૃદંગને ભેરી વાગે,
અનભે નોબત વાગી- સુરતા.
અખંડ સ્વરૂપને નિરખી લઇએ,
સદા રહીએ અનુરાગી- સુરતા.

સ્વપ્નવત્ સંસારને જોતાં,
મન રહે વિરાગી— સુરતા.
ગંગા યમુના ત્રિવેણીના તીરે.
હંસાએ જોયું જાગી— સુરતા.

પદ ૨૦ મું.

હંસા હંસ તો મળે સુખ હોય (તે દેશી).

જ્ઞાની જ્ઞાની મળે સુખ થાએ.
કારે બેસો અજ્ઞાની મંડળમાં,
ફોકટ વખત ગુમાયરે. જ્ઞાની. ટેક.

જ્ઞાનના ઘરમાં એક બ્રહ્મની વાત,
મિથ્યા ભાષણ નવ થાય;
રોમે રોમે અમીરસજ ચાલે તો,
બ્રહ્મ મગન હોઇ જાયરે. જ્ઞાની. ૧

પ્રથમ તો ચિત્ત એક ધુનમાં રાખો,
રહોને ત્યા લોલાઈ;
શબ્દ જુદા જુદા શ્રવણે સાભળતા,
સુરતા રહે ત્યા ઠેરાઇરે. જ્ઞાની. ૨

આવત જાવત દૃષ્ટિમા રાખો,
સદાએ રહો અનુરાગી;
મોહરાજાનું સૈન્ય નાસી જાશે,
કૃષ્ણગુરુ તાળી લાગીરે જ્ઞાની. ૩

કહેરે હંસા જો એ વન ઢુંઢો,
દેખો સરવે સાર;
સદ્‌ગુરૂજીનાં વચન ગૃહીને,
ઉતરો ભવજળ પારરે. જ્ઞાની. ૪

પદ ૨૧ મું.

(રાગ કાફી, મીરાના પદનો.)

અનભે નોબત વાગીરે, સુરતા મારી પાર ગઇ,
સન્મુખ હું તો ચાલીરે, તરવેણીમાં ઉભી રહી, અનભે૦

તરવેણી કેરા તીરજ માહે, કોટીક પ્રકટયા ભાણુ:
સદ્ગુરૂની સાન, જેને હશેરેવાલા
તેને નિશ્ચે થાશે જાણુ
પરિબ્રહ્મ ભેટયારે, થીરતા મારી ઠરી તો ગઇ. અનભે૦ ૧

તાળીરે લાગી ત્રીકમ સાથે, પુરષોત્તમ પધાર્યા પાટ
તુરત સુરતના સંગમારે વાલા જોયો ઠાકોરજીનો ઠાઠ
દ્રષ્ટિ ભરી જોતાં રે ચિત્તમાં હુ તો શાન્ત થઇ. અનભે૦ ૨

એરે ઠાકોરજીને છત્રરે શોભે, પચરંગી કહેવાય;
ત્રિભુવન ધણી જયારે તખ્તે પધારે,
ત્યારે વીજ ઝબુકા થાય.
ચંદ્ર સૂર્ય કિરણોરે ત્યા તો સરવે મળી તો ગઇ. અનભે૦ ૩

નાદ નિરાધાર ઉન્મુનિમા, મળ્યો ત્રણે તાર.
સદ્ગુરૂએ જયારે દયા કરીરે વાલા, ત્યારે જોયો સર્વે સાર
નિરભે થઇને બોલેરે, હસા હવે શાન્ત થઇ. અનભે૦ ૪

પદ ૨૨ મું.

(રાગ રામગ્રી.)

ઝીણીરે ઝીણી વાગે ઝાલરી, શખનાદ ત્યા શોભે;
તાલ મૃદંગ વાજા વાગીયા, જોવા મનડુ લોભે. ઝીણીરે. ૧

એ ઝાલરી તો કોઇ વીરલા, સુણે પુરવને પુણ્યે;
એકાંત કરીને બેસે ધ્યાનમાં, તો ઝાલરી સુણે શુન્યે. ઝીણીરે. ૨

દશ પ્રકારનાં વાજાં સાંભળે, પછી ઉન્મુનિમાં આવે;
ઓહંગ સોહગશુ પ્રીતિ કરે, તો મહેનત મજરે આવે. ઝીણીરે. ૩

પછી નીરખે નિરાધારને, બીજું નજરે ન આવે;
કહેરે હંસા સર્વે સતને, ભાગ્ય પુરવનું ફાવે. ઝીણીરે. ૪

પદ ૨૩ મું (રાગ રામગ્રી.)

આવોને સખી સરવે સંગ લઇ, નિરાધારશુ રમીએ,
સાથે લાવો રૂડા પ્રેમને. તો તો પ્રભુજીને ગમીએ. આવોને૦ ૧

રાસ રચ્યો ત્રણ લોકમાં, ત્યાં કાઇ મચીઓ અખેડો
જમુનાજીને કાંઠડે, સરખે સરખો સજોડો— આવોને૦ ૨

અનત વાજા ત્યાં વાગીયાં, થઇ રહ્યો થેઇકાર
ઝીણુરે ગ્વરે વાગે મોરલી, જોતા થઇ તદાકાર. આવોને૦ ૩
રામ રમે મહદાકાશમાં, સન્મુખ સરજનહારા,
કહેરે હંસા સર્વે સંતને, નિરગુણ સૌથી છે ન્યારા. આવોને૦ ૪

પદ ૨૪ મું આઠવાર.

(સીતાજીના મહીનાનો રાગ.)

સખી આદિતે આનદ વાધ્યો મારા તનમાં
હવે હરિ મળ્યાની આશ, ઉલટ મારા મનમા. ૧
સખી સોમે આવી સાન, ગુરૂજી પુરા મળ્યા,
મારા ટાળ્યા ત્રિવિધંના તાપ સંશય સર્વે ગળ્યા. ૨
સખી મંગળે મોતી હાર જડ્યો મને વાટમા,
મેં તો દીઠા દીનદયાળ, ત્રિવેણીના ઘાટમાં. ૩
સખી બુધે બુદ્ધિ થઈ શુદ્ધ, સુરતા સંગે મળી,
સુરતાએ નિરખ્યા નિરાધાર તૃષ્ણા તેમાં ગળી. ૪
સખી ગુરૂ પ્રતાપ મોટો નિશ્ચે કરી જાણીએ,
ગુરૂએ બતાવ્યુ પદ નિરવાણ, પ્રીતે જુક્તિ માણીએ. ૫
સખી શુકરે સોહંગ જાપ, જપ્યા મે જે ઘડી,
ત્યારે સાંભળ્યા અનહદ નાદ, જુદા જુદા તે ઘડી, ૬
સખી શનિશ્ચરના ગ્રહ હવે પીડે નહિ,
હવે ભેટયા છે બ્રહ્મસ્વરૂપ હસા કહે સહી. ૭

પદ ૨૫ મું. (બાર મહિના.)

(હરિનો મારગ છે શુરાનો એ-રાગ.)

કારતક મહિને કરી કમાણી, તે ફોકટ નવ જાય જોને,
કરી લીયો સદ્દગુરની સેવા, કોટી જગન ફળ થાય જોને. ૧
માગશર મહિને મોતી લેવા, મન મારૂં લલચાય જોને,
ગુરૂ કૃપા જો પુરી હોય તો સાધન સિદ્ધિ થાય જોને. ૨
પોષ મહિને પ્રભુની સાથે, કરી લીયોને પ્રીતિ જોને,
સત્ય વચનથી સમજી ચાલો, રાખો રૂડી રીતી જોને. ૩
મહા મહિને મોહનજી વાલા, કરી લીઓ મન ગમતા જોને,
આ કાયા તો વણસી જશે, પળમા રમતાં રમતા જોને. ૪

ફાગણુ મહિને ફેરા ફળીઆ, ભવનાં દુઃખડાં વામ્યાં જોને,
શ્યામ સ્વરૂપી સરજનહારા, દીઠા વા'લો સામા જોને. ૫
ચૈતર મહિને ચિંતા ટાળી, પ્રભુ મળ્યા છે પળમાં જોને,
સદ્‌ગુરૂજીએ દયા કરીને, દરસાવ્યા છે દીલમા જોને. ૬
વૈશાખ મહિને શુદ્ધ સ્વરૂપને જેમ છે તેમ જાણ્યુ જોને,
સદ્‌ગુરૂજીનાં વચન સુણીને પ્રભુની જુક્તિ માણ્યો જોને. ૭
જેઠ મહિને જુકિત જાણી, નિરખ્યા અંતરજામી જોને,
જીવ ઇશ્વરની ભ્રાન્તિ ટાળી, ચિંતા સરવે વામી જોને. ૮
આષાઢે અદ્વૈતજ પ્રકટયો, દ્વૈત નાખ્યો કાપી જોને,
નિરગુણુ સગુણુ એક કરીને, છાપ બીજી છાપી જોને. ૯
શ્રાવણુ મહિને શુદ્ધજ થઇને, સુરતા સંગે વરીએ જોને,
સમજ્યાં હોય તો સમાઇ રહીએ, દુર્જનથી તો ડરીએ જોને. ૧૦
ભાદરવે તો ભીંજાઇ જાજો, બ્રહ્મરસના ભોગી જોને;
ગુરૂ કૃપાથી મુક્તિ પામ્યા, મોટા જંગમ જોગી જોને. ૧૧
અશ્વિન માસે આનંદ વાધ્યો, ફોકટ ફેરા ટળીઆ જોને,
કહે હંસા ગુરૂ પ્રતાપે, સરજન હારા મળીઆ જોને. ૧૨

પદ ૨૬ મું.

સંસાર સાગર મહાજળ ભરીઓ, ગોથા ખાશો ખુબ જોને;
સંશય મેલી સદ્‌ગુરૂ સેવો, દેખો પ્રભુનું રૂપ જોને. ૧
ભજન કરીને ભ્રાન્તિ ટાળો, તેમાં છે બહુ સુખ જોને;
પરનિંદા તો પડતી મેલો, અંતે તેમા દુખ જોને. ૨
ગગનમંડળમાં અનહદ ગાજે, સુરતા તેમાં રાખો જોને;
સદ્‌ગુરૂજીનાં વચન સુણીને, અમૃતરસને ચાખો જોને. ૩
દ્વાદશ આંગળ બહાર ભીતર, ગુરૂ બતાવે સાર જોને;
અણી અગર પર દૃષ્ટિ રાખો, નિરખો બાવન બહાર જોને. ૪
ઉન્મુનિ ઘરમાં અજપા જપતા, પ્રભુ થશે પ્રકાશ જોને;
કહે હંસા ભક્તિ કરો તો, થાશે વૈકુંઠ વાસ જોને. ૫

પદ ૨૭ મું ઘોળ.

(રઘુનાથજીની ઘોડલીનો રાહ)

શરદ પુનમની રાતડીરે ચંદ ચડયો છે શીષ,
એવે સમે શ્રી કૃષ્ણજીરે આલોપ્યા છે કાંઇ રામ છત્રીસ,
અખંડ રાસ નીરખીએ.—ટેક.

વ્યાકુળ થઇ વ્રજ વિનતારે, તજ્યાં કુટુંબ પરિવાર;
ઘેર ઘેરથી ચાલી સુંદરીરે, મુરલી સાંભળી થઇ તદાકાર. અખંડ૦ ૨
રાધા ને લક્ષ્મી પહેલાં ગયાંરે, કરવા પ્રભુજી શું હેત;
શામ સ્વરૂપી નીરખીયારે, પ્રભુ ભેટયા છે પ્રેમ સમેત. અખંડ૦ ૩
રાધાએ લક્ષ્મીને પુછીયુંરે, એની કેમ કરે પ્રભુ પ્રીત;
ઉપાય બતાવો એની તેહનોરે, મને બતાવોને તેની રીત. અખંડ૦ ૪
લક્ષ્મી કહે એની સાંભળોરે, કરો એકાગ્ર મન;
પાંચે મુદ્રા સાધતારે, પછી શુદ્ધ થાશે તારૂં તન. અખંડ૦ ૫
સાચરી ભૂચરી ને ખેચરીરે, સાધો અગોચરી નાર;
ઉન્મુનિમા જાપ જ્યારે જપોરે, ત્યારે મળી જાશે તારમાં તાર. અખંડ૦ ૬
તત્ત્વ કહોને એની મુજનેરે, કહોને પાંચે પ્રકાશ;
નીચે ચાલે તે જડ જાણીએરે, તીખો કરે છે અગ્નિ પ્રકાશ અખંડ૦ ૭
પૃથ્વી ચાલે છે એની પાંશરેરે, ઘેર કરે છે આકાશ;
ત્રિંખો વાયુને જાણીએરે, કરે પડમાં પાંચે પ્રકાશ. અખંડ૦ ૮
વૃંદા લલીતાને સત્યભામારે, મળી રચ્યો છે રાસ.
થેઇ થેઇકાર ત્યાં થઇ રહ્યોરે, પ્રભુએ પુરી છે મનની આશ. અખંડ૦ ૯
સદ્‌ગુરૂના પ્રતાપથીરે, ગાયે હંસા જાણુ;
એ રાસ નજરે નિરખતારે, પછી નહિ રહે તાણુ ને વાણુ. અખંડ૦ ૧૦

પદ ૨૮ મું.

(રાગ માલી ગાંડો)

આજ અમે ગયાતા સૈયર સભામાં,
પ્રેમ તણો નહિ પાર મારા વ્હાલા. ૧
પ્રેમ હતો ત્યારે પ્રભુજી ભેટયા,
નીરખ્યા નંદકુમાર મારા વ્હાલા. ૨
સૈયર સભામાં કૌતુક દીઠું,
બેઠાં હતાં જે ઠાર મારા વ્હાલા. ૩
વગર વાદળીએ વીજ ઝબુકી,
સ્વાંત વરસ્યો એક ધાર મારા વ્હાલા. ૪
શુન્ય સરોવર છલી વળ્યું ત્યાં,
હંસા બેઠા ન્હાય મારા વ્હાલા. ૫
એ સરોવરમાં જે કોઇ નહાશે,

જીવન મુક્તજ થાય મારા વ્હાલા. ૬
એવામાં એક બાગજ દીઠો,
ભમર કરે ગુંજાર મારા વ્હાલા. ૭
તુરત સુરતમાં હેરીને લીધો,
શોભા તણો નહિ પાર મારા વ્હાલા. ૮
સહીયર સભામાં જે કોઇ જાએ,
દેખે સરવે સાર મારા વ્હાલા. ૯
ગુરૂ પ્રતાપે ગાયે હંસા,
દેખે તે ઉતરે પાર મારા વાલા. ૧૦

પદ ૨૯ મું થાળ.

(રઘુપતિ રામ રૂદેમા રહેજોરે એ રાગ).

જમો થાળ કૃષ્ણજી રૂડી રીતે,
મેં તો થાળ પીરસાવ્યો છે પ્રીતે— જમો૦ ૧
પ્રભુ કંચન બાજઠ ઢળાવુરે,
શુભ શીતળ ચંદન ચર્ચાવુરે;
પ્રભુ ભાવનાં ભોજન પીરસાવુ,— જમો૦ ૨
શીરો પુરીને લાડવા જમજોરે,
દહી ને દહીથરાં લાવુછુ ખમજોરે,
પ્રભુ હ્રદયકમળમાં રમજો,— જમો૦ ૩
દુધે બાંધીને સેવ મેં વણીરે,
મારા હૈયામાં હામ છે ઘણીરે;
મેં તો ધાર્યાં પૂરણ બ્રહ્મ ધણી,— જમો૦ ૪
શાક શમતાનાં પીરસાવ્યાંરે.
જમવા પ્રાણજીવનજી આવ્યારે.
શોભા ત્રણ ભુવનની લાવ્યા,— જમો૦ ૫
રામ નામનાં રાયતાં ભારીરે
ગોવિંદ નામની છે ગોળ કેરી રે,
ગુંદાં ગરમર પીરસું સંભારી.— જમો૦ ૬
જળ જમુનાજીનાં લાવું રે,
પ્રભુજીને કોગળા કરાવું રે;
પછી મુખવાસ મુખમાં ધરાવું.— જમો૦ ૭

લવીંગ એલચી ને સોપારી રે,
બીડી પાનની છે ઘણી સારી રે;
પ્રભુ જાઉં હું તમ પર વારી,— જમો. ૮

કહે હંસા બેઉ કર જોડી રે,
મારી વિનતિ સુણજો થોડી રે;
પ્રભુ જુગ જુગ રાખો અમ જોડી.— જમો. ૯

પદ ૩૦ મું. (લાવણી.)

ચાલો મારી સખીઓ સાન કરીને, જયાં જોઇએ ત્યા બ્રહ્મ દરશે,
પૃથ્વી પાણી પ્રૌઢ પર્વતમાં, ઇશ્વર છે તરણા વાસે. ચાલો. ૧

ખરેખરૂં કહું સત્ય માનજો, સમજાશે ગુરૂની સાને;
ફોકટ ફાંફા ખાઇ વળો પણ, નહિ આવો એક નિશાને. ચાલો. ૨

નંદન વંદન ખંડન મેલી, સર્વ દેવા નમસ્કાર કરો;
પારકી મેલીને આપકી કરો તો, સહેજે સુરતા સંગ વરો. ચાલો. ૩

પ્રભુ અગમ છે નીરખો નીગમસે, સન્મુખ દરશાશે જયોતિ;
ત્રરવેણીના તીરમાં તમે, હંસા નીરખો નિજ મોતી. ચાલો. ૪

અણી અગર પર આપ બિરાજો, સન્મુખ છે સરજનહારા;
કહે હંસા ઘડી ન મેલું, પ્રીતમ પ્રાણ થકી પ્યારા. ચાલો. ૫

પદ ૩૧ મું (રાગ ઉપરનો.)

અમર લોકની શોભા નિરખો, તે ઠેકાણે રંગ જામે;
ઝીલમીલ ઝીલમીલ નુર વરસે, દ્રષ્ટિ કરો તમે તે ઠામે. ૧

તે શોભાની વાત શી કહું, મુખ થકી વરણી નવ જાય;
હંસે હંસ મળે તો બંને, મનોમન તે હરખાય. ૨

સદ્‌ગુરૂજીની સેવા કરીએ, નુરત સુરતશુ પ્રીત કરી;
મન કર્મ વચને સત્ય માનીએ, ગુરૂ કહે તે વાત ખરી. ૩

શુન્ય મંડળમાં મોરલી વાગે, ઉત્તરમાં અનુરાગ સહી,
દક્ષિણ દેશમાં શંખ શોભે, ભમર ગુફાના ભેદ લઇ, ૪

ગરૂડ ઘંટા ને ઝાલર વાગે, ચિત્ત રહે છે ત્યાંજ ઠરી;
સબસેં તોડી એકસેં જોડી, હંસા કહે તે વાત ખરી. ૫

પદ ૩૨ મું (ભવિષ્ય વિષે.)

(રાગ ઘોડલીનો.)

ભવિષ્યે લખ્યું તે મટે નહિ ને, કરોને કોટી ઉપાય;
બ્રહ્માદિક ભુલે સહીરે, પણ થનાર હોય તે થાય;
વિયોગ સતસંગનો—ટેક. ૧

આશા હતી સૌને એટલીરે, જાણે રહેશે સદા અહીં,
ધાર્યું ઇશ્વરનું થયુ રે, સારૂપ્ય મુક્તિ પામ્યા ગુરૂજી ત્યાંય;
વિયોગ સતસંગનો. ૨

ભણકારા વાગે ચારે દિશેરે, જાણે પધારે ગુરૂજી આંહી;
બ્રહ્મના ઘરની વાતો કરે રે, ત્યારે સુખ સભાને થાય;
વિયોગ સતસંગનો. ૩

પ્રશ્ન પૂછે સર્વે શાસ્ત્રના, તેનો ઉત્તર આપે પોતે સત્ય;
એવો સતસંગ કરાવીનેરે, ઓળખાવી અવિગતની ગત;
વિયોગ સતસંગનો. ૪

હવે સભા સુની થઇ રે, વિના ગુરૂ દર્શન;
એવો આનદ ચાલ્યો ગયોરે, તેથી કયાંહી ઠરે નહિ મન;
વિયોગ સતસંગનો. ૫

બ્રહ્માનંદમાં ડોલે ને સત્ય બોલે, રૂડી બતાવે સાન;
હંસા કહે એવો સત્સંગ મળે નહિ, ક્યાંહિ જોતાં જમીન અસમાન,
વિયોગ સતસંગનો. ૬

પદ ૩૩ મું. (ઇષ્ટદેવની સમાધી સમયનું.)

ગુરૂજી પધાર્યા સતધામમા, વમાન આવી ઉભાં આંહીરે;
દેવ સરવે જય જય કરે, શેષનાગ કરે છાંયરે. ગુરૂજી. ૧

પૃથ્વી પવન મળી ગયાં રે, જળ તેજને આકાશરે;
નવ લીંગ વાંછના મળી ગઇ, ત્રણે ગુણ પ્રકાશરે. ગુરૂજી. ૨

સારૂપ્ય મુક્તિ પામી ગયારે, જઇને મળ્યા નિરાધારરે;
જેમ હતું તેમ થઇ રહ્યું, તેનો સંત જાણે સારરે. ગુરૂજી. ૩

વિયોગ થયો તેના દેહનો રે, માટે શોક થાય બહુરે;
નિશ્ચે હંસા એમ કહે રે, જય જય બોલો સહુરે. ગુરૂજી. ૪

પદ ૩૪ મું (રેખતો.)

નજર કર નજર કર કામ ક્રોધ દૂર કર,
ત્રિવેણીને તીર ટંકશાળ બોલે.
તૃષ્ણાકુ ત્યાગ કર સુરતાકુ લાગ કર,
ગગન મંડળમાં સંત ડોલે.
બંસરી વાગે સંત જાગે અગમ નિગમકી બાત સુજે,
કહે હસા પૂરા ગુરૂ ભેટતાં.
બેહદકા ખેલમાં કોઇ હંસ બુજે. ૧

પદ ૩૫ મું ધોળ.

(લાસ લઈરે લક્ષ્મી કીયા લાઇ ઘેર જાશોરે એ રાગ)

જન્મ મરણનો રોગ થયો તો ગુરૂજી વૈદ બોલાવ્યારે,
ગુરૂજી વૈદ બોલાવ્યારે, નાડી વૈદે ઔષધ બતાવીયું રે, ટેક.
અજ્ઞાન રૂપી ઘેન ઉતર્યું, અનુભવ આંખ ઉઘાડીરે ॥ અનુભવ ॥ ૨
ત્રિવિધિના તાપ ટળી ગયા રે. (૧)
હુંપદ રૂપી કફને તોડયો, ગુરૂએ બુટ્ટી દીધીરે. ગુરૂએ. ૨
ત્રિદોષ સન્નીપાત સમી ગયોરે. (૨)
લોભ રૂપી તાવ ઉતર્યો, ગુરૂએ કૃપા કીધીરે. ગુરૂએ. ૨
માન મુઝારો મટી ગયો રે. (૩)
ગુરૂગમ રૂપી જઠરા ઉઘડી, ભજન ભૂખ લાગીરે ભજન. ૨
શરીરમા શ્રદ્ધા આવી ઘણીરે. (૪)
અજ્ઞાન રૂપી પડદા ખોલ્યા, અંતર ઉઘાડયારે. અંતર. ૨
કુબુદ્ધિના કમાડ ભાગી ગયારે. (૫)
રજ્જુ સર્પવત્ બીક મટાડી, ગુરૂએ કુંચી દીધીરે. ગુરૂએ. ૨
હંસાને પરિબ્રહ્મ ભેટીયારે. (૬)

પદ ૩૬ મું (ધોળ).

(અચકો મચકો કારેલી—એ રાગ)

શ્રી કૃષ્ણની મોરલી વાગીરે સાંભળને તું સાહેલી,
મારી સુરતા સુનમાં લાગીરે. ,, ૧
મારી તનની તૃષ્ણા ભાગીરે, ,,

હું જીવન જોવા જાગીરે. „ ૨
સદ્‌ગુરૂશુ લગની લાગીરે સાંભળને તું સાહેલી.
મારી ભવની ભ્રમણા ભાગીરે. „ ૩
સદ્‌ગુરૂએ સાન બતાવીરે. „
મને ઉન્મુનિ ઉરમાં આવીરે. „ ૪
મેં અણી અગર પર જોયુંરે „
સોહંગમાં ચિત્ત પરોયુંરે. „ ૫
હું તો માવાને મન ભાવીરે. „
હું તો ભવનો ફેરો ફાવીરે „ ૬
મેં નિરખ્યા અંતર જામીરે, ,
હું તો પુરણ પદને પામીરે. „ ૭
મને સહેજ સમાધી લાગીરે, „
હંસા થઇ બડભાગીરે. „ ૮

ગુરૂશ્રીનું બનાવેલું પદ ૧ લું.

(પ્રભાત રાગ)

પ્રેમ પ્રીતે મને નિજ ગુરૂ મળીઆ લગની લાલનસેં લાગીરે,
લગની લાગી મન ભયો વૈરાગી ભય ભરમણા ભાગી રે.—ટેક.

દીન જાણી દયા કરી ગુરૂએ તનમન જોયું સરવે ત્યાગીરે;
પરાપાર પરિબ્રહ્મ નિરખ્યા જોયું અંતરમાં જાગીરે. પ્રેમ. ૧

મન મસ્તાના ભયા ફકીરા જોતી પ્રેમ કેરી જાગીરે,
ઘટ ભીંતરમા ભયા અજવાળા ગુરૂ સંત મળ્યા સોહાગીરે. પ્રેમ. ૨

શ્વાસ ઉચ્છ્‌વાસનું સ્મરણ કીધું ત્યારે ઉન્મુનિ ઘેર તાળી લાગીરે,
ઉન્મુનિ ધ્યાનમાં ભયો ઉજાગર આદ્ય અંત અનુરાગીરે. પ્રેમ. ૩

ગુરૂ અમર મળીઆ મારા ફેરા ફળીઆ, કુળ જાતભાત સર્વે ત્યાગીરે,
અરજણને ગુરૂ અમર મળીઆ, જમકિંકર ભય ભાગીરે. પ્રેમ. ૪

પદ ૨ જું.

(રાગ ઉપરનો.)

જ્ઞાનકર જ્ઞાનકર ગુરુ ગોવિંદાનું ધ્યાનમાં ધ્યાન લગાવેરે,
આદ્ય અંત ગુરુ એક અનુપમ, ચરણમાં શીષ નમાવેરે. ટેક.

મોધે મુલે ક્રોધ ખેલે મરજીવા, તે મનુષ્ય જનમ લ્હાવો લેવેરે,
લહાવો લેવે નામ અમર રહેવે આદ્ય અંતે નહિ જાવેરે. જ્ઞાન. ૧

ગુરૂની સાન થકી સબ વિધિ પામ્યો, સુરતા ગગનમાં ચલાવેરે,
શુન્ય શિખર ચઢી નિજગુરૂ નિરખ્યા, અનહદ નાદ બજાવેરે. જ્ઞાન.૨

નાદ સુણી મન સુરતા લોભાણી, વળી વાસનામાં ફેર નાવેરે,
અખંડ ધાર જયાં અમીરસ વરસે, હંસા બેઠા ત્યાં નહાવેરે. જ્ઞાન.૩

શંખ ઝાલરને અતિ ઘણી શોભા, ગડહડ સીંગી ગરજાવેરે,
ધૂપ આરતી વિધવિધ થાએ, ત્યાં હંસ હંસ મીલાવેરે. જ્ઞાન.૪

ગુરૂના ચરણ થકી અતિ સુખ પામ્યો, તે જન્મોજન્મના અઘ જાવેરે,
અરજણને ગુરૂ અમર મળીઆ તે નિર્ગુણના ગુણ ગાવેરે. જ્ઞાન.૫

પદ ૩ જું.

(રાગ ઉપરનો)

પ્રભાતે ઉઠી શ્રીરામ સમરીએ, ગુરૂચરણે ધ્યાન ધરીજેરે,
ધ્યાન ધરીજે મન આનંદ લીજે, તનમન અર્પણ કીજેરે. પ્રભાતે. ૧

દલ દરિયામાં અખંડ દીવો, નુરતસુરતે હેરી લીજેરે,
જે નર હેરે તે પાર પાવે, મનુષ્યજન્મ સફળ કીજેરે. પ્રભાતે. ૨

ગુરૂચરણ બ્રહ્માદિક વંદે, હુકમ હજુરમાં રહીજેરે,
માન મોહ ક્રોધ કામ હઠાવે સ્થિરતાએ મન ઠરીજેરે. પ્રભાતે. ૩

હદ બેહદપર હુકમ ચલાવે અગમ ઘેરે ડેરા દીજેરે,
અગમ નિગમ ઘેર એક અખંડિત સુરતાએ સમરણ કીજેરે. પ્રભાતે. ૪

આ સંસારમાં અતિ સુખ પામ્યો, દાસ થઇ દીનતામા રહીજેરે,
અરજણને ગુરૂ અમર મળીયા, તે તેજમાં તેજ મલીજેરે. પ્રભાતે. ૫

પદ ૪ થું.

ગુરૂજીએ ભેદ બતાયો મેરે સંતો ગુરૂજીએ ભેદ બતાયોરેજી,
ગુરૂજીએ ભેદ બતાયો મેરે સંતો અજર અમર ફળ પાયોરેજી,
નામ નિશાને નિરંજન નિરખ્યો તે નહિ જનમ્યો નહિ જાયો. મેરે સંતો.૧

રનઝન રનઝન વાજાંરે વાગે, ઘોર કરે ઘનકારોરેજી,
વિના દાંડીએ નોબત વાગે, ઝાલરીનો ઝણકારો મેરે સંતો. ૨

ગગન મંડળમાં ગેબી ગરજના, ભેદ કોઇ વિરલે પાયોરેજી,
વિના વાદળીએ વીજ ઝબુકે તો ઝરમર મેઉલો આયો. મેરે સંતો. ૩

દશ પ્રકારે વાજાંરે વાગે તો, રણુકારે રંગ મીલાયોરેજી,
ઝીણુરે સ્વરમાં મોરલી વાગે, તો તારમાં તાર મીલાયો. મેરે. ૪

અગમ તીરથમાં અમીરસ ભરીયો, પુરો સંત કોઇ નાહ્યોરેજી,
અમર ચરણે અરજણ નાહ્યો તો નિરગુણના ગુણ ગાયો મેરે સંતો ૫

પદ ૫ મું.

સમજ્યો સમજ બતાવે મેરે સંતો તે ભેદ નિરગુણના પાવેરે,
નિર્ગુણ સગુણ રામરટણમા ચરણોમાં ધ્યાન લગાવે. મેરે. ૧

ત્રિકુટી મહેલમાં ત્રિગુણ રચીઆ, તે જાપ અજપા જપાવેરેજી;
જાપ અજાપે સોઇ ઘર પાયા, તો પાર અપાર દર્શાવે. મેરે. ૨

મૂળ કમળમાં મનકા વાસા, નાભીએ પવન ઠેરાવેજી;
હરદા કમળમાં હુવા અજવાળા, તો તરવેણી તાર મીલાવે. મેરે. ૩

જે નર સાધે તે પદ પાવે, અગમ નિગમ પાર જાવેરેજી,
અરજણને ગુરૂ અમર મળીયા, તો નિરાધારમા સમાવે. મેરે. ૪

પદ ૬ ઠું. (ધોળ).

ચાલો સખી જાઇએ બ્રહ્મ સાથે, મુક્ત થઇએ ગોવિંદાને હાથે.
મારૂં મારૂં કરી ધાએ પહેલી, અંતે જાણે ધુમરની છે હેલી;
ગુરૂને ચરણે આવી અલબેલી. ચાલો. ૧

તોડ તૃષ્ણા તું મમતાની ઘેલી, મ યા જુકિત જાવું સર્વે મેલી;
પાળ બાંધો આવ્યા પુર પહેલી. ચાલો. ૨

મને ગુરૂ મળ્યા બ્રહ્મચારી, સાંભળ વાત કહું એની મારી;
ગુરૂ વિના શી ગતિ થાશે તારી. ચાલો. ૩

ગુરૂ મુક્તિ આપે એક ક્ષણમાં, નિરંતર નામ જપો ગુરૂનું મનમાં;
અવિગત નાથ રહ્યા તારા તનમાં. ચાલો. ૪

મને ગુરૂ મળ્યા નિજ જ્ઞાની, ત્રણ લોકની ગતિ જેણે જાણી,
વરતુ જાણે કોઇ પુરૂષ પુરાણી. ચાલો. ૫

સંસાર સ્વપ્નામાં ઝબકીને જાગી, મારી સુરતા નિરંતર લાગી;
ગુરૂને ચરણે આવી બડભાગી ચાલો. ૬

ઘટ ભીતર જાગીને જોયું, મારૂં મન નિર્ગુણ સાથે મોહ્યું;
અખંડ જ્યોતે ચિત્ત મારૂં પ્રોયું. ચાલો. ૭

સ્થિર થઇ રહી છુ નિર્ગુણ નીરખી, મને સાન બતાવી એક સખા,
અવિગત નાથ નિરખ્યા મેં પુરવથી. ચાલો. ૮

નિજ દૃષ્ટિ નીચે શ્વાસા ચાલે, મધ્ય ભાગે આવી જુકતે મહાલે;
નુર ઝબકે જમુનાજીને આરે. ચાલો. ૯

ઘમઘોર ઘટાએ મેઘ આવે, સૂક્ષ્મ તેજ વીજ ચમકાવે,
કાળ એ ને સંકટ ત્યાં ન આવે. ચાલો, ૧૦

જ્યોત ઝળકે અખંડિત અપારા, નુર વરસે અખંડિત ધારા,
તખ્તે બેઠા જ્યા નિજ ગુરૂ પ્યારા. ચાલો, ૧૧

પ્રેમના પ્યાલા અમર સાહેબે દીધા, સન્મુખ રહીને અર્જુન ભકતે લીધા;
ચિત્ત એકાગ્ર કરીને પીધા. ચાલો. ૧૨

सूचना.

પ્રિય વાચક ! અધ્યાત્મ જ્ઞાનનાં મૂળતત્ત્વો બતાવનાર આ લઘુ ગ્રંથ તમે સંપૂર્ણ વાંચ્યો છે. કોઇ પણ ધર્મ કે પંથને આ મૂળ તત્ત્વો સાથે લેશ પણ વિરોધ નથી, કેમ કે અગાઉના ઘણા મહાત્માઓએ જે સુખદ રસ્તે પ્રયાણ કરીને ટુંક વખતમાં પરમપદ મેળવેલું, તે સુખદ માર્ગે પ્રયાણ કરવાને હાલના મુમુક્ષુઓને ઇસારો કર્યા સિવાય આ પુસ્તકમાં બીજુ કંઇજ કર્યું નથી. એ રસ્તે કેવી રીતે પ્રયાણ કરવુ, તથા તેમાં પડતી અડચણો કયા સરળ ઉપાયોવડે ટાળવી, તેનું સાંગોપાંગ જ્ઞાન આ લઘુ ગ્રંથની શરૂઆતમા જણાવેલાં શ્રીમાન્ દંપતી તરફથી મેળવી શકાય છે. આટલા માટે જે મુમુક્ષુ સ્ત્રી પુરૂષોની ગૃહસ્થાશ્રમમાં રહીને આ સહજયોગને માર્ગે પરમપદ મેળવવાની ઇચ્છા હોય, તેમને તે પરમકૃપાળુ દંપતીનો આશ્રય ગ્રહણ કરવા લેશ પણ વિલંબ નહિ કરવાને સપ્રેમ પુન પુનઃ વિનવવામા આવે છે. મોક્ષની તીવ્ર ઇચ્છાવાળા અધિકારીએ શ્રીમાન્ દંપતીનો આશ્રય

ગ્રહણ કરીને તેમની આજ્ઞાઓનું દ્રઢતાથી પરિપાલન કરવા સિવાય બીજું કંઇ પણ ખર્ચ કરવાનું નથી. જેથી દરેક મુમુક્ષુ સાધક સજ્જનોને પુનઃ એક વાર વિજ્ઞપ્તિ કરૂં છું કે તેઓ આ અખંડ સુખ આપનારી કીમતી તકનો લાભ લેવા ચૂકશે નહિ.

आमीन्.

પદ.

અગમ અગોચર રૂપ હમેરા, નિરખીને મન મોહ્યારેજી;
ભરમ મરમ તો સર્વે ભાગ્યા, સદ્‌ગુરુ મળીયા પુરારે. અગમ૦ ૧

પંચકોશ નહિ નહિ પ્રાણુને, નહિ મસ્તાના મનવારેજી;
નહિ બુદ્ધિ ને નહિ તત્ત્વ એ સભરા એક સમાનારે. અગમ૦ ૨

મનબુદ્ધિ પહોચે નહિ ત્યાં છે, સ્વરૂપ કેરા વાસારેજી;
દશ દિશ વ્યાપ્યા અણુઅણુમાં, એહી અજબ તમાસારે. અગમ૦ ૩

નહિ મિત્ર ને નહિ કો શત્રુ, સબ હે રૂપ હમેરારેજી;
રવિ શશીને સરિતા સાગર, સબમે હું ભરપુરારે. અગમ૦ ૪

કોણ હમેરી વાત સાભળે, કોને આ જઇ કહીએરેજી;
માને તો મરજાદ મૂકીએ, સહજે છાના રહીએરે. અગમ૦ ૫

ચાલ સખા ! એ દેશ આપણે, અખડ સુખ સોહાગીરેજી,
અનહદ વાજાં વચ્ચે જોને, **सोहं** છે બડ ભાગીરે. અગમ૦ ૬

હું નહિ તું નહિ તે નહિ કોઇએ, જગત નહિ આ દેખુંરેજી;
પ્રેમ રૂપી સાગર જળ પીધુ, એક અનોપમ પેખુરે. અગમ૦ ૭

પ્રેમતણાં સાગર જળ ભરીયાં મરજીવા કો મહાલેરેજી;
અભેદ રસની અજબ ખુમારી, હરદમ એ ગત જાણેરે. અગમ૦ ૮

ધન્ય ગુરુવર બુટી આપની સહજે નાથ સુંધાડીરેજી;
સાચા સંગે રામ રમે છે, શી સુખની બલિહારીરે. અગમ૦ ૯

પ્રાસ્તાવિક શ્લોક.

वध्यस्य चोरस्य यथा पशोर्वा
संप्राप्यमाणस्य पदं वधस्य ।
शनैः शनैरेति मृति समीपं
तथाखिलस्येति कथं प्रमादः ॥

ફાંસીની સજા થયેલા ચોરને અથવા વધ કરવાના સ્થાનકે લઇ જવાતા પશુને મૃત્યુ ધીમે ધીમે નજીક આવતુ જાય છે. તેવીજ રીતે સર્વને મૃત્યુ નજીક આવતું જાય છે. ત્યારે પછી પ્રમાદ કેવી રીતે થાય ?

आपात रम्ये परिणाम दुःखे, सुखे कथ वैषयिके रतोऽसि ।
जडोऽपि कार्यं रचयन् हितार्थी, करोति विद्वन् यदुदर्क तर्कम् ॥

ભોગવતી વખતે માત્ર સુંદર લાગતા પણ પરિણામે દુઃખ દેનારા વિષયસુખમાં તુ કેમ આસક્ત થયો છે ? હે નિપુણ ! પોતાનું હિત ઇચ્છનારા મૂર્ખ પ્રાકૃત માણુસ પણ કાર્યના પરિણામનો તો વિચાર કરેછે.

मा भूरपत्यान्यवलोकमानो मुदाकुलो मोह नृपारिणा यत् ।
चिक्षिप्सया नारकचारकेऽसि दृढं निबद्धो निगडैरमीभिः ॥

તું પુત્રપુત્રીને જોઇને હર્ષઘેલો થા મા, કારણુ કે મોહરાજા નામના તારા શત્રુએ તને નરકરૂપ બંદીખાને નાંખવાની ઇચ્છાથી આ (પુત્રપુત્રીરૂપ) લોઢાની બેડીવડે તને મજબુત બાંધ્યો છે.

निर्भूमिर्विष कंदली गतदरी व्याघ्री निराव्हो महा ।
व्याधिर्मृत्युर कारणश्च ललनाऽनभ्रा च वज्राशनिः ॥
बंधु स्नेह विघातसाहसमृषावादादि संतापभूः ।
प्रत्यक्षापि च राक्षसीति बिरुदैः ख्याताऽऽगमे त्यज्यताम् ॥

(સ્ત્રી) ભૂમિ વગરની (ઉત્પન્ન થયેલી) વિષની વેલડી છે, ગુફા વગરની વાઘણુ છે, નામ વગરનો મોટો વ્યાધિ છે, કારણુ વિનાનું મૃત્યુ છે, આકાશ વગરની વીજળી છે, સગા અથવા ભાઇઓના સ્નેહનો નાશ, સાહસ, મૃષાવાદ વગેરે સંતાપોનું ઉત્પત્તિ સ્થાન છે, અને પ્રત્યક્ષ રાક્ષસી છે;—આવાં આવા ઉપનામો સ્ત્રીઓ માટે આગમમાં આપવામાં આવ્યાં છે. માટે તેને ત્યજી દો.

चेतोऽर्थये मयि चिरन्तनसख्य प्रसीद, ।
किं दुर्विकल्पनिकरैः क्षिपसे भवे माम् ॥
बद्धोऽञ्जलिः कुरु कृपां भज सद्विकल्पान्
मैत्रीं कृतार्थय यतो नरकाद्बिभेमि ॥

હે મન ! મારા લાંબા વખતના મિત્ર ! હું પ્રાર્થના કરૂં છુ કે મારા ઉપર કૃપા કર ! ખરાબ સંકલ્પો કરીને શામાટે મને સંસારમાં નાખે છે ! (તારી પાસે) હું હાથ જોડીને ઉભો રહું છુ, મારા ઉપર કૃપા કર, સારા વિચારો કર, અને આપણી લાંબા વખતની દોસ્તી સફળ કર—કારણ કે હું નરકથી બીહુ છુ.

चित्त बालक मा त्याक्षी रजस्रं भावनौषधीः ।
यत्त्वा दुर्ध्यान भूता न छलयन्ति छलान्विषः ॥

હે ચિત્તરૂપ બાળક ? તું ભાવનારૂપ ઓષધિઓને હમેશા (થોડો વખત પણ) દૂર કરીશ નહિ; જેથી કરીને છળને શોધનારા દુર્ધ્યાનરૂપ ભૂતપિશાચો તને છેતરી શકશે નહિ.

यद्दुर्गामटवीमटंति विकटं क्रामन्ति देशान्तरम्,
गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते ।
सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसंचरम्,
सर्पन्ति प्रधनं धनांधितधियस्तल्लोभाविस्फूर्जितम् ॥

ધનથી અંધ થયેલી બુદ્ધિવાળા પુરૂષો ભયકર અટવીમાં રખડે છે, વિસ્તીર્ણ દેશાતરમાં ભ્રમણ કરે છે, ગહન સમુદ્રમાં અવગાહન કરે છે, બહુ કષ્ટસાધ્ય એવી ખેતી કરે છે, કૃપણ શેઠની નોકરી કરે છે, અને હાથીની ઘટાને લીધે જેમા સંચાર કરવો પણ મૂશ્કેલ છે એવી લડાઇઓમા સંચરે છે. આ સર્વ લોભની ચેષ્ટા જાણવી.

रागद्वेषौ यदि स्यातां, तपसा किं प्रयोजनम् ।
तावेव यदि न स्यातां तपसा किं प्रयोजनम् ॥

જો રાગદ્વેશ હોય તો પછી તપનું શું કામ છે ? તેમજ જો તે ન હોય તો પછી પણ તપનું શુ કામ છે ?

रे चित्त वैरी तव किं नु मयापराद्धं,
यद्दुर्गतौ क्षिपसि माम् कुविकल्प जालैः ।

आनासि मामयमपास्य शिवेऽस्ति गता,
तत्किं न संति तव वासपदं ह्यसंख्याः ॥

હે ચિત્ત વૈરિ ! મેં તે તારો શો અપરાધ કર્યો છે કે તું કુવિકલ્પરૂપી જાળવડે મને બાધીને દુર્ગતિમાં ફેંકી દે છે ? શું તારા મનમાં એમ આવે છે કે આ જીવ મને તજીને મોક્ષમા ચાલ્યો જવાનો છે ? પણુ તારે શુ રહેવાના બીજાં અસંખ્ય સ્થાનકો નથી ?

पुन पुनर्जीव तवोपदिश्यते, बिभेषि दुःखात्सुखमीहसे चेत् ।
कुरुष्व तत्किंचन येन वांछितं, भवेत्तवास्तेऽवसरोयमेवयत् ॥

હે ભાઇ ! અમે તો તને વારવાર કહીએ છીએ કે જો તુ દુખથી બીતો હોય અને સુખની ઇચ્છા રાખતો હોય તો તુ કાઇક એવુ કરકે જેથી વાછિત થઇ જાય, કારણુ કે આ તને પ્રાપ્ત થયેલો અવસર છે (આ તારો વખત છે.)

निःसंगतामेहिसदा तदात्मन्नर्थेष्व शेषेष्वपि साम्यभावात् ।
अवेहि विद्वन् ममतैव मूलं, शुचां सुखानां समतैव चेति ॥

હે આત્મન ! સર્વ પદાર્થો ઉપર સદા સમતાભાવ લાવીને નિઃસંગપણુ પ્રાપ્ત કર. હે વિદ્વન ! તુ જાણી લેજે કે દુખનુ મૃળ મમતાજ છે અને સુખનું મૃળ સમતાજ છે.

यत शुचीन्यप्यशुची भवन्ति,कृम्याकुलात्काक शुनादि भक्ष्यात्
द्रागभाविनोभस्मतयाततोऽगात्मासादिपिंडातस्वहितं गृहाण॥

જે શરીરના સબધથી પવિત્ર વસ્તુઓ પણુ અપવિત્ર થઇ જાય છે, જે કૃમિથી ભરેલુ છે, જે કાગડાકુતરાને ભક્ષણુ કરવાને યોગ્ય છે, જે થોડા વખતમાં રાખ થઇ જવાનું છે, અને જે માંસનોજ પીંડ છે તે શરીરથી તું તારૂં પોતાનું હિત કર.

श्री अ. क. द्रुम.

यावत्स्यात्स्वस्यऽहंकारेण दुरात्मना ।
तावन्न लेशमात्रापि मुक्तिवार्ता विलक्षणा ॥

જ્યા સુધી દુષ્ટ અહંકારની સાથે પોતાને સંબધ હોય ત્યા સુધી મુક્તિની વાત લેશ માત્ર પણુ નથી. કારણુ કે એ વાત જુદા પ્રકારની જ છે.

गुरुकृपयै सुनावा प्राक न भाग्य प्रवृद्ध मारुतया ।
दु सह दु.ख तरङ्ग स्तुङ्ग संसारसागरस्तीर्णः ॥

શ્રી સદ્‌ગુરૂની કૃપારૂપ નાવ કે જેને સહાયભૂત પૂર્વના પુણ્યરૂપ વૃદ્ધિ પામેલો અનુકૂળ વાયુ છે, તે વડે અસહ્ય દુ:ખરૂપી મોજાવાળા સસાર રૂપ મહાસાગરને હું તરી ગયો છું.

श्रीशंकराचार्य

नमस्तस्मै सदैकस्मै कस्मैचिन्महसे नम.
यदेतद्विश्वरूपेण राजते गुरु राजते. ॥

श्रीशंकराचार्य.

જે વિશ્વાકાર પરિણામને પામી શોભે છે તે અવાચ્ય તથા સર્વદા એક રૂપ રહેતા જ્યોતિને નમસ્કાર કરૂં છું, અને હે ગુરરાજ આપને પણ નમું છું.

संपूर्णम् इति.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

રા. રામભાઇ રણછોડભાઈ પટેલ, હેડ માસ્તર મેઇન સ્કૂલ ધોલેરા.

રા. મહાશંકર કાળીદાસ ગોર, અમદાવાદ ધનાસુતારની પોળમા ગુંદીની પોળ.

રા. મનસુખલાલ ભુદરભાઇ પારેખ, પાટડી. તા. વિરમગામ.

રા. ગોવિંદભાઈ રામભાઈ પટેલ, કુહા, તા. દસક્રોઇ.